# આતમનાં ઓરસ



-પ્રતાપભાઈ કોન્ટ્રાક્ટર

7

5BGA2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# આતમનાં ઓસડ

: લેખક :
પ્રતાપ જે. કોન્ટ્રાકટર
"ગુલછડી", ક્રિશ્ચિયન હિલ, મણીનગર (પૂર્વ),
અમદાવાદ ૩૮૦૦૦૮

પ્રકાશક : ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન,
એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬

કિંમત રૂ. ૩–૦૦]   પ્રથમ આવૃત્તિ   [૧૯૮૭

મુદ્રક : કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ,
મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ–૧

"જેઓ સાજા છે, તેઓને વૈદની અગત્ય નથી,
પણ જેઓ માંદા છે, તેઓને છે" (માત્થી ૯ : ૧૨).

"મારા લોકની દીકરીના ઘાને લીધે હું ઘાયલ થયો છું; હું શોક કરું છું; હું ભયભીત થયો છું. ગિલઆદમાં કંઈપણ શેરી લોબાન નથી? ત્યાં કોઈ વૈદ નથી? તો મારા લોકની દીકરીને રૂઝ કેમ નથી આવતી?" (યિર્મે. ૮ : ૨૧–૨૨).

"હે મિસરની કુંવારી દીકરી, તું ગિલઆદ પર ચઢીને શેરી લોબાન લે; તું ઘણાં ઓસડનો ઉપચાર કરશે, પણ એ તો નિરર્થક જશે; તું સાજી થઈશ નહિ."
(યિર્મે. ૪૬ : ૧૧).

## ઈસુ ખ્રિસ્ત, આપણો મહાન વૈદ છે.

"તે તારાં સઘળાં પાપ માફ કરે છે;
અને તારા સર્વ રોગ મટાડે છે.
તે તારો જીવ નાશથી બચાવે છે;
અને તને
કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે."
(ગીત. ૧૦૩ : ૩–૪).

"ખચીત તેણે આપણાં દરદ માથે લીધાં છે, અને આપણાં દુઃખ વેઠયાં છે...... તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે" (યશા. ૫૩ : ૪–૫).

# અર્પણ

જેણે મને પોતાનો હાથ આપ્યો—
મારામાં વિશ્વાસ મૂક્યો અને વીસ વર્ષ સુધી
મારી સહાયકારી રહી, તડકા–છાંયાની ઓથ બની—
મારાં મનન અને લેખન પ્રવૃત્તિમાં
એનું મૂંગુંમૂંગું પ્રોત્સાહન હતું.........
પણ...
ભરજુવાનીમાં ૪૧ વર્ષની વયે જ
તે પ્રભુના ઘેર રહેવા જતી રહી.
ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓ મારે માટે મૂકતી ગઈ,
એ મારી પ્રિય પત્ની દીનકુંવર, જેણે
વૈદકીય સારસંભાળનું અને દવાઓનું જ્ઞાન લીધેલું,
પણ તેની વૈદકીય સેવા બહુ ટૂંકી હતી, તેને
"આતમનાં ઓસડ" પુસ્તક
યાદગીરીમાં સપ્રેમ ભેટ ધરું છું.

— પ્રતાપ જે. કોન્ટ્રાકટર

## પહેલાં આટલું વાંચો...

જગત એ એક અદ્‌ભુત અજાયબી ઘર છે. વાયુચર, જળચર, ખેચર, વનચર, જીવ અને જંતુઓ એવાં હજારો જીવ જનાવર જેનો પાર ન પમાય તેટલાં અને તેવાં, વિવિધ પ્રકારનાં ઘાટ, રૂપ. રંગ... વિવિધ પ્રકારનાં ઝાડપાન, ભાજીપાલા અને વેલા, તેનાં જાતભાતનાં ફૂલ-ફળ અને તેમનાં રૂપ, રંગ, મહેક અને સ્વાદ; વિશેષમાં એ સર્વની ઉપયોગિતા...વનવગડા, જળસ્થળ, નદીનાળાં, પહાડ પર્વતો, ખીણો, કોતર એ બધી કુદરતની કરામત અગમ્ય છે ..

વળી એ સર્વ ઉપરાંત આ બધાંનો ઉપભોગ કરનાર અને એ સર્વ ઉપર અમલ ચલાવનાર માનવીને બનાવી ઈશ્વરે સર્જનની પરાકાષ્ઠા દેખાડી છે. ભૂમિ અને વાતાવરણ પ્રમાણે માણસના જુદા જુદા રંગ, કદ, રૂપ, દેખાવ, તેમ જ તરેહતરેહની રહેણી-કરણી. અનેક જાતની ભિન્ન ભિન્ન ભાષા-બોલી-પહેરવેશ. બધાં માટે ઠરાવેલી ઋતુ અને મુદ્દત. આ શું સર્વ હેરત પમાડે તેવાં નથી ?

સાચે જ જગત, વિસ્મય પમાડે તેવા પ્રદર્શનનો ભવ્ય મેળો છે. માણસ તેના આખા આયુષ્યમાં તેનો પાર પામી શકે નહિ. જેને આ જગત સમજાય એ જ અલબેલો ગણાય.

આવું જ્ઞાન સૌને હેરત પમાડે તેવું છે. તેથી જ જગત ઉત્પન થયું ત્યારથી આજ દિન સુધી માણસજાત આ અગાધ જ્ઞાનને માપવા-જાણવા અને સમજવા, તેનું સંશોધન કરવા મથી જ રહ્યાં છે; પણ માનવી જ્ઞાન તેનો પાર પામી શકતું જ નથી ( અયૂબ ૧૫ : ૮; ૩૮ : ૩૬-૩૭ ) આવા અદ્‌ભુત્ત અને અગમ્ય જગતને તથા તેમાંનાં સર્વસ્વને બનાવનાર મહાન પ્રભુ પ્રરમેશ્વરને માન, મહિમા, ગૌરવ અને સામર્થ્ય સર્વકાળ હોજો.

ઉત્પત્તિના આવા પ્રભુની આણ સ્વીકારવી, તેનો ભય રાખવો એ જ જ્ઞાનનું ઉદ્‌ભવસ્થાન છે. ત્યાંથી જ તેની શરૂઆત છે. મનુષ્યને જગત અને તેનાં વાનાંઓ ઉપર અમલ ચલાવવા ઈશ્વરે બનાવ્યું. તેને અગમ્ય જ્ઞાન અને બુદ્ધિ આપ્યાં (ઉત્પત્તિ ૨ : ૧૯-૨૦).

પરંતુ આજે આપણે એટલાં શક્તિહીન અને પ્રભાવ વગરનાં બન્યાં છીએ કે આપણને વિસાત વગરની ઊંદરડીની પણ બીક લાગે છે. તેથી જ હોશિયા પ્રબોધકે ઠીક શબ્દોમાં કહ્યું છે કે "મારા લોક જ્ઞાનના અભાવે નાશ પામે છે." (૪:૬) માણસ વિજ્ઞાનમાં ગમે તેટલો આગળ વધે કે તે ચંદ્રલોક ઉપર પણ જાય, પણ એ બધાં જ્ઞાનમાં વિનાશનો સંકેત સમાયેલો છે, કેમ કે માનવીના ગર્વે ઈશ્વરના જ્ઞાનથી તેને અવળું દોર્યું છે (ઓબાદ્યાહ ૩–૪).

જગતના અધિક જ્ઞાને માનવીને ઘેલું કર્યું છે, વિનાશ માર્ગે વાળ્યું છે (રૂમી. ૧:૨૨, ૨૮). વળી દેવની વાતોનો પણ અજ્ઞાન તથા અસ્થિર માણસો પોતાના નાશને માટે મારીમચરડીને અવળો અર્થ કરે છે (૨ પીતર ૩:૧૧). માણસના જીવનની આ પરિસ્થિતિ બહુ વિષમ અને વિકટ છે. ત્યારે તેનો એક માત્ર ઉપાય તે ઈસુ ખ્રિસ્તની સુવાર્તા. આ એક જ સુવાર્તા એવી છે જે આખા મનુષ્યને બદલીને નવો બનાવી શકે છે. આખો મનુષ્યને એટલે કે આત્મા, શરીર અને પ્રાણ.

ઈસુ ખ્રિસ્ત જ્ઞાનમાં તથા કદમાં ને દેવની અને માણસોની પ્રસન્નતામાં વધતો ગયો (લૂક ૨:૫૨). સંત પાઉલની પ્રાર્થના પણ એવી જ છે કે આત્મા, શરીર અને પ્રાણ નિર્દોષ રાખવામાં આવે (૧ થેસ્સા. ૫:૨૩). એ જ સંપૂર્ણ તારણ છે. તારણ એ એકલા આત્માનું જ નથી, પણ એ આખા મનુષ્યત્વનું રૂપાંતર છે.

આવું રૂપાંતર પ્રાપ્ત કરવા આત્માનાં ઓસડની જરૂર છે. આ ઓસડ, ઈશ્વરનાં વચનોનું જ્ઞાન અને વિશ્વાસ છે. આ જ્ઞાન, ઉપરથી જ પ્રાપ્ત થાય છે. ને "પ્રથમ તો નિર્મળ, પછી સલાહ કરાવનારું, નમ્ર, સહેજે સમજે એવું, દયાથી તથા સારાં ફળોથી ભરપૂર, નિષ્પક્ષપાત તથા દોષ રહિત છે" (યાકૂબ ૩:૧૭). "જે દ્વારા નવું માણસપણું તેના ઉત્પન્ન કરનારની પ્રતિમા પ્રમાણે નવું કરાતું જાય છે" તે એ છે (કોલોસી. ૩:૧૦). ઈશ્વરનાં વચનો આત્માનાં

ઓસડ છે. તે આત્માને તાજો કરે છે. દેહને તેજસ્વી બનાવે છે, પ્રાણને સલામત રાખે છે.

શું, આવું અદ્દભુત જ્ઞાન મેળવવા માટે તમારી, ઈચ્છા છે ? તો સમય બગાડશો નહિ; કેમ કે દહાડા ભૂંડા છે. અને "જુઓ, એવો સમય આવે છે, કે જ્યારે દુકાળ પડશે. અન્ન કે પાણીનો દુકાળ નહિ, પણ ઈશ્વરનાં વચન–જ્ઞાનનો દુકાળ પડશે. ત્યારે બહુ ભૂંડી દશા થશે. બાળકો, વૃદ્ધો, જુવાનો સર્વ દોડાદોડ કરશે. જ્ઞાન માટે દેશદેશાવર ભટકશે, વલખાં મારશે. થાકશે, હાંફશે, પણ તેઓને એ વચનો–જ્ઞાન મળશે જ નહિ. તેઓને મૂર્છા આવશે, પડશે અને પાછાં ઊઠી શકશે નહિ" ( આમોસ ૮ : ૧૧–૧૪ ).

આવી ભયંકર ચેતવણી પછી હવે સમય બગાડવો ઉચિત નથી. ઈશ્વરનાં પવિત્ર વચનો–બાઇબલ ઉઘાડો, વાંચો, શીખો, '**આતમનાં ઓસડ**' લો તે મદદરૂપ અને ફાયદાકારક નીવડશે. એ માટે હું મારા પ્રભુમાં આનંદ કરીશ.

૧૯૮૪ના ઑક્ટોબર માસની ૨૮મી ના રોજ સાંજે હું અમેરિકાના ન્યૂયોર્કમાં ઊતર્યો. ઠંડી શરૂ થઈ. અગાઉનાં ઘણાં વર્ષો કરતાં આ વર્ષની ઠંડી, અહીંનાં ટેવાયેલાં માટે પણ બહુ સખત હતી હું તો ઠરી જ ગયો. ખાવું અને ઊંઘવું એ જ પ્રવૃત્તિ બની. થાકી ગયો ત્યારે ઈશ્વરનાં વચનોએ મને બળ આપ્યું. ઈશ્વરનાં વચનો વાંચતો ગયો, મનન અને પ્રભુ પાસે માંગતાં, જેવું અને જેટલું આવડયું તે લખતો ગયો. મારા શરીર, પ્રાણ અને આત્મામાં તાજગી આવતી ગઈ. આત્માના એ ઓસડરૂપ બન્યાં...મારી આશા, વિશ્વાસ અને પ્રાર્થના છે, વાંચનાર મિત્રોને પણ '**આતમનાં ઓસડ**' તાજગી આપશે જ આમેન

મારાં પુસ્તકોના પ્રકાશન માટે ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટીનો આભારી છું.

ન્યૂયોર્ક
એપ્રિલ ૨૮, ૧૯૮૫

પ્ર. જે. કોન્ટ્રાક્ટર

# વિષયક્રમ


| | | |
|---|---|---|
| ૧ | આધ્યાત્મિક વિદ્યાપીઠ | ૯ |
| ૨ | પવિત્ર શાસ્ત્ર – બાઇબલ | ૬ |
| ૩ | ઈશ્વર | ૧૦ |
| ૪ | ઈસુ | ૧૨ |
| ૫ | પવિત્ર આત્મા | ૧૭ |
| ૬ | પશ્ચાત્તાપ | ૨૩ |
| ૭ | તારણ – મોક્ષ | ૨૯ |
| ૮ | પાણીથી બાપ્તિસ્મા | ૩૪ |
| ૯ | પવિત્ર આત્માનું દાન | ૩૯ |
| ૧૦ | પ્રભુભોજન | ૫૩ |
| ૧૧ | દૈવી સાજાપણું | ૬૩ |
| ૧૨ | પુનરુત્થાન | ૬૭ |
| ૧૩ | વિશ્વાસ (Faith) | ૭૪ |
| ૧૪ | આશા (Hope) | ૭૮ |
| ૧૫ | પ્રીતિ–પ્રેમ (Love) | ૮૧ |
| ૧૬ | દેવની ઇચ્છા | ૮૫ |
| ૧૭ | શક્તિશાળી પ્રાર્થના | ૯૧ |
| ૧૮ | પાપ (Sin) | ૯૫ |
| ૧૯ | ઈશ્વરનું મંદિર | ૧૦૪ |
| ૨૦ | ખ્રિસ્તી મંડળી અને મર્મ | ૧૧૩ |
| ૨૧ | ખ્રિસ્તીઓના તહેવારો અને રીતરસમ | ૧૧૮ |

# ૧. આધ્યાત્મિક વિદ્યાપીઠ–Divine College

"જ્ઞાન મેળવ, બુદ્ધિ સંપાદન કર" (નીતિ. ૪:૫). જ્ઞાન ઉપરનું છે. ઈશ્વરે સૃષ્ટિક્રમના આરંભમાં તેનાં આદિ કૃત્યોની અગાઉ આ જ્ઞાન ઉત્પન્ન કર્યું હતું (નીતિ. ૮:૧૨). આ ઈશ્વરનું જ્ઞાન છે. ઈશ્વર પોતે સર્વ જ્ઞાની છે. તેણે આ જ્ઞાન મનુષ્ય માટે પણ રાખ્યું છે. પ્રત્યેક માણસને આ ઉપરનું જ્ઞાન પ્રાપ્ત થાય માટે ઈશ્વરે પોતાની કૃતિઓમાં આ જ્ઞાન પ્રદીપ્ત કર્યું છે. "આકાશો દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે. અંતરિક્ષ તેના હાથનું કામ દર્શાવે છે...વચન નથી અને શબ્દો પણ નથી; પણ દહાડો તથા રાત તેનું જ્ઞાન પ્રગટ કરે છે." સૂર્ય, ચંદ્ર તથા તારા, ઝાડપાન ફળફૂલ, નદીનાળાં, સાગર, પર્વત, એ સર્વ ઈશ્વરના પાઠો આપણા જ્ઞાન માટે છે. ઈશ્વરનાં વચનો–સાક્ષી અને વિધિઓ મનુષ્યના આત્માની તાજગી માટેનાં છે. માનવી પોતાના પાપમય જીવનના મહાપાતકમાંથી બચી જાય માટે એ ઈશ્વરી જ્ઞાન છે. ગીત. ૧૯ વાંચો. તેમ જ ગીત. ૧૪૮ કેવાં અદ્ભુત કાવ્યો છે!

"કેમ કે ઈશ્વરના અદૃશ્ય ગુણો, એટલે તેનું સનાતન પરાક્રમ અને દેવત્વ, જગત ઉત્પન્ન થયુ ત્યારથી સૃજેલી વસ્તુઓના નિરીક્ષણથી સ્પષ્ટ જણાય છે; તેથી કોઈપણ માણસ બહાનું કાઢી શકે તેમ નથી" (રૂમી. ૧:૨૦). આ જ્ઞાનનું મૂલ્ય બહુ મોટું છે.

બુદ્ધિ એ પૃથ્વી પરનું જ્ઞાન અગર સમજણ છે. પૃથ્વી પરના જીવન–વ્યવહાર, ધંધા–રોજગાર, નોકરી તથા તેની વ્યવસ્થા અને ઉપભોગ માટે બુદ્ધિ હોવી જરૂરની છે. બુદ્ધિ એ વિજ્ઞાન છે. વિજ્ઞાન (Sciences) ને ઉપરના ઈશ્વરી જ્ઞાનથી અંકુશિત ન રખાય તો તે નુકસાનકારક પણ બને. "અમે જ્ઞાની છીએ એવો દાવો કરતાં તેઓ

મૂર્ખ બન્યા, તેઓએ અવિનાશી ઈશ્વરના મહિમાને બદલે નાશવંત માણસ, પક્ષી તથા ચોપગાં અને પેટે ચાલનારાં પ્રાણીઓના આકારની મૂર્તિઓ બનાવી......દેવના સત્યને બદલે અસત્ય સ્વીકાર્યું ...... ઈશ્વરની ભક્તિ ન કરતાં ઉત્પન્ન કરેલાંની ભક્તિ તથા ઉપાસના કરી" (રૂમી. ૧ : ૧૮-૩૨).

જગતની બુદ્ધિ-વિજ્ઞાન એ કેવાં કુમાર્ગે વળ્યાં છે! વિનાશ તરફ ધસમસતાં દોટ મૂકી છે. "દેવનું જ્ઞાન મનમાં રાખવાનું તેઓને ગમ્યું નહિ, માટે જે ઉચિત નથી તેવાં વાનાં અને કામો તરફ આજનું બુદ્ધિમાન જગત દોડ્યું છે. આજની શાળાઓ, કૉલેજો અને શિક્ષ વિદ્યાલયો બધાં જ ભૌતિક જ્ઞાન તરફ વળ્યાં છે. દરેક માણસ પોતાની નજરમાં જે ઠીક લાગતું તે કરે છે." ઈશ્વર કહે છે કે, "મારા લોક જ્ઞાનના અભાવે નાશ પામે છે." યાજકો લોકનાં પાપ પર પોતાનો નિર્વાહ કરે છે; અને અન્યાય કરવામાં પોતાનું ચિત્ત પરોવે છે (હોશીઆ ૪ : ૬, ૮).

ત્યારે હવે ઉપાય શો? ઈશ્વરનો દરેક સાચો ભક્ત-સેવક જગતની-દેશની-પોતાના લોકની આવી પરિસ્થિતિથી ઘાયલ થાય છે. શોક કરે છે. ભયભીત થાય છે; અને અહીં પોકારે છે કે, "શું ગિલઆદમાં કંઇ પણ શેરી લોબાન નથી? ત્યાં કોઈ વૈદ નથી? મારા લોકને રૂઝ કેમ નથી આવી?" (યિર્મ. ૮ : ૨૨).

મિત્રો, શેરી લોબાન અને ગિલઆદનો બામ, આપણા મહાન વૈદ ઈસુ ખ્રિસ્ત પાસે છે. જુઓ, પોતાના પંડનું બલિદાન આપીને તેણે આપણું તારણ સિદ્ધ કર્યું છે. પાપ અને મરણની જંજીરો તોડી નાખી પુનરુત્થાન પામેલો, આપણો વિજેતા જેતૂન પહાડ ઉપર ઊભો છે. તે દશ હજારમાં શિરોમણી છે. તે કહે છે, "અહીં ઉપર આવ...અને પર્વતો પરથી જો" (પ્રકટી. ૪ : ૨; ગા. ગી. ૪ : ૮).

આપણો ખંડી લેનાર જીવતો છે. તે આપણને બોલાવે છે. કેમ કે

તે આપણને ચાહે છે. શું આ આનંદની વધામણી નથી? યરૂશાલેમમાં મહામોટું પર્વ ઉજવાતું હતું. અગણિત સમુદાય આનંદ-ધમાચકડી અને ભરભરાટી જામી હતી; ત્યારે ઈસુએ ઘાંટો પાડીને જાહેર કર્યું કે "જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ." જે પીશે તેને કદી તરસ લાગશે નહિ. "તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે" (યોહાન ૭: ૩૭-૩૮).

આવો, તે બોલાવે છે. જે બીજા કોઈની પાસે નથી, તે અનંતજીવનની વાતો તેની જ પાસે છે. મનુષ્યજીવનના સઘળા પ્રશ્નોના ઉકેલ અને જવાબ તેના એકલા પાસે છે. તે તમારો શિક્ષક બનવા માગે છે-તેની શાળામાં તમે જોડાઓ.

## 'અનંતજીવન વિશ્વવિદ્યાલય'

આ વિશ્વવિદ્યાલયના મૂળ સંચાલક-માલિક તે સનાતન ઈશ્વર-પ્રભુ પોતે છે. તે અનાદ્યન્ત ગૌરવી પરમેશ્વર છે.

આ સંસ્થાના પ્રિન્સિપાલ-મુખ્ય વડા તરીકે નાઝરેથનો ઈસુ ખ્રિસ્ત છે. તેની શૈક્ષણિક લાયકાત-કદી પણ શીખ્યો નથી (યોહાન ૭: ૧૫). પણ ભાલદારોએ કહ્યું "એના જેવું કદી કોઈ માણસ બોલ્યું નથી" (યોહાન ૭: ૪૬). "મંદિરમાં ધર્મગુરુઓની વચ્ચમાં બેઠેલો, તેઓનું સાંભળતો તથા તેઓને સવાલો પૂછતો દીઠો. જેઓએ તેનું સાંભળ્યું તેઓ બધા તેની બુદ્ધિથી તથા તેના ઉત્તરોથી વિસ્મિત થયા" (લૂક ૨: ૪૬-૪૭). બધાએ તેને વિષે સાક્ષી આપી, અને તેના મોંમાંથી જે કૃપાની વાતો નીકળી તેનાથી તેઓ અચરત થયા." (લૂક ૪: ૨૨) સૃષ્ટિક્રમના આરંભમાં તેના આદિ કૃત્યોની અગાઉ જે જ્ઞાન હતું એ જ શબ્દ ઈસુ પોતે હતો.

મુખ્ય પ્રાધ્યાપક—પવિત્ર આત્મા એ મુખ્ય અને પ્રથમ પ્રાધ્યાપક છે. ત્રિએક ઈશ્વરમાંનો એક દેવ-સંબોધક-સત્યનો આત્મા જે જગતનાં મંડાણથી અંત સુધીના સઘળાં સત્યો તથા આવનાર યુગોના

મર્મો અને સ્વર્ગનાં સંદર્શનોના વિગતવાર ખુલાસા કરી બતાવનાર તે એક જ છે. "જેને જગત પામી શકતું નથી, અને ઓળખતું પણ નથી" (યોહાન ૧૪: ૧૬–૧૭). આ ઉપરાંત બીજા ચાળીસ અધ્યાપકો જેઓ પરમ પવિત્ર પરમેશ્વરની સમક્ષતામાં શિખવાયેલા એવા નિપુણ.

**પાઠશાળાનો અભ્યાસ અને વિદ્યાશાખાઓ......**

પવિત્રશાસ્ત્ર–બાઈબલ તેનાં છાસઠ પુસ્તકો...ઉપરના બાધ વગર બાળકોથી માંડીને વૃદ્ધો મરણના છેલ્લા દિવસ સુધી અભ્યાસ કરી શકે.

**વિદ્યાર્થીની પ્રવેશ લાકાત......**નવો જન્મ પામેલ દરેક સ્ત્રી કે પુરુષ ઉમરના બાધ વગર, ગમે ત્યારે ગમે તે દિવસથી દાખલ થવાય. પ્રવેશ મેળવવાની કોઈ તકલીફ પડશે નહિ.

**મહાવિદ્યાલયનું સ્થળ......**સર્વત્ર, જગતના છેડાઓ સુધી પથરાયેલ છે. તમારા પોતાના ઘરમાં પણ અભ્યાસ કરાવાશે (લૂક ૧૦ : ૩૮). તમારી પોતાની ભાષામાં શીખી શકશો. સમય તમારો પોતાનો, દિવસ કે રાત્રે, ચોવીસ કલાકમાં ગમે ત્યારે.

**શૈક્ષણિક ફી—**આટલી બધી પ્રખ્યાત અને ઉત્તમ પાઠશાળા તથા બધી જ સગવડતા અને સુગમતા માટે બહુ મોટી ફી રખાઇ છે. મફત...મફત...માત્ર તમારી મરજી–ઇચ્છા અને સમય.

**પાઠશાળાનું પ્રમાણપત્ર...**આ મહા વિશ્વવિદ્યાલય તેના અભ્યાસક્રમ દરમ્યાન કે પછી કોઇ પણ પ્રકારની ડિગ્રી અગર પ્રમાણ પત્ર એનાયત કરાતાં નથી. તમે ન કલ્પી શકો તેવું કંઈક આ અભ્યાસક્રમ દ્વારા તમને પ્રાપ્ત થશે. જાણો છો શું? તમારા માથાને શોભાનો શણગાર અને તેજસ્વી મુગટ પહેરાવાશે (નીતિ. ૪ : ૯).

**વિદ્યાર્થીઓની નામાવલી...**આ મહાવિદ્યાલયમાં ભણેલાં

વિદ્યાર્થીઓની મુબારક નામાવલી જુઓ અને વાંચો. જાણે આભના ચમકતા તારા ( હેબ્રી. ૧૧ ).

હાબેલ, દેવને પસંદ પડે તેવા અર્પણનો પ્રણેતા.

હનોખ, દેવની સંઘાતે ચાલ્યો અને આકાશમાં ચઢી ગયો.

નૂહ, પ્રથમ વહાણ બનાવનાર...દેવની આગળ ન્યાયી.

ઈબ્રાહીમ, ત્યાગ અને વિશ્વાસનો પિતા.

ઈસ્હાક, વિદ્વાન વિચારક

યાકૂબ, ઇસ્રાએલનાં બાર કુળનો પિતા.

યૂસફ, કામવાસનાને જીતનાર જુવાન.

મુસા, ઇસ્રાએલીઓને ગુલામીમાંથી છોડાવનાર.

યહોશુઆ, ઈસ્રાએલીઓને વતનમાં પહોંચાડનાર.

શમૂએલ, દેવનો સેવક

દાઉદ, ઈશ્વરનો ભક્ત—ગીતકર્તા

સુલેમાન, વૈભવી અને મહાજ્ઞાની.

એલીયાહ, એલીશા, યિર્મેયાહ, હઝકીએલ, એ દેવના નિમાયેલા મહાન પ્રબોધકો અને વચનના ચોકીદારો હતા.

દાનિયેલ, શાદ્રાખ, મેશાખ, અબેદ-નગો, ઇશ્વરના અડગ શૂરવીરો જાન કુરબાનીમાં બેનમૂન એવા જુવાન.

એઝરા, નહેમ્યાહ, હોશિયા, મિખાહ, યોએલ, માલાખી, ધર્મ અને દેશદાઝના ભેખધારીઓ હતા.

યોહાન બાપ્તિસ્મી, માનવજાતમાં અજોડ.

માત્થી, માર્ક, લૂક વૈદ, યાકૂબ, યોહાન, પીત્તર, પાઉલ, સીલાસ, બાર્નાબાસ, તીમોથી, તીતસ, ફિલેમોન, અને અન્ય ઘણા, તેઓ સર્વ ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનના મશાલધારીઓ હતા.

સારાહ, રિબકાહ, દબોરાહ, રૂથ, હાન્નાહ, એસ્તર, એલીસાબેત, મરિયમ, મરિયમ માગ્દાલેણ, યોહાન્ના, યાકૂબની મા મરિયમ, મરિયમ

એથાની, સાલોમી, સુસાન્ના, દરકાસ, પ્રિસ્કા, ત્રુનેફે, લોઇસ, અને બીજી ઘણી સ્ત્રીઓનાં આદર્શ નમૂના દીવા સમાન છે.

ઉપરોક્ત સર્વ આ મહાવિદ્યાલયમાં ભણેલાં અને ઉત્તીર્ણ થઈ જગતનાં માર્ગદર્શક ચિહ્નો બન્યાં છે. આજે તમને પણ ઉત્તેજન આપે છે. તમારા જીવનની સફળતા અને સ્વર્ગીય અનંતજીવનનાં હકકદાર ભાગીદારો બનવા, આવો અને શીખો. પ્રભુ ઈસુ તમને ચાહે છે અને તે તમને બોલાવે છે.

## ૨ પવિત્રશાસ્ત્ર-બાઇબલ

જગતનું સૌથી પુરાતન પુસ્તક બાઇબલ છે. આ પુસ્તક બે વિભાગમાં છે. જૂનો કરાર અને નવો કરાર. જૂના કરારમાં ૩૯ પુસ્તકોનો સમાવેશ છે. તેના ૩૨ જુદા જુદા લેખકો છે, નવા કરારમાં ૨૭ પુસ્તકો અને તેના ૮ લેખકોથી લખાયેલાં છે. બન્ને વિભાગોનો સમય સેંકડો વર્ષોનો છે; પરંતુ બધાં પુસ્તકો અને લેખકોનો વિષય અને વિચાર એક જ છે. બન્ને વિભાગમાં ઈસુ ખ્રિસ્ત કેન્દ્રસ્થાને છે. જૂનો કરાર ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાનાં ભવિષ્યકથનો અને નિશાનીઓથી ભરપૂર છે, જ્યારે નવો કરાર ઈસુ ખ્રિસ્તની પ્રત્યક્ષતા અને કામગીરી તથા તેના અંગેના ભવિષ્યકથનોના પુરાવાના પ્રમાણભૂત છે.

પતિત માનવજીવન અને તેમનાં તારણ-ઉદ્ધારની રીત અને યોજના તથા ઈશ્વર અને માનવજાત વચ્ચેના સંબંધ અને કરારનો આ દસ્તાવેજ છે.

જગતનું સૌથી પુરાતન પુસ્તક જેના પર કાળો અને યુગોનાં વહાણાં વીતી ગયાં; વળી બદલાતી સંસ્કૃતિ અને માનવીના રંગઢંગનાં પ્રહારો થતા આવ્યા; પરંતુ આજ સુધી તેમાં લેશમાત્ર પણ ફરક પડ્યો નથી. જગત બદલાતું રહ્યું; માનવજાતનાં રૂપ અને રંગ

ફરવાતી ગઈ. રાજ્યો અને પ્રજાઓ બદલાઈ ગયાં, ભૂંસાઈ ગયાં પરંતુ પવિત્રશાસ્ત્ર–ઈશ્વરનાં વચનો બદલાયાં વગરનાં જ જેવાં ને તેવાં જ અવિચળ રહ્યાં છે (માત્થી ૫ : ૧૮; યશા. ૪૦ : ૮).

આ મહાન પુસ્તકના લેખકોએ પોતાના મનથી વિચાર અને જ્ઞાન વડે આ વચનો લખ્યાં નથી, પણ સનાતન ઈશ્વરની યોજના અને પ્રેરણા મુજબ જ લખાયાં છે (૨ તીમોથી ૩ : ૧૬; ૨ પીતર ૧ : ૨૦).

આ વચનો મનુષ્યજીવનના પરિવર્તન માટે જ આપવામાં આવ્યાં છે. એ દ્વારા બોધ, નિષેધ, સુધારો અને ન્યાયીપણાનું શિક્ષણ પ્રાપ્ત થાય છે. તેમ જ ઉત્તમ માનવજીવન બને છે (૨ તીમોથી ૩ : ૧૬–૧૭; હેબ્રી. ૪ : ૧૨).

આ વચનો પ્રત્યેક માનવીની આબાદી અને ફતેહ માટે આપાયાં છે (યહોશુઆ ૧ : ૮).

માનવીને પાપનું ભાન કરાવનાર વચનો છે (હેબ્રી. ૪ : ૧૨).

પાપથી ફેરવનાર વચનો... (હેબ્રી. ૨ : ૩).

કદી નિષ્ફળ નહિ એવાં કાર્યસાધક છે (યશા. ૫૫ : ૯–૧૩; માત્થી ૫ : ૧૮).

નીરોગી તથા જુવાની તાજી રાખનાર (ગીત. ૧૦૩ : ૩).

આ વચનો આયુષ્યવર્ધક છે (ગીત. ૯૧ : ૧૬; નીતિ. ૪ : ૧૦).

ઉપરોક્ત વચનો ઈશ્વરનાં છે. ઈશ્વર પોતાનાં વચનોમાંથી કદી ચલિત થતો નથી (યશા. ૫૪ : ૧૦). આ ઈશ્વરનાં વચનો છે એવું સમર્થન પવિત્રશાસ્ત્રમાં લગભગ ૨૫૦૦ વાર કરવામાં આવ્યું છે. આ અમૂલ્ય વચનો દ્વારા ઈશ્વર મનુષ્ય સાથે વાત કરે છે. પ્રેરણા આપે છે. પ્રાર્થના દ્વારા મનુષ્ય ઈશ્વર સાથે વાત કરે છે. ઈશ્વરનાં વચનો અને મનુષ્યની પ્રાર્થના એ બંન્ને મનુષ્યજીવનના તારણ–મોક્ષ માટે અતિ અગત્યનાં સાધન છે.

હવે મારા અંગત જીવનના વિકાસ માટે ઈશ્વરનાં વચનોના અભ્યાસ અને મનન છતાં કંઈક ખૂટતું-બાકી રહેતું હોય એમ મન મૂંઝાતું હતું અને વારંવાર મન પૂછતું કે આ મહાન જીવનના પુસ્તકનું નામ બાઈબલ (Bible) કેમ રખાયું હશે ?......

પુસ્તકો વાંચવાથી અને કેટલાક વિદ્વાન મિત્રોથી જાણવા મળેલું કે (Bible) શબ્દ મૂળ ગ્રીક ભાષામાંથી આવેલો છે. (Biblo) બીબ્લો જેનો અર્થ પુસ્તકોનો સંગ્રહ (Collection of books). પવિત્ર-શાસ્ત્રમાં પણ ૬૬ પુસ્તકોનો સમાવેશ છે, તેથી તેનું આ નામ રખાયું. વખત જતાં અંગ્રેજીમાં Bible થયું. આમ છતાં પણ મારા મનને સંતોષ લાગતો નહિ.......

એક રાત્રે આ જ વિચાર કરતાં, કૌટુંબિક પ્રાર્થના કરી સૌ સૂઈ ગયાં. રાત્રે ઊંઘમાં મેં એક વાક્ય વાંચ્યું અને તે આ હતું. "Behold it brings life eternal" સવારમાં ઊઠયો. અંગત પ્રાર્થના કરી-તરત જ એક ચબરકી પર આ વાક્ય લખી લીધું. મોં સાફ કરી પરવારી સવારની કૌટુંબિક પ્રાર્થના કરી. બાઇબલ મારા હાથમાં હતું, તેમાં ચબરકી હતી અને ત્યારે જ એક ખુલાસો દેખાયો. જે પાંચ શબ્દોનું વાક્ય હતું, તે શબ્દોના પ્રથમ અક્ષરોનું સંકલન એટલે Bible = Behold it brings life eternal. અનંતજીવન આપનાર આ પુસ્તક છે. ઈશ્વરનાં આ વચનો જીવનના અધિકારીને પ્રગટ કરે છે. "આદિએ શબ્દ હતો, અને શબ્દ ઈશ્વરની સંઘાતે હતો; અને શબ્દ ઈશ્વર હતો......તેનામાં જીવન હતું, તે જીવન માણસોનું અજવાળું. હતું......જેટલાંએ તેનો અંગીકાર કર્યો, તેટલાંને તેણે ઈશ્વરનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો" (યોહાન ૧ : ૧-૧૮).

આ શબ્દ એ જ ઈસુ ખ્રિસ્ત હતો. "જુઓ, દેવનું હલવાન, કે જે જગતનું પાપ હરણ કરે છે" (યોહાન ૧:૨૯). કેટલી હિંમતથી

અને અધિકારયુક્ત રીતે તે પોતાને પ્રગટ કરે છે"...

"ખોવાયેલું શોધવા તથા તારવા હું આવ્યો છું" (લૂક ૧૯:૧૦).

"તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું" (યોહાન ૧૦:૧૦).

"જીવનની રોટલી હું છું" (યોહાન ૬:૩૫).

"જગતનું અજવાળું હું છું" (યોહાન ૮:૧૨).

"માર્ગ તથા સત્ય તથા જીવન હું છું" (યોહાન ૧૪:૬).

"પુનરૂત્થાન તથા જીવન હું છું" (યોહાન ૧૧:૨૫).

"હિંમત રાખો; જગતને મેં જીત્યું છે" (યોહાન ૧૬:૩૩).

"મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી" (યોહાન ૧૫:૫).

કેટલી હિંમત! કેવી મહાન ખાતરી!

અન્ય સર્વ ધર્મો–પંથ–સંપ્રદાયો, તેમનાં સર્વ શાસ્ત્રો અને દેવો માનવી, ઈશ્વરને શોધે અને પ્રાપ્ત કરે, માટે રીત અને રસ્તા બતાવે છે, પણ કોઈ સંઘાત કરતું નથી. આંધળાને એકલો રસ્તો બતાવેલો શા કામનો?

એક જ બાઇબલ દ્વારા ઈશ્વર પોતે, ખોવાયેલા માનવીને શોધવા આવે છે. (યોહાન ૩:૧૬; લૂક ૧૯:૧૦; માત્થી ૯:૧૩)

"કેવો અદ્દભુત ભંડાર આ,
દેવનું અવાચ્ય દાન આ,
બન્ને સાથે ફરીશું.
મારું બાઇબલ ને હું......"

**"The best book to read is the Bible (2)**
**If you read it every day**
**It will help you on your way,**
**Oh, the best book to read is the Bible."**

## ૩. ઈશ્વર–God

આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં (ઉત્પત્તિ ૧:૧)–આકાશ તથા પૃથ્વી અને તેમાં જે કંઈ છે તે સર્વનો ઉત્પન્ન કરનાર બનાવનાર એક જ ઈશ્વર છે. એટલે કે

ઈશ્વર કર્તા છે, જગત કૃતિ છે. જીવકૃતિ પોતાના કર્તાને ઓળખે એ જરૂરનું છે. કૃતિની ગુણવત્તા–કિંમત પણ તેથી અંકાય છે. માટે પણ જરૂરી છે કે કૃતિ પોતાના કર્તાને પ્રગટ કરે. એ સારુ પોતાના સર્જનહાર ઈશ્વરને જાણવો–ઓળખવો એ અતિ અગત્યનું છે...... પરંતુ

"ઈશ્વરને કદી કોઈ, માણસે દીઠો નથી" (યોહાન ૧:૧૮; ૧ યોહાન ૪:૧૨). જેને કદી જુએ નહિ, તેને ઓળખે પણ કયાંથી? તેના વિષે જાણે પણ કયાંથી? તેના પર વિશ્વાસ અગર પ્રેમ કેવી રીતે થાય? "બળદ પોતાના માલિકને ઓળખે છે, અને ગધેડા પોતાની ગભાણ જાણે છે" (યશા. ૧:૩; ૪૩:૨૦).

એટલે જ માનવજાતની મૂંઝવણ ટાળવા અને અણદીઠ ઈશ્વરને પ્રગટ કરવા ઈસુ ખ્રિસ્તને મનુષ્યરૂપમાં પ્રગટ થવું પડ્યું. તેનામાં ઈશ્વરનો મહિમા હતો (યોહાન ૧:૧૪). એ જ ઈશ્વર હતો. (યોહાન ૧૦:૩૦). ઈસુના શિષ્ય ફિલિપે ઈસુને કહ્યું કે "અમને બાપ (ઈશ્વર) દેખાડ, એટલે અમારે બસ છે" ત્યારે ઈસુએ તેને કહ્યું કે: "જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે" (યોહાન ૧૪:૮–૧૦).

ઈશ્વર, અનાદ્યન્ત છે. તેની ઉત્પતિ અગર અંત છે જ નહિ. તે સાર્વકાલિક છે. તે નિરાકાર, નિરંજન અને અણદીઠ છે. તે સર્વ શક્તિમાન; સર્વજ્ઞાની અને સર્વવ્યાપી એવો દેવ છે (કલોસી. ૧:૧૫). તે આદિ તથા અંત–પ્રથમ તથા છેલ્લો–આલ્ફા તથા ઓમેગા (પ્રકટી. ૨:૮; ૩:૧૪; ૧:૮,૧૭–૧૮) તે એકલો જ સાચો અને જીવતો ઈશ્વર છે (૧ થેસ્સા. ૧:૯–૧૦).

**ઈશ્વર ત્રિએક છે :** બાપ, પુત્ર અને પવિત્ર આત્મા એમ ત્રણ જુદા વ્યક્તિત્વમાં એક જ ઈશ્વર પ્રગટ થાય છે. ઈશ્વર વિષે આ બાબત સમજવી ઘણાંકને કઠણ લાગે છે. એ માટે ઘણા મત મતાંતરો અને વાદવિવાદ ચાલે છે. તો પણ ઈશ્વર એક જ છે ત્રણ જુદાં સ્વરૂપમાં તે એક જ ઈશ્વર છે. આ ત્રણ જુદા વ્યક્તિત્વને એકબીજાથી અલગ કરી શકાય જ નહિ. અથવા જુદાં ગણી શકીએ જ નહિ. અને એવો પ્રયત્ન કરીએ કે વિચારીએ તો આપણે માટે ઈશ્વરની હયાતી રહેતી જ નથી. આપણે અજ્ઞાનના અંધકારમાં છીએ.

ઈસુ ખ્રિસ્તના બાપ્તિસ્મા વખતે આ ત્રિસંગમ પ્રત્યક્ષ થાય છે. યર્દન નદીમાં ઈસુ...તેના માથા ઉપર કબૂતરરૂપે પવિત્ર આત્મા તે જ વખતે આકાશમાંથી વાણી જે ઈશ્વરપિતાની હતી. કેવો અજાયબ સંગમ ! (માત્થી ૩:૧૬–૧૭). વળી દેવે પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે માણસ બનાવ્યું. એમ આત્મા,–પ્રાણ તથા શરીર, (૧ થેસ્સા ૫:૨૩) આ ત્રણે જુદાં દેખાય છે, પણ એ ત્રણ મળીને જ એક માનવી બન્યું છે. આમાંથી એકને જુદું પાડો એટલે હયાતી ખતમ. માનવી જીવનની હયાતી વિકાસ અને સંપૂર્ણતા માટે આ આત્મા, પ્રાણ, અને શરીર ત્રણેની જરૂર છે. અને ત્રણેનો સંગમ એકજમાં હોય એ આવશ્યક છે. એક વગર બીજા બે નકામાં છે. ત્રિએક ઈશ્વરની એકતા એવી જ છે.

ઈશ્વરનો ભક્ત દાઉદ પોતાના રચેલા ગીત ૧૯માં જુઓ, ઈશ્વરને કેવી રીતે પ્રસિદ્ધ કરે છે, "આકાશ દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે." ચમક ચમક થતું આકાશ અને અંતરિક્ષ તથા તેમના સમૂહો ઈશ્વરનું ગૌરવ, પરાક્રમ અને મહાત્મ્ય દર્શાવે છે. સૂર્ય, ચંદ્ર–તારા–નક્ષત્રો અને આકાશની વિશાળતા એ બધા ઈશ્વરનું જ્ઞાન અને તેની સર્જનશક્તિ, સંપૂર્ણતા અને વ્યાપકતા પ્રસિદ્ધ કરે છે.

તેની સૃષ્ટિ અને કુદરત આપણને પ્રેરણા આપે છે...ફળફૂલ

લીલોતરી, તેનાં રૂપ-રંગ-મહેક-સ્વાદ, શું એ સર્વ ઈશ્વરની દયા, પ્રીતિ અને સંભાળ દર્શાવતાં નથી!

વનચર-ખેચર-વાયુચર અને જળચર સર્વ જીવો, તેમની ગર્જના-પોકાર-ટહૂકા-અને કિલકિલાટ કેવાં તરેહ તરેહનાં અને મનોરંજક છે! ઈશ્વર વગર કોણ આ બનાવી શકે?

પહાડ-પર્વતોની વિરાટતા અને ગહનતા તેમ જ સાગરોનો વિસ્તાર અને ઊંડાઈ એ બધાના વિચાર ઈશ્વરના ગુણો પ્રગટ કરે છે. કુદરતમાં ઈશ્વર છે.

"ઈશ્વરનો નિયમ સંપૂર્ણ છે" (ગીત. ૧૯:૭). ઈશ્વરનાં વચનો સાક્ષી પૂરે છે; અને ઈશ્વરના સઘળા મર્મો તે ખુલ્લા કરે છે. ઈશ્વરનો શબ્દ અબુદ્ધને બુદ્ધિમાન કરે છે. તે આંખોને પ્રકાશ આપે છે. હૃદયને આનંદ આપે છે. એમ તે આત્માને તાજો કરે છે. ઈશ્વરનાં આ વચનો ચોખ્ખા સોના કરતાં પણ વધારે કિંમતી છે. વળી મધ કરતાં પણ વધારે મીઠાં છે. શબ્દ દ્વારા ઈશ્વર પ્રગટ થાય છે.

ઈશ્વર પરિવર્તન કરનાર પ્રભુ છે. અધમ માનવીના જીવનનું પરિવર્તન કરી તે નિર્દોષ-પ્રેમાળ અને સેવા કરનાર બનાવે છે. આવું પરિવર્તન કોણ કરી શકે? નવો જન્મ પામેલ વ્યક્ત જ ઈશ્વરને પ્રસિદ્ધ કરી શકે છે. (કલમ ૧૨-૧૪)

"કેમ કે ઈશ્વરના અદ્રશ્ય ગુણો, તેનું સનાતન પરાક્રમ અને ઈશ્વરત્વ જગત ઉત્પન થયું ત્યારથી સૃજેલી વસ્તુઓના નિરીક્ષણથી સ્પષ્ટ જણાય છે" (રૂમી. ૧:૨૦). "તારા દેવને મળવાને તૈયાર થા" (આમોસ ૪:૧૨).

## ૪. ઈસુ-Jesus

"આદમ દ્વારા પાપે પ્રવેશ કર્યો-પાપ દ્વારા મરણ થયું એમ સઘળાંએ પાપ કર્યું અને સઘળાં માટે મરણનો પ્રસાર થયો"

(રૂમી. ૫:૧૨). "નિયમશાસ્ત્ર પ્રમાણે ઘણું કરીને સઘળી વસ્તુઓ રક્તથી શુદ્ધ કરવામાં આવતી, અને રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી" (હેબ્રી. ૯:૨૨). "પરંતુ નિયમશાસ્ત્રથી કશું પરિપૂર્ણ થયું નથી. કેમ કે ગોધાઓનું તથા બકરાઓનું રક્ત પાપો દૂર કરવાને સમર્થ નહોતું" (હેબ્રી. ૧૦:૪). માટે જ કોઈ નિર્દોષ–નિષ્કલંક –નિરંજન અને પ્રથમજનિત માનવીના રક્તની જરૂર હતી–માનવીનાં પાપોની ખંડણી–બદલો માનવે જ ચૂકવવો પડે. એમ ઈસુને માનવ બનવું પડયું (ફિલિપી. ૨:૬–૭).

ઈશ્વર પોતે માનવ બન્યો..પવિત્ર, આત્માથી ગર્ભે રહ્યો. કુંવારી પેટે જન્મ્યો. માનવી બીજથી નહિ, કેમ કે માનવી બીજ પાપમય છે. સ્ત્રીજન્ય બનવા માટે કુંવારીના પેટે જન્મ્યો. એમ ઈસુ સંપૂર્ણ ઈશ્વર અને સંપૂર્ણ માનવ બન્યો. તેના જન્મને આકાશનાં સૈન્યોએ વધાવ્યો. દૂતોએ તેની વધામણી પૃથ્વીને આપી. ઈશ્વરપિતાએ તેના વિષે સાક્ષી આપી, જુઓ, આ મારો વહાલો દીકરો છે, તેના પર હું પ્રસન્ન છું–" (માત્થી ૩:૧૭; ૧૭:૫) વળી તે કહે છે, "ઓ ઈશ્વર, તારું રાજયાસન સનાતન છે; અને તારો રાજદંડ ન્યાયીપણાનો દંડ છે" (હેબ્રા ૧:૮).

પવિત્ર શાસ્ત્રનાં વચનો ઈસુ વિષે શું કહે છે......"ઈશ્વરના દીકરા ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો આરંભ" (માર્ક ૧:૧).

પીતરની સાક્ષી કેવી મહાન હતી : "તું મસીહ, જીવતા ઈશ્વરનો દીકરો છે" (માત્થી ૧૬:૧૬).

ભૂતો–દુષ્ટ આત્મા, તેઓ પણ જાહેર કરતા કે "ઓ, ઈશ્વરના દીકરા"...(માત્થી ૮:૨૯).

વિદેશી–વિધર્મી સૂબેદાર કહ્યા વગર રહી શકયો નહિ કે "ખરેખર એ ઈશ્વરનો દીકરો હતો" (માત્થી ૨૭:૫૪).

તે સર્વશકિતમાન હતો...કુદરત તેને આધીન હતી. "તેણે

પવનને તથા સમુદ્રને ધમકાવ્યા અને મહા શાંતિ થઈ" (માત્થી ૮:૨૬).

સમુદ્રનાં માછલાં તેને આધીન હતાં (લૂક ૫:૪–૬). તે માત્ર શબ્દથી–સ્પર્શથી રોગ મટાડતો હતો (માર્ક ૧:૩૨–૩૪). ભૂતો તેને આજ્ઞાધીન હતાં (માર્ક ૫:૮). તે અદ્‌ભુત કામો કરનાર દેવ હતો (યોહાન ૨:૧–૧૨; માત્થી ૧૪:૧૫–૨૧). મરણ પર તેની સત્તા હતી (માર્ક ૫:૩૫–૪૩; લૂક ૭:૧૧–૧૭; યોહાન ૧૧:૧૪). ઈસુ નિર્દોષ–નિષ્કલંક હતો...જોકે ઈસુના જીવનમાં ઘણાં પરીક્ષણો આવેલાં, પરંતુ એ સર્વ કસોટીઓમાંથી જીતીને અણીશુદ્ધ બહાર આવેલો હતો. "તેણે અપકાર કર્યો નહોતો, અને તેના મુખમાં કપટ નહોતું" (યશા. ૫૩:૯). "જેણે પાપ જાણ્યું નહોતું તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો" (૨ કોરીથી. ૫:૨૧) "તેણે કંઈ પાપ કર્યું" નહિ, અને તેના મોંમાં કદી કંઈ કપટ માલૂમ પડ્યું નહિ (૧ પીતર ૨:૨૨).

**તે સંપૂર્ણ હતો**–તે મરાયો–દટાયો, પણ કબર તેને ઢાંકી શકી નહિ. તે ફરી સજીવન થયો. "તે અહીં નથી, કેમ કે તેના કહ્યા પ્રમાણે તે ઊઠયો છે" (માત્થી ૨૮:૬). "મૂએલાંઓમાં તમે જીવતાંને કેમ શોધો છો ?" (લૂક ૨૪:૫) પોતાના શિષ્યોને તેણે દર્શન આપીને પોતાના જીવિતપણાને પ્રત્યક્ષ કર્યું છે.

**તે આકાશમાં ચઢી ગયો**...(પ્રે.કૃ. ૧:૯) માનવજાતનાં પાપોની ખંડણી ચૂકવી અને ઈશ્વરપિતા સમક્ષ તેની મધ્યસ્થી કરવા તે આકાશગમન થયો. તે તેના પર વિશ્વાસ કરનારાં માટે ઘર તૈયાર કરવા ગયો છે (યોહાન ૧૪:૨).

**તે પાછો આવનાર છે**–(પ્રે.કૃ. ૧:૧૧) "હું પાછો આવીશ અને તમને મારી પાસે લઈ જઈશ" (યોહાન ૧૪:૩). "પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું–" (૧ થેસ્સા. ૪:૧૭).

આવા અદ્‌ભુત ઈશ્વર–પ્રભુ ઈસુ સાથે આકાશગમન કરવાની શું તમારી ઇચ્છા છે ? તો,...તે જે કંઈ તમને કહે તે કરો.

**ઈસુ ખ્રિસ્તનાં બીજાં નામો**...ઈસુને બીજાં કેટલાંક નામો અથવા ઉપનામો અપાયાં છે, જે તેના જીવન અને કાર્યોને બંધબેસતાં અને માણસજાત માટે પ્રેરણાત્મક છે.

૧. **ઈમાનુએલ**-જેનો અર્થ એ થાય છે કે 'દેવ આપણી સાથે' માણસ અને ઈશ્વર વચ્ચે જોજન માઈલનું અંતર પડી ગયેલું હતું. માણસ ઈશ્વરને શોધે છે તોય કદી જડે નહિ; એવો દુર્લભ ઈશ્વર માણસ સાથે આવીને રહે, એથી વધારે અહોભાગ્ય માનવી માટે બીજું કયું હોય! ઈશ્વરને પહોંચવા માનવી માટે શકય જ નહોતું ત્યારે ઈશ્વર પોતે માનવી પાસે આવ્યો, માનવી માટે કેવી ધન્યતા!

૨. **દેવનું હલવાન**-"લોહી વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી" પરંતુ ગોધાઓનું તથા બકરાઓનું રકત પાપો દૂર કરવાને સમર્થ નહોતું; ત્યારે ઈશ્વર પોતે હલવાન બનીને પોતાના બલિદાનથી પાપને દૂર કરવા માટે તે એક જ વખત પ્રગટ થયો... અને ખ્રિસ્તે ઘણાઓનાં પાપ માથે લેવા સારુ એક જ વાર પોતાનું બલિદાન આપ્યું (હેબ્રી. ૯:૨૨,૨૬-૨૮). "જુઓ, ઈશ્વરનું હલવાન જે જગતનું પાપ હરણ કરે છે" (યોહાન ૧:૨૯).

૩. **જગતનું અજવાળું**-અંધારામાં ઠેસ-ઠોકરો છે, અજવાળામાં નિર્ભયતા છે; અંધારામાં બાક-જોખમ છે, અજવાળામાં સ્પષ્ટ દર્શન છે. શેતાન અંધકાર છે, ઈશ્વર પ્રકાશ છે. જગતમાંના અંધકાર અને અંધકારનાં કામોથી બચવા અને તેને ઉલેચવા પ્રકાશ જોઈએ. 'ન્યાયીપણાનો સૂર્ય' (માલાખી ૪:૨) પ્રભુ ઈસુ આપણા માટે પ્રકાશ પાથરી રહ્યો છે, તેના પ્રકાશમાં આપણે ચાલીએ.

૪. **રસ્તો-માર્ગ**-એક જગાએથી બીજી જગાએ જવા પહોંચવા; ધારેલા સ્થળે અગર ધ્યેયને પહોંચવા, રસ્તો જોઈએ. રસ્તા વગર કયાં અટવાવું? ઈસુ ખ્રિસ્ત આપણા જીવનનો માર્ગ-દર્શક અને રસ્તો પોતે છે. આ એક જ રસ્તો છે-જે અટપટો નથી,

જેમાં બીક નથી, થકવી નાખે તેવો લાંબો નથી, સંગાતીઓનાં આનંદની ખોટ નથી. તમે શું એ રસ્તા પર છો?

૫. સત્ય-(યોહાન ૧૬) જે સત્યનો આત્મા તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે. જગત, પાપ, ન્યાયીપણું, અને ન્યાય ચૂકવવા વિષે,-શેતાન અને તેનાં કામો, સર્વ વિષેનાં સત્ય પ્રગટ કરાશે. માણસજાત અંધારામાં અજ્ઞાન ન રહે, માટે તે કહે છે. "હું સત્ય છું" એ સત્ય-પ્રભુ ઈસુને ઓળખવો-એ કેટલું અગત્યનું છે.!

૬. જીવન-"તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું" (યોહાન ૧૦:૧૦). "તેનામાં જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું" (યોહાન ૧:૪). ઈસુ ખ્રિસ્તનું જીવન, જીવનનો રસ્તો ચીંધે છે. જીવનને તે પ્રકાશમય બનાવે છે. જીવનની ભરપૂરતા આપે છે. ત્યારે જીવનની ઉત્તમતાના આવા પ્રભુને મૂકીને બીજે કયાંથી જીવન મળવાનું હતું!

૭. ઉત્તમ ઘેટાંપાળક-(યોહાન ૧૦:૧-૧૬ ગીતશાસ્ત્ર; ૨૩) ઉત્તમ ઘેટાંપાળક પોતાનાં ઘેટાંને સંભાળે છે. જરૂર પડે ઘેટાંને સારુ તે પોતાનો જીવ પણ હોમી દે છે. તે પોતાનાં ઘેટાંને અંગત રીતે ઓળખે છે. તે લીલાં બીડમાં તેમને ચરાવે છે. શાંત પાણી પાસે દોરી જાય છે. તે ઘેટાંની આગળ ચાલે છે. ઘેટાંની પાછળ તે નજર રાખે છે. ઘેટાં નિર્ભયપણે તેની પાછળ ચાલે છે. તેનો સાદ-વાણી ઘેટાં ઓળખે છે. ઘેટાંને હરેક વિઘ્નોથી સાચવવાને તે સમર્થ અને પરાક્રમી છે.

તે પોતાનાં ઘેટાંને કશી ખોટ પડવા દેતો નથી. તે દરેકને તાજાં અને રસે ભરેલાં કરે છે. ઘેટાંપાળકની લાકડી દિલાસારૂપ છે; તે હાંકવાની છે-મારવાની નથી.

"નક્કી મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા

દયા મારી સાથે આવશે; અને હું સદાકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ." કેમ કે એ જ મારો પાળક છે.

## ૫. પવિત્ર આત્મા–Holy Spirit

પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાના શિષ્યોને આ મહાન આશ્વાસન આપ્યું કે "હું બાપને વિનંતી કરીશ, અને તે તમને બીજો સંબોધક તમારી પાસે સદા રહેવા માટે આપશે; એટલે સત્યનો આત્મા, જેને જગત પામી, નથી શકતું તે; કેમ કે તેને તે જોતું નથી, અને તેને ઓળખતું નથી, [પણ] તમે તેને ઓળખો છો; કેમ કે તે તમારી સાથે રહે છે, અને તમારામાં વાસો કરશે" (યોહાન ૧૪:૧૬–૧૭).

પવિત્ર આત્મા વિષે ઘણા અજાણ્યા રહે છે. પરંતુ માનવજીવન જીવવા આ પવિત્ર આત્માની સંગતની અનિવાર્ય જરૂર છે. તેને ઓળખવો આવશ્યક છે.

**તે ઈશ્વર છે**–ઈશ્વરના ત્રિએકપણાનું એ વ્યક્તિત્વ છે. જુઓ, અનાન્યા અને સાફીરા વિષે (પ્રે.કૃ. ૫:૩–૫).

**તે સર્વજ્ઞાની છે**–ઈશ્વરના વિચારો અને ઊંડા મર્મો તે પ્રગટ કરે છે. (૧ કોરીંથી. ૨:૧૦; યોહાન ૧૪:૨૬)

**તે સાર્વકાલિક-સનાતન છે**–(હેબ્રી. ૯:૧૪)

તેનું કાર્ય મંડળી (ખ્રિસ્તની કન્યા) તૈયાર કરવાનું છે–ઈસુ ખ્રિસ્તને પ્રગટ કરી, માનવના અધમ જીવનનું પરિવર્તન કરે છે–જગતને પાપ વિષે, ન્યાયીપણા વિષે તેમ જ ન્યાય ચૂકવવા વિષે ખાતરી કરી આપે છે; અને સત્ય પ્રગટ કરે છે (યોહાન ૧૬:૮,૧૩). જૂના જીવનનું બદલાણ કરી નવું જીવન આપે છે (યોહાન ૩:૫–૮). નવો જન્મ પામેલાંને દ્રઢ અને સંસ્થાપિત કરે છે. તે હિંમત અને દિલાસો આપે છે. તારણની ખાતરી આપે છે (રૂમી. ૮:૧૬–૧૭). તે સઘળાં સત્યો અને મર્મો શીખવે છે (૧ યોહાન ૨:૨૭; યોહાન ૧૬:૧૩).

ઈસુ ખ્રિસ્તના સાક્ષીઓ બનવા માટે ઉત્તેજન અને શક્તિ આપે છે (પ્રે.કૃ. ૧:૮). અનુકૂળ અને પ્રતિકૂળ સર્વ સમયોમાં તે તમારું મુખ બને છે (લૂક ૧૨:૧૧-૧૨). તે શીખવનાર અને દોરવણી આપે છે. (રૂમી ૮:૧૪,૨૬; ગલાતી ૫:૧૮; ૧ યોહાન ૨:૨૭).

ખ્રિસ્ત ઈસુમાં તેના વારસદાર થવા પવિત્ર આત્મા તમને મુદ્રાંકિત કરી તે બાનારૂપ બને છે. તે તમારી ખાતરી બને છે. (એફેસી. ૧:૧૩-૧૪)

મંડળીને વૃદ્ધિ અને વિકાસ આપી, તેને ફળવંત બનાવે છે. (૧ કોરીંથી. ૧૨:૭)

ઈસુ ખ્રિસ્ત તે જ ઈશ્વર છે અને તેનામાં વિશ્વાસ, પવિત્ર આત્મા દ્વારા જ થઈ શકે છે (૧ કોરીંથી. ૧૨:૩).

મંડળીની સાથે રહીને તે ભૂલાં-ભટકેલાંને શોધી કાઢે છે. (પ્રકટી. ૨૨:૧૭)

**પવિત્ર આત્માનાં કૃપાદાનો**—મંડળીના વિકાસ-વૃદ્ધિ અને ફળવંત બનાવવા તે કૃપાદાનો આપે છે. પવિત્રશાસ્ત્રમાં આવાં નવ પ્રકારનાં દાનો દર્શાવાયા છે. મંડળીમાં દરેકને એટલે કે નવો જન્મ પામેલાં સર્વને વિકાસ તેમ જ હિતને અર્થે કૃપાદાનો આપવામાં આવે છે. દરેકને તેના વિકાસ અને વિશ્વાસના પ્રમાણમાં દાનો અપાય છે. આ કૃપાદાનો દ્વારા મંડળી સંગઠિત રહે છે.

કોઈને જ્ઞાનની વાત, કોઈને વિદ્યાની વાત, વિશ્વાસ કરવાનું, કોઈને સાજા કરવાનું કૃપાદાન, ચમત્કાર કરવાનું દાન, પ્રબોધ કરવાનું કોઈને આત્મા પારખવાનું, ભિન્ન ભિન્ન ભાષાઓનું દાન અને કોઈને ભાષાંતર કરવાનું દાન પવિત્ર આત્મા પોતાની ઇચ્છા પ્રમાણે દરેકને જુદાં જુદાં દાન વહેંચી આપે છે (૧ કોરીંથી. ૧૨:૮-૧૧).

આ કૃપાદાનો જે તે વ્યક્તિના માન મરતબા માટે નહિ, પણ ઈશ્વરની આખી મંડળીના વૃદ્ધિ અને વિકાસ અર્થે અપાય છે, જે દ્વારા ઈશ્વરની સુવાર્તા સર્વત્ર ફેલાય અને વૃદ્ધિ પામે.

**પવિત્ર આત્માનાં ફળ**–ઝાડ પોતાનાં ફળથી ઓળખાય છે. ફળ વડે જ ઝાડ ગુણકારી, લાભદાયક અને કિંમતી બને છે. ફળ નહિ આપનાર ઝાડ, કપાઈને બળતણમાં જાય છે.

આ છેલ્લા વખતમાં ઘણા જૂઠા પ્રબોધકો અને ચમત્કારો કરનારા તેમ જ જૂઠા ખ્રિસ્ત ઊભા થશે, અને મંડળીને ભમાવશે કે જેથી વિશ્વાસ કરનારા પણ ઠગી જાય (માર્ક ૧૩:૧૨) ત્યારે આવી વ્યક્તિઓને પારખવા અને જાણવા, પવિત્ર આત્માનાં ફળ એ જ એક પારાશીશી છે.

દેહનાં કામ (ફળ) તો ખુલ્લાં છે: વ્યભિચાર, અપવિત્રતા, લંપટપણું, મૂર્તિપૂજા, વેરભાવ, કજિયા કંકાશ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, કુસંપ, પક્ષાપક્ષી, અદેખાઈ, છાકટાઈ, વિલાસ તથા ઇત્યાદિ... (ગલાતી ૫:૧૯–૨૧).

પરંતુ પવિત્ર આત્માનાં ફળ તો માત્ર નવ છે. આ, રહ્યાં એ ફળ......(ગલાતી ૫:૨૨–૨૩).

**પ્રેમ**–તારા દેવ પર પ્રીતિ કર અને તારા પાડોશી પર પ્રીતિ કર. આખા નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોનો પાયો એ છે (માત્થી ૨૨:૩૫–૪૦). આ ફળનો આકાર–રૂપરંગ અને સ્વાદ– મીઠાશ જાણવાં હોય તો વાંચો (૧ કોરીંથી. ૧૩; રૂમી. ૧૩:૮–૧૦).

**આનંદ**–ઈશ્વર સાથેના સાચા સંબંધમાંથી એ ઉદ્દભવે છે. ખ્રિસ્ત ઈસુના અનુયાયીઓ અનુકૂળ અને પ્રતિકૂળ સર્વ સમયોમાં આનંદ માણે છે (યોહાન ૧૫:૧૧).

**શાંતિ**–જગતમાં પ્રતિપળ સંકટ અને મુશ્કેલીઓનો મુકાબલો કરવો પડે છે; ત્યારે ઈસુ ખ્રિસ્ત એકલો જ શાંતિનો સરદાર અને વિજેતા છે (યોહાન ૧૬:૩૩). જગતના જ્ઞાનથી આ શાંતિ સમજી શકાય તેવી નથી (ફિલિપી. ૪:૬–૭,૯).

**સહનશીલતા :**—જગતના, મિત્રોના, ભાઈઓના, ઘા સહન કરવા એ એક અણમૂલ લહાણું છે. આવી સહનશીલતા જ, પરિણામે ધીરજ–અનુભવ–આશા ઉપજાવે છે. જીવનને દૃઢ અને પરિપકવ બનાવે છે (રૂમી. ૫ : ૩–૫).

**માયાળુપણું :**—મન પર કાબૂ રાખી સર્વ વિખવાદ અને ખટપટથી દૂર રહેવું એ જ ઈશ્વરના સેવકને શોભે છે. માન આપે છે (૨ તીમોથી ૨ : ૨૪).

**ભલાઈ :**—બીજાઓ પ્રત્યેની દયા અને મમતા દર્શાવવાથી; તે નવી દ્રષ્ટિ અને વિશ્વાસ પેદા કરે છે. દાઉદ ભકત મોટેથી લલકારતાં ગાય છે કે "નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે; અને હું સર્વકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ" (ગીત. ૨૩ : ૬).

**વિશ્વાસુપણું :**—ઈસુ ખ્રિસ્તના શિષ્ય તરીકે જીવનનાં સર્વ પાસાંઓમાં વિશ્વાસુ બનવું એ અનિવાર્ય છે. (૧ કોરીંથી. ૪ :૨)

**નમ્રતા...**મનુષ્યજીવનમાં નમ્રતા એ તો અભેદ્ય કિલ્લો છે. એ તો વિજેતા છે (ગીત ૩૭ : ૧૧). એ તો અલંકાર–ઘરેણું છે (૧ પીતર ૩ : ૪). આકાશના રાજ્યના તેઓ હક્કદાર છે (માથ્થી ૫ : ૩).

**સંયમ...**સંયમ અને વ્યવસ્થિત જીવનને નિયમશાસ્ત્રની જરૂર નથી. તેની કરણી રૂડી છે (માથ્થી ૫ : ૧૬). તે સ્વયં સાક્ષીરૂપ છે. ભૂંડા સમય માટે ઉત્તમ હથિયાર છે (એફેસી ૫ : ૧૫–૧૮).

મનુષ્યજીવનમાં ઉપરોક્ત ફળ–ગુણ લાગેલાં હોય તો જગતમાં સંકટ રહે જ નહિ. બલ્કે જગત આખું એદનવાડી બનીને રહે.

**પવિત્ર આત્માના આશીર્વાદ...**

મનુષ્યજીવન ક્ષણિક છે. મરણ તેનો અંત છે. ત્યાર પછી ભલું કે ભૂંડું કશું જ કરવાનું રહેતું નથી. સઘળી કાર્યવાહી સમાપ્ત થાય છે. પવિત્ર આત્માનાં કૃપાદાનો અને ફળનો પણ મરણ સાથે અંત

આવે છે. તેઓ માત્ર વ્યક્તિનાં પ્રમાણપત્ર જ બની રહે છે. પરંતુ પવિત્ર આત્માના આશીર્વાદ તે સર્વકાળ ટકી રહે છે. મનુષ્યમાંના બધાં જ વાનાં જતાં રહે, પણ પવિત્ર આત્માનાં ત્રણ વરદાન અનંતકાળ સુધી ટકી રહે છે. તે છે, વિશ્વાસ, આશા, પ્રીતિ.

૦ વિશ્વાસ...મનુષ્ય અને ઈશ્વરની વચ્ચેની સંગત માટે આ અનિવાર્ય સાધન છે. કેમ કે "વિશ્વાસ વગર ઈશ્વરને પ્રસન્ન કરાતો નથી" (હેબ્રી. ૧૧ : ૬). આ વિશ્વાસ ઈશ્વરનાં વચનો વાંચવાથી, સાંભળવાથી અને મનન કરવાથી પેદા થાય છે (રૂમી. ૧૦ : ૧૭).

"વિશ્વાસ કરણીઓ વગર નિર્જીવ છે." માટે વિશ્વાસ પ્રગટ કરવા કરણી કરવી જ પડે. વિશ્વાસ અને કરણી એકબીજા વગર જીવી શકતાં નથી (યાકૂબ ૨ : ૧૭–૧૮.)

વિશ્વાસથી જ આપણે ખ્રિસ્ત ઈસુમાં જીવીએ છીએ અને ચાલીએ છીએ. વિશ્વાસ જ આપણને પ્રભુ ઈસુની હાજરીનું ભાન કરાવે છે (૨ કરીંથી. ૫ : ૬–૭).

વિશ્વાસ સઘળી ચિંતાઓથી મુક્ત કરે છે (હેબ્રી. ૧૩ : ૫).

ખ્રિસ્ત ઈસુ પરના વિશ્વાસ દ્વારા જ આપણને હિંમત અને ભરોસા સહિત સ્વર્ગીય સ્થાનોમાં પ્રવેશ મળે છે. એ ઈશ્વરનો સંકલ્પ છે (એફેસી. ૩ : ૧૧–૧૨).

"હવે વિશ્વાસ તો જે વસ્તુઓની આપણે આશા રાખીએ છીએ તેની ખાતરી છે, અને અદશ્ય વસ્તુઓની સાબિતી–પ્રમાણભૂત છે" (હેબ્રી. ૧૧ : ૧).

૦ આશા—આશા એ તો મનુષ્યજીવનની જીવાદોરી છે. જીવનના સઘળા પ્રસંગો અને પ્રશ્નોમાં આશા જ હિંમત આપે છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ જીવનના પ્રશ્નો અને મૂંઝવણોનો ઉકેલ કરનાર એક જ માત્ર ઈસુ ખ્રિસ્ત સાબિત થયો છે. **Jesus is the answer...**

...એ ઈસુ પર આપણી આશા છે. એ આશા કદી શરમાવતી નથી (રૂમી. ૫ : ૫; ગીત. ૧૪૬ : ૫).

ઈસુ ખ્રિસ્ત એ જ આશાનું ઉદ્‌ભવસ્થાન છે. એ જ સર્વસ્વનો ભરપૂર ભંડાર છે (૧ તીમોથી ૧ : ૧).

આપણને શિક્ષણ અને શિખામણ મળે અને એ આશાથી જ પવિત્ર શાસ્ત્ર લખાયું છે (રૂમી. ૧૫ : ૪).

આશા એ તો સાચા જીવનના સંગ્રામ માટેનું એક અમૂલ્ય હથિયાર છે (૧ થેસ્સા. ૫ : ૮).

જીવનની દોડ દોડવામાં આશા એ જ એક ઉત્તેજન આપનાર અને આશ્રય માટે લંગરરૂપ બને છે. સ્વર્ગીય સ્થાનોમાં એ જ પહોંચાડે છે (હેબ્રી. ૬ : ૧૮–૧૯).

ઈસુ ખ્રિસ્તના પુનરૂત્થાન દ્વારા સજીવન આશાને સારુ આપણને પુનર્જન્મ આપ્યો છે (૧ પીતર ૧ : ૩–૪).

ઈસુ ખ્રિસ્ત પોતાનાંને લેવા સારુ પાછો આવનાર છે, એ ધન્ય ઘડીની આશા જીવનમાં જબરું જોમ પેદા કરે છે (તીતસ ૨ : ૧૩–૧૪).

જીવન જીવવા, ઉત્સાહ અને બળ આપનાર એક માત્ર આશા છે. આશામાં આનંદ છે (રૂમી. ૧૨ : ૧૨).

• પ્રીતિ—પ્રેમ...પ્રેમ અલૌકિક છે. પ્રેમનું રૂપ એ જ ઈશ્વર છે. પ્રેમ એ જ મનુષ્યની જીવાદોરી છે. એટલે જ મનુષ્યજીવન જીવવા નિયમશાસ્ત્રના વિધિઓ અને પીનલકોડના કાયદાઓની જરૂર નથી. "તારા દેવ પર પ્રીતિ કર. તારા પાડોશી પર પ્રીતિ કર" એ જ ઉત્તમ જીવનનો નિચોડ છે.

પ્રીતિ એ જ એક સૌથી મોટી અને પ્રથમ આજ્ઞા છે. એ નિયમશાસ્ત્રનો સારાંશ છે (માર્ક ૧૨ : ૩૦ - ૩૧).

પ્રીતિ વગરનું કોઈપણ કાર્ય, ચાહે ગમે તેટલું ભગીરથ હોય પણ તે નકામું છે (૧ કોરીંથી ૧૩ : ૧-૩).

પ્રેમનું ઉદ્ભવસ્થાન ઈસુ ખ્રિસ્ત છે. એનામાંથી જ મનુષ્ય પ્રેમ શીખ્યું છે (૧ યોહાન ૪ : ૧૯).

એકબીજા પર પ્રેમ રાખવાથી આપણે ખ્રિસ્તના શિષ્યો છીએ એ સાબિત થાય છે (યોહાન ૧૩ : ૩૫).

આપણે ઈશ્વરનાં છીએ અને તેને ઓળખીએ છીએ તેનું પ્રમાણપત્ર–સાબિતી આપણો પ્રેમ છે (૧ યોહાન ૪ : ૧૭).

ઈશ્વર પરના પ્રેમ દ્વારા આપણા જીવનનાં સઘળાં વાનાં અને પરિસ્થિતિ હિતકારક બને છે (રૂમી. ૮ : ૨૮).

ઈસુ ખ્રિસ્તે આપણા માટે અકલ્પ્ય અને અજોડ એવો પ્રેમ દર્શાવ્યો (યોહાન ૧૫ : ૧૩). ઈશ્વરે તેના પર આપણાં સર્વનાં પાપનો ભાર મૂક્યો. ઈશ્વરની મરજી તેને કચરવાની હતી. જેથી માનવજાતના બચાવનો ઈશ્વરનો હેતુ—સંકલ્પ તેનામાં પૂર્ણ થાય (યશા. ૫૩ : ૬, ૧૦).

"હવે વિશ્વાસ–આશા તથા પ્રીતિ એ ત્રણે ટકી રહે છે, પણ તેઓમાં પ્રીતિ શ્રેષ્ઠ છે" (૧ કોરીંથી. ૧૩ : ૧૩).

## ૬. પશ્ચાત્તાપ–Repentance

એદનવાડીમાંથી કાઢી મુકાયા પછી માણસને માથે શ્રમ મુકાયો. શ્રમ–મહેનત અને કષ્ટની રોટલી ખાતાં માણસ ક્રૂર અને કઠણ થયું. હૃદય કપટી અને ભૂંડું હોવાથી તેનાં કામ પણ ભૂંડાં જ થતાં ગયાં (યિર્મ. ૧૭ : ૯). માણસ વિચાર, વાણી અને વર્તનથી પાપી બનતું જ ગયું. આ માનવીના પાપની પરાકાષ્ટાનું હૂબહૂ શબ્દચિત્ર ઈશ્વરના સેવક યશાયાહે આલેખ્યું છે : 'બળદ પોતાના માલિકને ઓળખે છે અને ગધેડો પોતાના ધણીની ગભાણ જાણે છે; [પણ]

ઇસ્રાએલ જાણતો નથી, મારા લોક વિચાર કરતા નથી...પાપ કરનારી પ્રજા, અન્યાયથી લદાયેલા લોક, પાપમાં વંઠી ગયેલાં છોકરાં ...આખું માથું રોગિષ્ઠ અને આખું હૃદય નિર્ગત છે. પગના તળિયાથી તે માથા સુધીમાં કોઇપણ ભાગ સાજો નથી; [કેવળ] ઘા, સોળ તથા પાકેલા જખમ છે; તેમને દાબીને તેમાંથી પરૂ કાઢવામાં આવ્યું નથી; તેમના પર પાટા બાંધવામાં કે તેમને તેલથી નરમ કરવામાં આવ્યા નથી" (યશા. ૧ : ૩–૬).

માણસજાતની આવી કફોડી દશા કેવી સૂગ પેદા કરનારી અને કમકમાટી તથા ઘૃણા ઉપજાવનારી છે! વળી આવી પરિસ્થિતિમાં પણ કેટલાંક અલ્લડ બની મહાલનારાં માટે યશાયાહે બીજું ચિત્ર રજૂ કર્યું છે. "સિયોનની દીકરીઓ ગર્વિષ્ઠ છે, તેઓ માથું ઊંચું રાખીને, કટાક્ષ મારતી, પગથી છમકારા કરતી, અને ઠમકતી ઠમકતી ચાલે છે...તેમનાં સૌંદર્ય પ્રસાધનો ખુંચવાઇ જશે. ત્યારે દુર્ગંધ પેદા થશે" ( યશા. ૩ : ૧૬–૨૬).

વળી મિખાહ પ્રબોધક, સભ્ય સમાજના ઊંચા ગણાતા માનવીઓ માટે લખે છે કે, "કોઇ પ્રમાણિક રહ્યું નથી. સર્વ રક્તપાત કરવા ટાંપી રહે છે. તેઓ પોતાના ભાઇઓનો શિકાર કરે છે. ખંતથી ભૂંડું કરવા માટે તેઓના બન્ને હાથ ચપળ છે. સરદાર તથા ન્યાયાધીશ લાંચ માંગે છે. મોટો માણસ પોતાના મનનો દુષ્ટ ભાવ પ્રગટ કરે છે. તેઓ ભેગા થઈને ગોટાળો વાળે છે. તેઓમાં જે સર્વોત્તમ [ગણાય] છે તે ઝાંખરા જેવો છે. જે સૌથી પ્રમાણિક [ગણાય] છે. તે કાંટાની વાડ કરતાં [નઠારો] છે (મિખાહ ૭ : ૨–૪).

મનુષ્યજીવનનાં આ ચિત્રો કેવાં કઢંગા અને કદરૂપા લાગે છે! પણ એ સાચાં ચિત્રો છે. ત્યારે આનું સૌથી વધારે દુઃખ ઇશ્વરને છે. કેમ કે તેણે મનુષ્યને પોતાના જ સ્વરૂપ–પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યાં; એ જ મનુષ્યની આવી વિકૃત અને ભયંકર હાલત જોઇ

ઈશ્વરને દુઃખ થાય અને રડવું ન આવે તો બીજું શું થાય? તેથી જ તે બહુ આગ્રહથી કહે છે "આવો, આપણે વિવાદ કરીએ; તમારાં પાપ જો કે લાલ [વસ્ત્ર] જેવાં હોય તો પણ તેઓ હિમ સરખાં શ્વેત થશે. અને જો કીરમજ જેવાં રાતાં હશે તો પણ તેઓ ઊન જેવાં ઊજળાં બનશે" (યશા. ૧ : ૧૮). આવી તેની દયા અને અનુકંપા અગાધ હોવાથી પ્રથમ પાપ વખતે જ ઈશ્વરે આદમને પડકાર્યો .."આદમ, તું કયાં છે?" અને આજ દિન સુધી તે એ જ કાર્ય માટે મથી રહ્યો છે (યોહાન ૫ : ૧૭; ૯ : ૪).

ઈસુ ખ્રિસ્ત, ખોવાયેલું શોધવા તથા તારવા માટે જ જગત પર આવ્યો. માનવીનાં પાપની ખંડણી–દંડ ચૂકવવા તેણે પોતાના પંડનું નિર્દોષ–નિષ્કલંક–નિરંજન અને રાજીખુશીથી બલિદાન આપ્યું. ખ્રિસ્ત ઈસુની આવી પ્રીતિ જ મનુષ્યને ફરજ પાડે છે કે તે તેનાં પાપથી પાછું ફરે અને તેનામાં મેળવાઈ જાય, ઈશ્વરની કૃપા અને ઉપકાર, માનવીને પસ્તાવા તરફ વાળે છે (રૂમી. ૨ : ૪). એની અવગણના કેમ થાય? માણસના જીવન સુધારનું આજ એક અમોઘ અને સફળ સાધન છે.

નિયમ દોષ પ્રગટ કરે છે. સજા ફરમાવે છે; એટલે જ જગતમાં અગણિત ન્યાય કચેરીઓ પ્રતિદિન ચાલે છે. તેના ન્યાયાધીશો અને બંદોબસ્ત માટે ગણ્યા ગણાય નહિ તેટલા સિપાઈ–ચોકીદારો ખડે પગે રહે છે. જેલો–કેદખાના ખદબદતાં જ રહે છે. જાતભાતનાં સંરક્ષણગૃહો છલકાતાં રહ્યાં છે. ત્યારે કેમ આ બધાં દ્વારા ગુના પાપ અટકાતાં જ નથી? શિક્ષા અને સજાએ માણસને કઠોર અને રીઢું બનાવ્યું છે.

માનવીજીવનના પરિવર્તન માટે માત્ર એ જ એક અનિવાર્ય છે. પસ્તાવો પ્રેમ વગર થઈ શકતો નથી. પશ્ચાત્તાપ એ જ ઈશ્વર પ્રાપ્તિનો સરળ માર્ગ છે.

"હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."

કવિની આ પંક્તિ કેવી મીઠી છે! તેમાંનું ઉત્તેજન-માર્ગદર્શન અને શાંતિ કેટલા અગાધ અને આવશ્યક છે!

એટલે જ ઈસુ ખ્રિસ્ત લાલ બત્તી-ચેતવણી આપે છે કે, "જો કોઈ માણસ આખું જગત મેળવે, પણ તેનો આત્મા હાનિ પામે તો તેને શો લાભ?" (માથ્થી ૧૬ : ૨૬; માર્ક ૮ :૩૬; લૂક ૯ : ૨૫). માણસની અજ્ઞાનતા અને બાલિશતા તરફ પ્રભુ ઈસુ ધ્યાન ખેંચે છે. જગતના નાશવંત વાનાં ભેગાં કરીને જે અમર આત્મા તેનો નાશ કરવો એ કેવી મૂર્ખતા!

ત્યારે નાશમાંથી ઊગરવાનો કયો માર્ગ? અમે શું કરીએ? પ્રત્યેક માનવીનો સળગતો પ્રશ્ન છે. 'અનંતજીવન પામવા માટે મારે શું કરવું?' (માથ્થી ૧૯ : ૧૬).

પવિત્ર આત્મા, પચાસમાના દિવસે પિતર મારફતે આનો જવાબ આપે છે કે......પસ્તાવો કરો.

પશ્ચાત્તાપ એટલે પાછળનો તાપ. પોતાની કરેલી ભૂલો-પાપનું દુ:ખ થવું-વેદના થવી તે. વળી એથી વિશેષ એ ભૂલ-પાપથી પાછા ફરવું. તેનો ત્યાગ કરવો તે. આવો પશ્ચાત્તાપ માનવી માટે બહુ ફાયદા-મંદ છે. જીવનના રૂપાંતરનું એ પ્રથમ પગલું છે.

આ પશ્ચાત્તાપના બે પ્રકાર છે. પ્રથમ પ્રકારનો પસ્તાવો જે અભ્યંતરના ઊંડાણમાંથી ઉદ્ભવે છે. પોતાની ભૂલો-પાપનું ભાન થવું; તેથી ઉપજેલી પરિસ્થિતિ સમજવી. એ ભૂલો-પાપ પ્રત્યે અણ-ગમો વ્યક્ત કરવો-ઈશ્વર આગળ તેની કબૂલાત કરવી અને તેનાથી પાછા ફરી જવા માફી માગવી અને એકરાર કરવો એ આ પસ્તાવો છે. આ સાથે નવા જીવનનું બળ માંગવું, જેથી એની એ ભૂલો-પાપનું ફરી પુનરાવર્તન ન કરીએ.

પીતરે ઈસુ ખ્રિસ્તનો ત્રણ વાર નકાર કર્યો. યહૂદાના પાપથી પીતરનું પાપ કંઈ ઓછું નહોતું; પણ તેણે પોતાની ભૂલ જાણી. તે દુઃખી થયો. ખૂબ રડયો. ફરી ભૂલ નહિ કરવા મન મજબૂત કર્યું. ઈસુની આધીનતામાં આવ્યો. તે એ જ ઈસુનો મહાન સેવક અને સંત બન્યો. કેમ કે તે દયાળુ અને કૃપાળુ ઈશ્વર છે; તે કોપ કરવામાં ધીમો પણ કૃપા કરવામાં બહુ ઉતાવળો છે. એટલે જ ગમે તેવો નવો કે જૂનો, શિખાઉ કે રીઢો ગમે જેવો હોય, તેવો જ તે પોતાનાં પાપ–ભૂલોનો પસ્તાવો કરી તેની કબૂલાત ઈસુ ખ્રિસ્ત સમક્ષ કરે અને માફી માગે તો તેનાં પાપ માફ થાય છે જ.

વધસ્તંભ પર જડાયેલો ચોર રીઢો ગુનેગાર હતો પરંતુ તેના પસ્તાવાએ તેને બચાવ્યો. 'આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ' (લૂક ૨૩ :૪૩ ). ઈસુ ખ્રિસ્તના આ પ્રેમાળ શબ્દો સાંભળીને, વધસ્તંભની વેદનાઓમાં પણ આ ચોરના મોઢેથી શાંતિની 'હાશ' નીકળી અને ત્યારે આકાશના દૂતો પણ હર્ષઘેલા નાચી ઊઠયા (લૂક ૧૫:૧૦). પસ્તાવાની કેવી કૃપા, કેવી શાંતિ, કેવો આનંદ !

પસ્તાવાનો બીજો પ્રકાર તે માણસને તેની ભૂલ–પાપનો પાછળનો તાપ–દુઃખ–વેદના આપે છે. તે માટે તે બહુ જ દુઃખી થાય છે. રડે છે અને આકુળ–વ્યાકુળ થાય છે. પરંતુ ભૂલની કબૂલાત અને માફી માટે ઈસુ ખ્રિસ્ત પાસે આવતું નથી. પાપની માફી આપવાનો અધિકાર એકલા ઈસુ ખ્રિસ્ત પાસે જ છે (માથ્થી ૯:૬). બલ્કે આવું માનવી બીજા રસ્તા ગ્રહણ કરે છે.

ઈસુ ખ્રિસ્તને વેચી દેનાર દગાબાજ યહૂદા, દુઃખી થયો, રડયો, નાણાં ફેંકી દીધાં, અને જઈને ગળે ફાંસો ખાધો. મરી ગયો. સર્વકાળના નાશમાં ગયો (માથ્થી ૨૭ : ૩–૧૦).

બીજા ઘણાં પોતાની ભૂલો–પાપોનું દુઃખ વ્યક્ત કરીને તેના પ્રાયશ્ચિત્ત રૂપે માનતાઓ માને છે. ખેરાત–દાન કરે છે. ઘણાં પ્રતિ-

ગાઓ લે છે. ઘણાં રફતે રફતે ભૂલો–પાપ મૂકી દેવાના પ્રયત્નો આદરે છે. પરંતુ એ સર્વ નિષ્ફળ થાય છે. એ સર્વ રસ્તા અધૂરા અને ખામી યુક્ત છે. ઈસુ ખ્રિસ્ત એ જ એક રસ્તો છે. સરળ અને સલામતનો એ જ માર્ગ છે. તેમાં ભૂલાં પડવાનો કે લુંટાવાની બીક નથી. કેમ કે ખ્રિસ્ત પોતે જ ભોમિયો બનીને સાથે રહે છે. બીજા સર્વ રસ્તો ચીંધનારા હશે. પણ ઈસુ ખ્રિસ્ત એ જ સાથે રહીને દોરનાર છે.

**તે સત્ય છે.** સઘળાં આકાશ તથા પૃથ્વીનાં સત્યો ઈસુ ખ્રિસ્તમાં જ મૂર્તિમંત છે.

**તે જીવન છે.** માનવજાતને જીવન અને તે પણ પુષ્કળ જીવન મળે, માટે ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યો. માનવીના નવા જીવનનો ઉદ્દભવ આ જીવનના ઝરામાંથી જ થાય, તો જ તે જીવન હંમેશાં વહેતું અને વધતું રહે છે.

રસ્તો–સત્ય અને જીવન, ત્રણેયનો અદ્દભુત સંગમ– ત્રિભેટો એકલા ઈસુ ખ્રિસ્તમાં જ છે. પસ્તાવા દ્વારા તમારો ભેટો તેનામાં કરો; અને સુખદાયક આનંદના વાનાંઓથી ભરપૂર સ્વર્ગીય સ્થાનો, અનંતકાળ માટે પ્રાપ્ત કરો.

પસ્તાવો ઈશ્વર પ્રેરિત છે. તમારાં પાપની માફી માટે છે (પ્રે. કૃ. ૫ : ૩૧; નીતિ. ૧૬ : ૬).

આજે જ પસ્તાવો કરવો સારો છે. પવિત્ર આત્માની આ સલાહ છે. બીજો પ્રસંગ–તક–સમયની રાહ જોવાની જરૂર નથી. એ કદાપિ મોડું થઈ જશે. "જો તમે આજ તેની (ઈશ્વરની) વાણી સાંભળો તો......તમે તમારા હૃદયો કઠણ કરો મા"(હેબ્રી. ૩ : ૭, ૮).

પસ્તાવા માટે રોજ તકો પૂરી પડાય છે. સમયના ટકોરા પડયા જ કરે છે. તે કદાપિ માબાપ–વડીલોની પ્રાર્થના દ્વારા, ઠોકર કે વિઘ્નો દ્વારા, સન્ડે સ્કૂલ શિક્ષક કે મંડળીના પાળકનાં વચનો દ્વારા ઈશ્વરનાં વચનો વાંચવાથી, બીજાના બનેલા બનાવો દ્વારા એમ અનેક-

વિધ રીતે ઈશ્વર આપણી આગળ તક પૂરી પાડે છે. તમે બહાનું કાઢી શકશો જ નહિ. (હેબ્રી. ૬ : ૭–૮)

પસ્તાવો, નવા જીવનનું પ્રથમ પગલું છે. આ પહેલા ડગલામાં જ મંજીલે પહોંચવાની ફતેહ છે. ખ્રિસ્તી જીવનનું આ પ્રથમ પગથિયું છે. એક એક પગથિયાથી જ સીડીની ટોચે જવાય–કૂદકો મરાય નહિ. એ જોખમ છે–પહેલું પગથિયું એ જ બીજાં માટે પગ ઉપાડશે અને તમે ટોચે પહોંચશો. (પ્રે. કૃ. ૨ : ૩૮)

પસ્તાવો અતિ આવશ્યક છે. 'Ye must' નીકોદેમસ યહૂદી ધર્મશાસ્ત્રી–પંડિત અને શાસ્ત્રમાં પારંગત હતો. તેની મૂંઝવણ દૂર કરવા ઈસુએ સલાહ આપી કે "તમારે નવો જન્મ પામવો જોઈએ" (યોહાન ૩:૭). આમાં એમત અગર બીજી દલીલ ચાલે જ નહિ. નવો જન્મ એટલે જ પસ્તાવો; પાપથી ખરડાયેલાં જીવનો ધોઈને ચોખ્ખાં કરવાં તે. આવો, પસ્તાવા દ્વારા તમારાં જીવનો પ્રભુ ઈસુને સોંપો. તમારી કબૂલાત આપો. બાકી બીજું બધું કામ ઈસુ ખ્રિસ્ત કરી લેશે. તમને નવડાવીને શુદ્ધ કરવાં, નવાં વસ્ત્ર પહેરાવવાં, સુગંધના પ્રસાધનો અને રૂપ–ગૌરવનાં ઘરેણાં પહેરાવી, મેળાવડાના આનંદમાં ઊભાં રાખશે. જેમ મા પોતાના બાળકને ચાહે છે તેમ...ઈસુ ખ્રિસ્ત તમને વધારે ચાહે છે. તેની પાસે આવો....."એ માટે દયા પામવાને, તથા અગત્યના પ્રસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને, આપણે હિંમતથી કૃપાસનની પાસે દોડી જઈએ" (હેબ્રી. ૪:૧૬).

## ૭. તારણ–મોક્ષ–Salvation

ઈશ્વરે તો માણસને નેક બનાવ્યું. નિર્દોષ અને પાપરહિત બનાવ્યું (સભા. ૭ : ૨૯; ઉત્પત્તિ ૨ : ૨૫) પણ આદમની અનાજ્ઞાધીનતાથી પાપનો પ્રવેશ થયો; અને માનવીએ ઘણી યુક્તિઓ શોધી કાઢી–

માનવીનું હૃદય સૌથી કપટી છે, તે અતિશય ભૂંડું છે, કલ્પી ન શકાય તેવું છે (યિર્મે. ૧૭ : ૯).

પાપ એટલી હદ સુધી વધતું ગયું; જેનું હૂબહૂ શબ્દચિત્ર યશાયાહ પ્રબોધક પ્રથમ અધ્યાયની બીજી કલમથી છઠ્ઠી કલમ સુધીમાં દર્શાવે છે; "બળદ પોતાના માલિકને ઓળખે છે, અને ગધેડો પોતાના ધણીની ગભાણ જાણે છે; [ પણ ] ..મારા લોક વિચાર કરતા નથી... પાપ કરનારાં સંતાન, વંઠી ગયેલાં છોકરાં; તેઓએ યહોવાહનો ત્યાગ કર્યો છે. આખું માથું રોગિષ્ઠ અને આખું હૃદય નિર્ગત છે, પગનાં તળિયાથી તે માથા સુધીમાં કોઈપણ ભાગ સાજો નથી; [ કેવળ ] ઘા, સોળ, તથા પાકેલા જખમ છે; તેમને દાબીને તેમાંથી પરૂ કાઢવામાં આવ્યું નથી; તેમના પર પાટા બાંધવામાં કે તેલથી નરમ કરવામાં આવ્યા નથી." માનવીની આ કેવી દયાજનક અને ભયાનક પરિસ્થિતિ છે! વળી એ જ યશાયાહ કહે છે કે અમે સર્વ અશુદ્ધ થયા છીએ, અમારાં સર્વ પુણ્ય કર્મ મેલાં ચીંથરા જેવાં છે; અમે પાંદડાંની પેઠે સુકાઈ જઈને ઊડી જઈએ છીએ" ( યશા. ૬૪: ૬ ). "આવી ઘોર અને ભયંકર વાત દેશમાં બની છે; પ્રબોધકો જૂઠું બોલે છે,...યાજકો અંધકાર ચલાવે છે" (યિર્મે. ૫ : ૩૦–૩૧).

ત્યારે ચારો તરફથી ભેંકાર ચીસો સંભળાય છે. "બચાવો, બચાવો !" માણસ પાપના કારણથી રોગમાં, માનસિક મૂંઝવણોમાં, આર્થિક, સામાજિક, કૌટુંબિક, રાષ્ટ્રીય ભીંસમાં કચડાતું જ રહ્યું છે. વેરઝેર, લૂંટફાટ, ખૂન, દગા ફટકાથી તંગ બનીને પોકારતું રહ્યું છે. બચાવનાં વલખાં મારે છે. દેહ–જગત–શેતાન જેવા શત્રુઓથી સપડાઈ ગયું છે, ત્યારે એક જ પોકાર...બચાવો...બચાવો એ જ સંભળાય છે.

ત્યારે તેઓ માંદા–રોગિષ્ઠ અને ભૂત વળગેલાંઓને લાવ્યાં... આખું શહેર ભેગું થયું (માર્ક ૧ : ૩૨; ૬ : ૫૫–૫૬).

એક અધિકારીનો પોકાર... "અનંતજીવનનો વારસો પામવાને હું શું કરું ?" (લૂક ૧૮ : ૧૮).

બંદીખાનાનો દરોગો જેણે આપઘાત કરવા તરવાર તાણેલી તેનો પોકાર સાંભળો, "સાહેબ, તારણ પામવા હું શું કરું ?" ( પ્રે.કૃ. ૧૬ : ૩૧ ).

ગ્રીક વિધર્મીઓનો અવાજ શો હતો ? "સાહેબ, અમે ઈસુનાં દર્શન કરવા ચાહીએ છીએ" (યોહાન ૧૨ : ૨૧).

ચોતરફથી પ્રતિકૂળ સંભળાતા આ પોકાર કેવા દયાજનક છે. માનવી માત્ર પાપમાંથી છુટકારો ઝંખે છે. કેમ કે પાપ એ જ સર્વ દુઃખનું મૂળ છે. આ પાપથી છુટકારો પામવા નવા જીવનની જરૂર છે. આ જ જીવનમાં માણસ નવો જન્મ પામે; એટલે કે જૂનું માણસપણું મારી નાખી દાટી દઈ નવા જીવનનો ઉદ્‌ભવ પામે ત્યારે જ જીવનનું નવીનીકરણ થાય. જીવનની પાટી ભૂંસાઈને ચોખ્ખી થાય, એનું જ નામ તારણ–મોક્ષ. આ તારણ પ્રાપ્ત કરવા તમારે તારનારની જરૂર છે.

**I માંદાને વૈદની અગત્ય છે.** (લૂક ૫ : ૩૧) ઊંડા ખાડામાં પાપના કીચડ ખૂંપી ગયેલાને બહાર આવવા બીજાની મદદની જરૂર છે જ. મનુષ્યની સ્વબુદ્ધિ–સ્વપ્રયત્ન–સ્વબળ બધાં જ નાકામયાબ છે. જુઓ, "તોપણ માણસ નિયમશાસ્ત્ર પ્રમાણેની કરણીઓથી ન્યાયી ઠરતું નથી" (ગલાતી ૨ : ૧૬).

"માણસની સ્વબુદ્ધિનો માર્ગ ઠીક લાગે છે, પણ પરિણામે તે મોત નીપજાવે છે" (નીતિ. ૧૪ : ૧૨).

"કેમ કે જે કોઈ આખું નિયમશાસ્ત્ર પાળશે, અને માત્ર એક જ બાબતમાં ભૂલ કરશે, તે સર્વ સંબંધી અપરાધી ઠરશે' (યાકૂબ ૨ : ૧૦ ).

"ત્યારે આપણાં પોતાનાં કરેલાં ન્યાયીપણાનાં કૃત્યોથી નહિ, પણ તે (ઈસુ) ની દયાથી, પુનર્જન્મના સ્નાનથી તથા પવિત્ર આત્માથી [ થયેલા ] નવનીકરણથી તેણે આપણને તાર્યા" (તિતસ ૩ : ૫). શું આ ખાતરીબદ્ધ વાત નથી ?

## II ઈસુ એ જ એકલો તારનાર છે—

"કેમ કે ઈશ્વરે જગત પર એટલી બધી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે." (યોહાન ૩ : ૧૬).

"તને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે" ( માત્થી ૧ : ૨૧ ).

પ્રભુનો માર્ગ તૈયાર કરનાર યોહાન બાપ્તિસ્મા કરનાર કહે છે તે સાંભળો..."જુઓ દેવનું હલવાન, જે જગતનું પાપ હરણ કરે છે." એ ઈસુ હતો (યોહાન ૧ : ૨૯).

કદી કોઈ દેવદેવીએ જે દાવો કે હક્ક દર્શાવ્યા નથી તે ઈસુ કહે છે......"હું જગતનું અજવાળું છું" (યોહાન ૮ : ૧૨).

"રસ્તો તથા સત્ય તથા જીવન હું છું" (યોહાન ૧૪ : ૬).

"જીવનની રોટલી હું છું" (યોહાન ૬ : ૩૫).

"મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી" (યોહાન ૧૫ : ૫). વળી પ્રેરિતો શું કહે છે... "ઈસુ વગર બીજા કોઈથી તારણ નથી; કેમ કે આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી" (પ્રે.કૃ. ૪ : ૧૨).

યશાયાહ પ્રબોધક કેટલી મક્કમતાથી કહે છે... "ખચીત, તેણે આપણાં દરદ માથે લીધાં છે......આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો......"(યશા. ૫૩ : ૪–૬).

## III ઈસુને કઇ રીતે પ્રાપ્ત કરવો ?

ઈસુ એ જ એકલો તારનાર છે, એ જાણવું જરૂરનું છે; પણ વિશેષ અગત્ય તેને પ્રાપ્ત કરવાની છે. માંદા માણસ માટે દવાનું પ્રિસ્ક્રિપ્શન તેને સાજું કરતું નથી. તારણ પ્રાપ્ત કરવા તારનાર ઈસુ ખ્રિસ્તને પ્રાપ્ત કરવા જરૂરી છે.

તારણ ખરીદાતું નથી, એ તો ઈશ્વરનું દાન છે (એફેસી. ૨:૮).

"જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ; અને દેવે તેને મૂએલાંમાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ" (રૂમી. ૧૦:૯).

પોતાના પાપનું ભાન થવું......તે માટે માફી માગવી અને પસ્તાવો કરવો એટલે કે એવાં પાપથી પાછાં ફરી જવાનો એકરાર કરવો. ઈસુ પ્રભુને પોતાના તારનાર તેમ જ સ્વામી તરીકે સ્વીકારવો... નમ્ર બનીને તેની આધીનતામાં આવવું અને જીવનનું સ્વાર્પણ કરવું; એ જ જીવનનું બદલાણ.

## IV. તારણનાં ત્રણ પાસાં

તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું (યોહાન ૧૦:૧૦). આવા તારણની ખાતરી ગીત ૧૦૩માં બહુ સ્પષ્ટ દર્શાવી છે......

"તે તારાં સઘળાં પાપ માફ કરે છે." ગમે તેટલાં અને ગમે તેવાં સઘળાં પાપ માફ કરે છે.

"તારા સર્વ રોગ મટાડે છે." નવા જીવન માટે શરીર પણ નવું અને પુષ્ટ જોઈએ. તમે દેવનું મંદિર છો (૧ કરિંથી. ૩:૧૬). ઈશ્વર માયકાંગલા–જર્જરિત મંદિરમાં રહી શકે નહિ. માટે તે પોતાના નિવાસસ્થાનને તંદુરસ્ત નવું બનાવે છે.

"તારો જીવ નાશથી બચાવે છે." પાપનું પરિણામ નાશ. પાપથી મુક્ત કરીને નાશથી બચાવે છે.

એમ આત્મા–પ્રાણ–શરીર ત્રણેનો ઉદ્ધાર એ જ સંપૂર્ણ તારણ છે.

**V. નવું જીવન**

તારણ પ્રાપ્ત કરનારને નવું જીવન પણ પ્રાપ્ત થાય છે. આ જીવનને સંતાડી રાખવા માટે નહિ; દીવો સળગાવીને કોઈ તેને ઢાંકી રાખતું નથી, તેમ જ આ જીવન વૃદ્ધિ–વિકાસ અને ઘણાંના હિત માટે છે.

સર્વ પ્રકારે ઈસુ પ્રભુમાં વૃદ્ધિ પામીએ (એફેસી. ૪:૧૫). તેના નોતરાની આશા શી છે, તે જાણવા સારુ; તેનાં વચનો દ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનમાં વધીએ. પ્રાર્થનામાં લાગુ રહેવું. તેના તારણમાં આપણને એટલા માટે તેડવામાં આવ્યાં છે કે

"તું તે (ઈસુ)ની ઇચ્છા જાણે" (પ્રે.કૃ. ૨૨:૧૪)

"તે ન્યાયીને જુએ"

"તેના મોંની વાણી સાંભળે" માટે પસંદ કરાયા છો. અને પછી ખ્રિસ્તની પ્રીતિ ફરજ પાડે છે કે આ જીવનની વધામણીની વાત ઘરથી ધરતીના છેડા સુધી પ્રગટ કરીએ.

## ૮. પાણીથી બાપ્તિસ્મા–Baptism

ખ્રિસ્તી ધર્મમાં માત્ર બે જ સંસ્કાર પાળવાના બતાવાયા છે. પ્રત્યેક વ્યક્તિ જે પોતાને ઈસુ ખ્રિસ્તને સોંપે તેણે પ્રથમ પાણીથી બાપ્તિસ્મા પામવું અગત્યનું છે.

ઈસુ ખ્રિસ્ત માનવજાતનાં પાપની ખંડણી ચૂકવવા મરણ પામ્યો; એ વિશ્વાસ અને યાદગીરી માટે **પ્રભુભોજન** પાળવું એ બીજો સંસ્કાર છે (૧ કરંથી. ૧૧:૨૬).

**બાપ્તિસ્માનો અર્થ**—મૂળ ગ્રીક ભાષાનો શબ્દ '**Baptizo**' તે પછી અંગ્રેજીમાં **Baptise** શબ્દ બન્યો. આ શબ્દનો મૂળ અર્થ 'ડુબાડવું' એવો થાય છે.

પ્રત્યેક ખ્રિસ્તી વ્યક્તિ બાપ્તિસ્મા લેવાથી પોતાના જીવનના બદલાણની સાક્ષી આપે છે. જાહેરાત કરે છે. અન્ય જનસમૂહ આગળ આ તેની કબૂલાત છે. ઈસુ ખ્રિસ્ત એ જ તારનાર છે. એવો અંગત વિશ્વાસ આ ક્રિયા દ્વારા પ્રગટ કરે છે. ઈસુ પ્રભુ જે નવું જીવન આપવા મૂએલાંમાંથી સજીવન થયો, તેના પરનો વિશ્વાસ-તેના પ્રભુત્વની કબૂલાત અને પોતાના જીવનની આધીનતા દર્શાવવાનો આ સંસ્કાર છે.

**ઈસુની એ આજ્ઞા છે**—ઈસુ ખ્રિસ્તે પાપનું સંપૂર્ણ મૂલ્ય ચૂકવીને આખી માનવજાતનું તારણ સિદ્ધ કર્યું. એ કાર્યને તથા આ સુવાર્તા ધરતીના છેડા સુધી પહોંચાડવાનું કાર્ય પોતાના શિષ્યોને સોંપ્યું અને આજ્ઞા આપી કે "તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો; અને બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેમને બાપ્તિસ્મા આપતા જાઓ" (માત્થી ૨૮:૧૯).

પચાસમાના દિવસે ઈસુ ખ્રિસ્તના એકસોવીસ અનુયાયીઓ ઉપર પવિત્ર આત્મા ઊતર્યો, ત્યારે આ નવી અજાયબીનો પીત્તરે વિસ્તારપૂર્વક ખુલાસો કર્યો ત્યારે લોકોનાં મન વીંધાઈ ગયાં અને સૌનો એક જ પોકાર હતો કે "અમે શું કરીએ"? ત્યારે પીત્તરે કહ્યું કે 'પસ્તાવો કરો, અને દરેક બાપ્તિસ્મા પામો" (પ્રે. કૃ. ૨:૩૮).

ફિલિપ, હબશી ખોજાને શાસ્ત્રના પવિત્ર વચનો સમજાવી રહ્યો ત્યારે પાણીનો ઝરો દેખીને તરત તેણે કહ્યું 'મારે બાપ્તિસ્મા પામવાને શી અડચણ છે?' ઈસુ પર વિશ્વાસ કરીને બાપ્તિસ્માની જરૂરિયાત છે એ અહીં સ્પષ્ટ થાય છે (પ્રે. કૃ. ૮:૩૬-૩૭).

**બાપ્તિસ્મા કોણ લઈ શકે?**—આ સંસ્કાર કોઈ સામાન્ય રીતરસમ મુજબ લેવાનો નથી જ. જે કોઈ ઈસુ પ્રભુને પોતાના તારનાર તરીકે કબૂલ કરીને પોતાનાં પાપનો પસ્તાવો કરે. તે જ બાપ્તિસ્મા લઈ શકે (માત્થી ૩:૨; પ્રે. કૃ. ૨:૩૮).

પાપની કબૂલાત અને તેનાથી પાછા ફરી જવાનો એકરાર કરે તે (માત્થી ૩:૬; માર્ક ૧:૫). જે કોઈ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે, અને પોતાનું જીવન સમર્પણ કરે, તે જ બાપ્તિસ્મા લઈ શકે (માર્ક ૧૬:૧૬; પ્રે. કૃ. ૮:૧૨, ૩૬–૩૭; ૧૮:૮; ૧૯:૪–૫).

જે કોઈ ઈસુનો શિષ્ય બનવા ચાહે, તે જ આ બાપ્તિસ્મા લઈ શકે (માત્થી ૨૮ : ૧૯).

**બાપ્તિસ્મા શા માટે લેવું ?**—બાપ્તિસ્મા એ ખ્રિસ્તી ધર્મમાં દાખલ થવાનું માત્ર પ્રવેશ દ્વાર નથી. ખ્રિસ્તી જીવન એ તો સાચું અને વાસ્તવિક જીવન છે. એ જીવનને પ્રત્યક્ષ અને ખાતરીપૂર્વકનું બનાવવા બાપ્તિસ્મા દ્વારા શિક્ષણ મળે છે. ફરજ પડે છે. કેમ કે બાપ્તિસ્મા તે......

પાપનું નિવારણ થાય માટે (પ્રે. કૃ. ૨ :૩૮; ૨૨ :૧૬).
પાપમય જીવનને દાટી દેવા (કલોસી ૨ :૧૨).
દેવનું યથાર્થપણું પ્રગટ કરવા (લૂક ૭ : ૨૯).
દેવના ઇરાદા પૂર્ણ કરવા માટે (લૂક ૭ :૩૦).
દેવનું ન્યાયીપણું પૂરું કરવા (માત્થી ૩:૧૫).
ખ્રિસ્તને પહેરી લેવા માટે (ગલાતી ૩ : ૨૭).

આ સંસ્કારની અગત્યતા છે એટલી જ તેની ગંભીરતા પણ છે. માટે તે એક જ વાર લઈ શકાય (એફેસી. ૪:૫).

**બાપ્તિસ્માના દાખલા**—સૌથી ઉત્તમ દાખલો ઈસુ ખ્રિસ્તે પોતે બાપ્તિસ્મા લઈને આપ્યો છે (લૂક ૩:૨૧–૨૨).

ઈસુના શિષ્યો ઘણા લોકોને બાપ્તિસ્મા આપતા (યોહાન ૪:૨).
પચાસમાના દિવસે ત્રણ હજારનાં બાપ્તિસ્મા થયાં (પ્રે. કૃ.૨:૪૧).
સમારિયામાં ફિલિપે બાપ્તિસ્મા કર્યાં (પ્રે. કૃ. ૮ : ૧૨).
હબશી ખોજાનું બાપ્તિસ્મા (પ્રે. કૃ. ૮ : ૩૮).
શાઉલે દર્શન થયા પછી બાપ્તિસ્મા લીધું (પ્રે. કૃ. ૯ : ૧૮).

કરનેલ્યસના કુટુંબનાં બાપ્તિસ્મા (પ્રે. કૃ. ૧૦ :૪૮).
લુદિયા તથા કુટુંબ...(પ્રે. કૃ. ૧૬ : ૧૫).
જેલને દરોગો અને આખું કુટુંબ (પ્રે. કૃ. ૧૬ : ૩૩).
ક્રિસપસનું કુટુંબ અને કોરિંથનાં ઘણાં (પ્રે. કૃ. ૧૮ : ૮).
એફેસસના લોકો બાપ્તિસ્મા પામ્યા (પ્રે. કૃ. ૧૯ : ૫).

**બાપ્તિસ્માની રીત**—ખ્રિસ્તી મંડળીઓમાં કેટલીક જુદી જુદી રીતો આ સંસ્કાર આપવામાં જોવા મળે છે. પરંતુ પવિત્ર શાસ્ત્રમાંથી મળતી અને દર્શાવાયેલી રીત એ જ એક સાચી અને અપનાવવા જોગ ગણાય.

ઈસુ ખ્રિસ્તે પોતે યરદન નદીનાં પાણીમાં ડૂબકી મારીને બાપ્તિસ્મા લીધું, એમ અજોડ નમૂનો પૂરો પાડયો છે (માત્થી ૩: ૧૬; માર્ક ૧ : ૧૦).

બાપ્તિસ્માનો મૂળ અર્થ જ ડુબાડવું એવો થાય છે. આ સંસ્કારની રીત તે વાસ્તવિક ખ્રિસ્તી જીવનનું પ્રતીક બની રહે છે. જૂના માણસપણાને મારી નાખવું...તેને દાટી દેવું...અને નવા જીવન માટે સજીવન થવું; એ આ બાપ્તિસ્માની રીતથી સાબિત થાય છે. પાણીમાં ઊતરવું...ડુબાડવું એટલે દાટવું અને પછી બહાર આવવું (રૂમી. ૧૦ : ૯; કલોસી. ૨ : ૧૨).

બાપ્તિસ્મા લેવાથી પાપની માફી મળતી નથી, પાપની માફી તો માત્ર પ્રભુ ઈસુ પરના વિશ્વાસ દ્વારા તેના વધસ્તંભ પર વહેવડાવેલા રક્તથી મળે છે. બાપ્તિસ્મા તો માત્ર તારણની નિશાની-સાક્ષી છે.

બાપ્તિસ્મા માટે જ્યારે વ્યક્તિ પાણીમાં ઊતરે છે, ત્યારે તે ખ્રિસ્ત ઈસુના મરણના સહવારસદાર છે એમ ગણીને પોતાના જૂના માણસપણાને મારી નાખે છે–તજી દે છે. મરેલાંને દાટવાની સંજ્ઞા રૂપે પાણીમાં ડુબાડી દેવાય છે; અને પાછા બહાર આવી તે નવા જીવનનો એકરાર કરે છે. જનસમૂહ સમક્ષ નવા જીવનની આ સાક્ષી છે.

ઉપરોક્ત બાબતોથી એ સ્પષ્ટ ફલિત થાય છે કે પાણીનું બાપ્તિસ્મા ડૂબકી મારીને જ લેવું તથા આપવું.

બીજી અગત્યની બાબત કે જે કોઈ ઈસુ પર વિશ્વાસ કરે તથા તેને પોતાના પ્રભુ તથા તારનાર તરીકે સ્વીકારે તે જ બાપ્તિસ્મા લે. માટે નાનાં બાળકોને બાપ્તિસ્મા ઉચિત નથી જ.

પવિત્રશાસ્ત્રમાં શીખવ્યા મુજબ આ પવિત્ર સંસ્કાર લેવાય અને અપાય એ યથાયોગ્ય છે.

• **બાપ્તિસ્મા કેટલીવાર લઈ શકાય?** એક જ પ્રભુ તેના ઉપરનો એક જ વિશ્વાસ અને તે માટેનું એક જ બાપ્તિસ્મા છે (એફેસી. ૪ : ૫). તે એક જ વાર લેવાનું છે. ઈસુ ખ્રિસ્ત જે નિષ્કલંક પાપ રહિત હતો, તેના બલિદાન દ્વારા માનવીનાં પાપની ખંડણી ભરપાઈ થઈ. જે કોઈ આ વિશ્વાસ કરે અને પ્રભુ ઈસુને પોતાના સ્વામી અને પ્રભુ તરીકે સ્વીકારે–કબૂલાત આપે તે તારણ પામે (રૂમી. ૧૦:૯). અને તેની ખાતરી માટે તે બાપ્તિસ્મા લે.

આમ શરણાગતિ સ્વીકાર્યા પછી શરણે આવેલાંને કશું જ કરવાનું રહેતું નથી. તેની શરણાગતિ અને નમ્ર આધીનતા પછી તેને માટેની સઘળી જવાબદારી તેનો પ્રભુ–તેનો ઈશ્વર તે ઉપાડી લે છે. તેથી વારંવાર કે એકથી વધારે વખત બાપ્તિસ્મા લેવાની જરૂર રહેતી નથી. "જેટલા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યા, તેટલાએ ખ્રિસ્તને પહેરી લીધો" (ગલાતી ૩ : ૨૭). "અને જે નવું માણસપણું તેના ઉત્પન્નકર્તાની પ્રતિમા પ્રમાણે તેના જ્ઞાનને અર્થે નવું કરાતું જાય છે, તે તમે પહેર્યું છે" (કલોસી. ૩ : ૧૦).

જોજે નવી પ્રતિમા ખરડાય નહિ, અને નવાં વસ્ત્રને ડાઘ લાગે નહિ.

બાપ્તિસ્મા એ નાનાં બચ્ચાંને રમવાનું રમકડું નથી; કે જે માબાપ લાવી આપે. વિશ્વાસના ખડક પર નવા જીવનનો આ તો

પાયો છે; અને એ પાયાની મજબૂતાઈ વડે જ નવા જીવનના ઝંઝાવાતો અને દુષ્ટતાના બળતા ભાલાઓ સામે અડીખમ અડગ રહેવાનું છે.

## ૯. પવિત્ર આત્માનું દાન

"હવે આ સાંભળીને તેઓનાં મન વીંધાઈ ગયાં, અને તેઓએ પીત્તરને તથા બીજા પ્રેરિતોને કહ્યું, કે ભાઈઓ, અમે શું કરીએ? ત્યારે પીત્તરે તેઓને [કહ્યું, કે] પસ્તાવો કરો......દરેક બાપ્તિસ્મા પામો,......અને તમને પવિત્ર આત્માનું દાન મળશે"
(પ્રે. કૃ. ૨ : ૩૭–૩૮).

પવિત્ર આત્મા વિષે જાણ્યા પછી આ પવિત્ર આત્માનું દાન માણસને ક્યારે, કેવી રીતે પ્રાપ્ત થાય તે સમજવાની અગત્ય છે, શરૂઆતના જમાનામાં એ સ્વભાવિક ગણાય (પ્રે. કૃ. ૧૯ : ૨). પણ આજેય ઘણી મોટી મંડળીઓના સભાસદો પવિત્ર આત્મા પામ્યા વગરના અને તે વિષેના જ્ઞાન વગરના જોવા મળે છે.

આકાશ તથા પૃથ્વીના સર્જનમાં ત્રિએક ઈશ્વર એટલે ઈશ્વરપિતા ઈશ્વરપુત્ર–અને ઈશ્વર પવિત્ર આત્મા હતા. અસ્તવ્યસ્ત અને ખાલી પૃથ્વીને વ્યવસ્થિત અને ભરપૂર કરવામાં પણ એ જ ત્રિએક ઈશ્વર હતો...આદમના પતનથી જ ઈશ્વરપિતાએ માનવજાતને ઉગારવા અનેક પ્રયત્નો કર્યા. માનવીને યોજનાઓ અને રીતો આપ્યાં. નિયમશાસ્ત્ર આપ્યું. પણ માણસ પોતાની મેળે કરણીઓથી બચી શક્યું જ નહિ. ત્યારે ઈસુ ખ્રિસ્ત–ઈશ્વરપુત્ર, જગત પર માનવ બનીને આવ્યો. નિષ્કલંક–નિરંજન જીવન જીવ્યો. માનવીના પાપની ખંડણી ચૂકવવા તે બલિ બની ગયો. મરાયો–દટાયો, પણ ફરી સજીવન થયો. ચાળીસ દિવસ તેના જીવિતપણાની ખાતરી કરાવી. તે સ્વર્ગારોહણ થયો. એની કામગીરી પૂરી થઈ. પણ તેણે પોતાના શિષ્યોને વચન આપ્યું

કે 'હું તમને અનાથ મૂકીશ નહિ (યોહાન ૧૪ : ૧૮); પણ સંબોધક એટલે પવિત્ર આત્મા મોકલી આપીશ' (યોહાન ૧૪ : ૧૬).

આ પવિત્ર આત્માનું દાન હતું. માનવજાતનું તારણ સિદ્ધ થયા પછી એ તારણમાં લોકોને લાવી, તેઓને સંસ્થાપિત કરી ઈશ્વરની મંડળી ડાઘ અને કરચલી વગરની કન્યા તરીકે રજૂ કરવાનું કાર્ય પવિત્ર આત્માને સોંપાયું. એમ જગતના સર્જનથી તેના અંત સુધી ત્રિએક ઈશ્વરની આ કામગીરી હતી.

હવે જૂના કરારના જમાનામાં આદમથી માંડીને ઇસુ ખ્રિસ્તના જન્મ સુધી; ઈશ્વરપિતા પોતાનાં ચોક્કસ કાર્યો કરવા પોતાની ઇચ્છા પ્રગટ કરવા, ચેતવણી આપવા, ભવિષ્યકથનો કહેવા અને પ્રકટીકરણ દર્શાવવા તે અમુક વ્યક્તિને પસંદ કરતો, અને તેને પવિત્ર આત્મા આપતો. આવાં ચોક્કસ કાર્યો પૂર્ણ થયા પછી પવિત્ર આત્મા પાછો લઈ લેવાતો. વળી આત્માના આ દાન માટે જે તે વ્યક્તિનું ઈશ્વર પ્રત્યે વિશ્વાસુપણું અને આજ્ઞાધીનતા મુખ્ય ગણાતાં; પછી તે વ્યક્તિ ગમે તે કુળ કે કુટુંબની હોય-તેનો વ્યવસાય ગમે તે હોય-ગરીબ કે તવંગર હોય તે ગૌણ હતાં.

નવા કરારમાં ઈસુ ખ્રિસ્તે પવિત્ર આત્મા મોકલી આપવાનું વચન આપ્યું. આ વચન સર્વને માટે હતું, એટલું જ નહિ, પણ આ દાન સદા રહેવા માટે હતું (યોહાન ૧૪ : ૧૬-૧૭).

ઈસુના આ વચન મુજબ જ તેના સ્વર્ગમાં ચઢી ગયા બાદ દશમા દિવસે, યરૂશાલેમના એક ઘરમાં ઉપલી મેડીમાં જ્યાં સૌ મળીને એકસોવીસ સ્ત્રી-પુરુષો હતાં તે સર્વ ઉપર પવિત્ર આત્મા ઊતર્યો... (પ્રે. કૃ. ૨ : ૪).

ઈસુ પ્રભુના શિષ્યો ઉપર પવિત્ર આત્મા રેડાયો તેનો આ સૌ પ્રથમ અનુભવ હતો. આ પ્રથમ અનુભવથી જ બીજા ત્રણ હજાર માણસો ઈસુ પરના વિશ્વાસમાં જોડાયાં. ખ્રિસ્તી મંડળીનો જન્મ-

દિવસ આ હતો. પવિત્ર આત્માની કાર્યવાહી અહીંથી શરૂ થઈ. આ જીવન બદલાણનું ભગીરથ કાર્ય તે કોઈ પરાક્રમથી નહિ, તેમ બળથી પણ નહિ, પણ મારા આત્માથી થશે એમ સૈન્યોનો દેવ યહોવાહ કહે છે (ઝખાર્યાહ ૪ : ૬).

પવિત્ર આત્મા સંબંધી કેટલીક વિગતો પ્રભુનાં વચનોમાંથી શીખીએ. જેમ કોઈ વ્યક્તિનાં બે નામ હોય તો તે વ્યક્તિને ઓળખવા માટે બન્ને નામ જાણવાની જરૂર છે, એમ જ પ્રકટી. ૩ : ૧માં ઈશ્વરના સાત આત્મા દર્શાવાયા છે, તો આ સાત આત્મા કયા ?

**૧. સંબોધક અગર દિલાસાનો આત્મા...**

(યોહાન ૧૪ : ૧૬)

પાપમાં પડેલા અને શેતાનથી કચડાતા માનવીને દિલાસો આપી તેને સત્ય માર્ગ અને જીવન વિષે ભાન કરાવે છે.

**૨. સત્યનો આત્મા** ..(યોહાન ૧૬ : ૧૩)

જીવનનાં મૂલ્યો અને સત્યો શીખવીને માનવીના જીવનમાં નવી ઉત્તેજના અને તમન્ના ઉત્પન્ન કરે છે.

**૩. પવિત્રતાનો આત્મા**...(રૂમી. ૧ : ૪)

વેડફાઈ જતા જીવનનું મૂલ્યાંકન સમજાતાં તે પવિત્રીકરણ તરફ વળે છે. જીવન કિંમતી બનાવે છે.

**૪. સામર્થ્યનો આત્મા**...(૨ તીમોથી ૧ : ૭)

માનવીના જીવનમાં પવિત્રતા જાગતાં જ તે પ્રેમ તરફ વળે છે. પોતાનાં મન અને બુદ્ધિને સાવધ કરે છે. એમ સામર્થ્ય પ્રાપ્ત કરે છે.

**૫. અભિષેકનો આત્મા**...(૧ યોહાન ૨ : ૨૭)

જીવનના વિકાસને અભિષેક કરનાર-મુદ્રાંકિત કરે છે. એવા જીવને આત્મા પોતાનો કરી લે છે. તે સઘળી બાબતો શીખવીને જીવનને પરિપક્વ બનાવે છે.

૬. પુત્રપણાનો આત્મા...(ગલાતી ૪ : ૬)

પવિત્ર આત્માથી અભિષેક થયેલા માનવીને પુત્રપણાનો હક્ક પ્રાપ્ત થાય છે. હવે તે ઈશ્વરને પોતાના બાપ તરીકે ગણે છે, કેમ કે તે તેને ઓળખે છે. હવે તે પાપનો દાસ નથી, પણ ઈશ્વરનો પુત્ર બન્યો છે.

૭. સનાતન આત્મા...(હેબ્રી. ૯ : ૧૪)

સનાતન, સાર્વકાલિક આત્મા માનવીને સઘળાં નિર્જીવ કામોથી મુકત કરીને ઈશ્વર માટે શુદ્ધ અને પવિત્ર પાત્ર તૈયાર કરે છે. કેવી મહાન અને યોજનાપૂર્વકની આ કામગીરી છે! એ પવિત્ર આત્માને ત્રિએક ઈશ્વરનો ધન્યવાદ હો.

ઉપરોક્ત પવિત્ર આત્માનાં સાત નામ જાણ્યા પછી તે આપણા જીવનમાં કેવી જુદી જુદી રીતે પોતાની કામગીરી બજાવે છે, તથા આપણાં જીવનોને તૈયાર કરે છે; એ સમજીને આપણે આધીન થઈએ છીએ ત્યારે તે આપણા જીવનમાં વધારે ઘેરી અને ઊંડી રીતે અજાયબ કાર્યો કરે છે. હવે તે આપણા જીવનમાં અંગત અને આંતરિક રીતે કાર્ય કરે છે; જે બહાર દેખાતું નથી.

જેમ દરેક ઝાડનાં થડ–ડાળીઓ–પાંદડાં–ફૂલ–ફળ આપણે જોઈએ છીએ, પણ એ સર્વનો આધાર મુખ્યત્વે તેનાં મૂળમાં રહેલો છે. ઝાડને તેનાં મૂળ દ્વારા જ પોષણ મળે છે. વળી આ મૂળિયાં દેખાતાં નથી તેમ જ ઝાડને પોષણ આપવાની તેની ક્રિયા જોવાતી નથી. પૃથ્વીના પેટાળમાં ઢંકાઈ રહેલાં મૂળ, અદૃશ્ય રીતે પોષણ ન આપે, તો ઝાડ કરમાઈ જાય–સુકાઈ જાય...તેમ જ, પ્રત્યેક નવો જન્મ પામેલ વ્યકિતના જીવનમાં પણ બને છે. પવિત્ર આત્મા તેમના જીવનમાં આંતરિક રીતે કાર્ય કરે છે. પોષણ આપે છે. ઝાડનાં મૂળ માટી–કાદવ–કીચડમાં રહીને; કયાંથી અને કેવી રીતે ઝાડને માટે પોષણ મેળવે છે તે ઈશ્વરની કરામત છે. એમ જ તારણ પામેલી દરેક

વ્યક્તિ જગતમાં તેની આંટી-ઘૂંટી-મેલ અને કચરામાં રહીને પણ પોતાના જીવનને ખીલેલું-ફળવંત બનાવી શકે છે. આ પવિત્ર આત્માની આંતરિક કામગીરી છે. હવે આ કાર્ય પદ્ધતિના સાત પ્રકાર જોઈએ જે અદૃશ્ય છે.

**૧. મુદ્રાંકિત કરે છે......**(એફેસી. ૧ : ૧૩). પ્રભુ ઈસુના વચન દ્વારા પ્રાપ્ત થયેલો પવિત્ર આત્મા, નવો જન્મ પામનાર વ્યક્તિને પોતાને સારુ મુદ્રાંકિત કરે છે. છાપ મારે છે, વ્યક્તિને તે પોતાની મિલકત બનાવે છે. હવેથી તે જગતની નહિ પણ દેવની વ્યક્તિ બને છે. "તું મારી દૃષ્ટિમાં મૂલ્યવાન થયો છે; તું સન્માન પામેલો છે; મેં તારા પર પ્રીતિ કરી છે" (યશા. ૪૩ : ૪). દેવનું આ વચન જગતના માનવી માટે કેટલું મહાન છે?

**૨. દેવના શરીરના અવયવ બનાવે છે......**
(૧ કરિંથી. ૧૯ : ૧૩).

શરીરના અવયવોનું સંગઠન અને કાર્યો કેવાં મુગ્ધ કરનારાં છે! ત્યારે પ્રભુના શરીરના અવયવ બનવું એ કેટલું અધીક છે. "કેમ કે આપણે તેના શરીરના અવયવો છીએ" (એફેસી ૫ : ૩૦). તમારું શરીર પવિત્ર આત્માના નિવાસનું મંદિર છે (૧ કરિંથી. ૬ : ૧૦). કેવું નવું મૂલ્ય! કેવી નવી દૃષ્ટિ!

**૩. પવિત્ર આત્મા બાનારૂપ બને છે...**(એફેસી. ૧ : ૧૪).
દેવના દ્રવ્યરૂપી લોકોમાં આપણો સમાવેશ કરવાને પવિત્ર આત્મા આપણું બાનું-ખાતરી-જામીન બને છે. તે આપણું ઓળખપત્ર બને છે. ઈશ્વરના દ્રવ્યરૂપી લોકોમાં તમને પ્રવેશ મળે છે. કેવી ધન્ય પ્રાપ્તિ! ઈશ્વરના વતનના નાગરિક બનીએ છીએ (૧ પીતર ૧ : ૪).

**૪. જ્ઞાનને સારુ બુદ્ધિ તથા પ્રકટીકરણનો આત્મા...**
(એફેસી ૧ : ૧૭).

પ્રભુ ઈસુ ખ્રિસ્ત તથા મહિમાવાન ઈશ્વરપિતા વિષે જ્ઞાન પ્રાપ્ત

ચાય માટે આ કૃપાદાન આપવામાં આવે છે. પછી તેણે મને કહ્યું કે "તું તેની ઇચ્છા જાણે, તે ન્યાયીને જુએ, તેના મોંની વાણી સાંભળે માટે આપણા પૂર્વજોના ઈશ્વરે તને પસંદ કર્યો છે" (પ્રે. કૃ. ૨૨ : ૧૪). "વિશ્વાસની સારી લડાઈ લડ, અનંતજીવન ધારણ કર; એને સારુ તને તેડવામાં આવ્યો છે" (૧ તિમોથી ૬ : ૧૨).

કેવી મહત્વની જગાએ લાવવામાં આવ્યાં છીએ !

**૫. સામર્થ્ય-બળ આપનાર આત્મા...(એફેસી. ૩ :૧૬).**

ઈશ્વરની અમાપ્ય શક્તિ વડે તે આપણને બળ આપે છે. તૈયાર કરે છે કે દુષ્ટતાના બળતા ભાલાઓ આપણે હોલવી શકીએ. કેમ કે આ યુદ્ધ અંધકારરૂપી જગતના સત્તાધારીઓ સામે આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં આત્મિક લશ્કરો સામે છે" (એફેસી. ૬ : ૧૦–૧૨). માટે પ્રભુમાં તથા તેના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ. દેવનાં હથિયારો સજી લઈને તૈયાર બનીએ, જેથી ભૂંડા દહાડે સામા થઈ શકીએ.

**૬. પવિત્રીકરણ કરનાર આત્મા...(૨ પીતર ૧ : ૪).**

જગતમાંની જે દુર્વાસનાથી દુષ્ટતા થાય છે, તેથી છૂટીને ઈશ્વરી સ્વભાવના ભાગીદાર બનીએ માટે તે આપણા આંતરિક મનુષ્યત્વનું શુદ્ધીકરણ કરે છે. ધોળેલી સુશોભિત કબર જેવા નહિ. કેમ કે માણસમાંથી જે નીકળે છે તે જ માણસને વટાળે છે. એટલે માણસના હૃદયમાંથી ભૂંડા વિચારો નીકળે છે. જેમ કે છિનાળાં, ચોરી, હત્યા, વ્યભિચાર, લોભ, દુષ્ટતા, કપટ, કામાતુરપણું, અદેખાઇ, નિંદા, અભિમાન, મૂર્ખતા એ ભૂંડાં વાનાં માંહેથી નીકળે છે, અને માણસને વટાળે છે (માર્ક ૭ : ૨૧–૨૩).

**૭. શીખવનાર આત્મા...(૧ યોહાન ૨ : ૨૭).**

સંબોધક–સત્યનો આત્મા, સઘળા મર્મો, સઘળાં સત્યો શીખવશે. કોઈ બીજા શિક્ષકની જરૂર નથી. પવિત્ર આત્મા એ જ આપણો માર્ગદર્શક અને ભોમિયો–શિક્ષક બને છે.

પૂરી નમ્રતાથી આપણે પવિત્ર આત્માને આધીન થઇએ. તે આપણાં જીવનનું અદૃશ્ય રીતે આંતરિક રૂપાંતર કરીને આપણને ઈશ્વરનાં બનાવે છે. ઈશ્વરની કેવી મહાન યોજના! "કેમ કે યહોવાહ દેવની નજર આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે, જેથી જેઓનું અંતઃકરણ તેની તરફ સંપૂર્ણ છે, તેઓને સહાય કરીને પોતે બળવાન છે એમ દેખાડી આપે" (૨ કાળ. ૧૬ : ૯). તેની કેટલી બધી કાળજી! તેનો કેવો પ્રેમ! માણસ પ્રત્યે તેની કેટલી બધી અનુકંપા! પોતે ઘડેલા અને પોતાને સારુ બનાવેલા માનવીના પતનથી તેને પાછું વાળવા તે રાતદિવસ મહેનત કરે છે (યોહાન ૫ : ૧૭; ૯ : ૪).

જો ઈશ્વર પોતે માણસ વિષે આટલો બધો આતુર અને સજાગ છે તો માણસ પોતે પોતાના જીવન વિષે કેવી રીતે બેદરકાર રહી શકે?

હવે અદૃશ્ય રીતે આંતરિક પોષણ મેળવીને ઝાડ દૃશ્ય રીતે વધતું-ખીલતું જાય છે, ત્યારે પણ તેને કેટલાંક બહારનાં ભયસ્થાનો સામે સારસંભાળની જરૂર છે. તેમ જ નવો જન્મ પામેલ દરેક વ્યક્તિ આંતરિક રીતે પવિત્ર આત્માનું બળ પામે છે. પણ તેના બાહ્ય જીવનના વ્યવહાર અને વિકાસમાં પણ કેળવવાની અગત્ય છે. તેથી જ દાઉદ ભક્ત ઈશ્વરની આગળ પોતાની કમજોરી જાહેર કરતાં વિનંતી ગુજારે છે કે 'મારું બેસવું તથા ઊઠવું--બોલવું તથા ચાલવું, તું તપાસી જો; મારા દુરાચારથી મને પાછો ફેરવ."

કુટુંબના-સમાજનાં અને જગતનાં આપણાં કાર્યો અને વ્યવહારમાં અનેક પ્રશ્નો અને મૂંઝવણોનો સામનો કરવો પડે છે, ત્યારે પણ દાઉદની માફક આપણે પોકારીએ છીએ કે "પર્વતો તરફ હું મારી આંખો ઊંચી કરું છું, મને ક્યાંથી સહાય મળે?" (ગીત. ૧૨૧ : ૧). ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ કે તેણે આ વ્યવસ્થા અને મદદ પણ રાખ્યાં છે. પવિત્ર આત્મા જે આપણાં આંતરિક જીવનોનું શુદ્ધીકરણ કરીને આપણને નવાં બનાવે છે. તે આપણા જગત પરનાં

બાહ્ય જીવનો પણ સંભાળે છે. બાહ્ય જીવનના વિકાસ-વૃદ્ધિ અને રક્ષણ માટે પણ પ્રબંધ કરે છે.

પવિત્ર આત્માની આવી સાત પ્રકારની કાર્યરીતિ વિષે તપાસીએ અને શીખીએ......રૂમીઓને પાઉલ પ્રેરિત પત્ર લખીને ઘણી બાબતો સમજાવે છે; તેમ આ બાબત વિષે પણ તે આઠમા અધ્યાયમાં સમજાવે છે.. ...

**૧. વાસો કરનાર પવિત્ર આત્મા......(કલમ ૯).**

પરદેશની મુસાફરીમાં આપણને ભોમિયાની જરૂર પ્રડે છે. તે આપણી સાથે રહીને આપણને બધું દેખાડે છે. સમજાવે છે. તેમ જ આ પૃથ્વી પર આપણે મુસાફરો છીએ. આવી મુસાફરી પૂરી થાય ત્યાં સુધી પવિત્ર આત્મા આપણામાં અને સાથે રહીને આપણાં સર્વ કાર્યોમાં પ્રોત્સાહિત કરે છે. સઘળા વ્યવહારો અને પ્રસંગોમાં તે માર્ગદર્શન આપે છે. આપણે જગતનાં નથી, તેવું સતત ભાન કરાવે છે. કારણ આપણાં શરીર તે તો પવિત્ર આત્માનાં રહેઠાણ-મંદિર છે (૧ કરંથી. ६ : ૧૯).

મંદિર અને તેની જગા કેવાં રમણીય લાગે છે. ત્યાં કેવી શાંતિ અને મનની પવિત્રતા ઉદ્દભવે છે. ત્યાં પ્રેમના પવન પ્રસરતા અનુભવાય છે......પવિત્ર આત્મા તમારામાં વાસો કરે છે, માટે તમારાં શરીરો વડે દેવને મહિમા આપો.

**૨. ઉત્તેજન આપનાર પવિત્ર આત્મા... (કલમ ૧૧)**

જે પવિત્ર આત્મા આપણી સાથે રહે છે તે આપણને નવી આશા અને પ્રોત્સાહન આપે છે, કે આ અલ્પ અને મર્ત્ય જીવન પછી ઇશ્વર આપણને અનંતજીવન આપનાર છે. આવાં અમરપણાંની આશાથી ઉત્તેજિત કરી આપણા જીવનને નવી દિશા અને નવાં ઉમંગ અર્પે છે. સંત પાઉલ કહે છે કે, "એ ધન્ય ઘડીની આશામાં હું આગળ ધસું છું. અનુકૂળ અને પ્રતિકૂળ સમયો અને સંજોગોમાં

તે હિંમત અને બળ આપે છે. જેથી આપણે હસતાં-હસતાં જીવન જીવીએ છીએ.''

**૩. દોરનાર-શીખવનાર આત્મા...(કલમ ૧૪)**

પવિત્ર આત્મા આપણો ભોમિયો બનીને દોરે છે. તે સઘળાં સત્યો શીખવે છે. ઈશ્વરની ઇચ્છાઓ આપણી આગળ પ્રગટ કરીને તે પ્રમાણે ચાલવાનું પ્રોત્સાહન આપે છે. ઈશ્વરની મરજીને આધીન બનાવી આપણી પાસે કાર્યો કરાવવાને તે બળ આપે છે કે જેથી આપણે ઈશ્વરનાં દીકરા-દીકરીઓ બનીએ. તેનાં જેવાં બનીએ.

**૪. દત્તકપુત્રપણાનો આત્મા - (કલમ ૧૫)**

ઈશ્વરની સાથે આપણું સમાધાન કરાવી તેનાં દીકરા-દીકરીઓ બનાવે છે. ઈશ્વરના સંપર્કમાં રાખી તેની નિકટનાં જાણકાર બનાવે છે. દીકરા-દીકરીઓ મોટાં થતાં પોતાનાં મા-બાપનાં મદદગાર અને ભાગીદાર બને છે-ઘરનો વ્યવહાર અને કારભાર ઉપાડવામાં મદદ કરે છે. બાળકો માબાપની ઇચ્છા અને મરજીને આધીન હોય છે, ત્યારે તેમને ભય-બીક અગર દબાયેલાપણું-દાસત્વપણું લાગતું નથી. ઘરમાં-કુટુંબમાં તેઓ નિર્ભય અને મુક્ત રહે છે. આનંદ કરે છે.

**૫. સાક્ષી આપનાર આત્મા—(કલમ ૧૬)**

દત્તકપુત્રપણા દ્વારા ઈશ્વરના છોકરાં બનીને આપણે ઈશ્વરને આબ્બા-બાપ કહીએ છીએ અને સ્વીકારીએ છીએ. કેમ કે તેમ કરવાને આત્મા આપણને સાક્ષી અને ખાતરી આપે છે. ઈશ્વરપિતાની સંપત્તિ અને ભરપૂરીપણાના આપણે હક્કદાર-ભાગીદાર છીએ તેનું ભાન કરાવે છે. ઈશ્વરની સંપત્તિ, તેના ભંડારોનું ભરપૂરીપણું કેટલાં અગાધ છે તે આત્મા આપણને શીખવે છે. આપણામાં ઊંડો અને ખરો વિશ્વાસ પેદા કરે છે, કે આપણે રેંજીપેંજી નહિ પણ આપણે રાજાઓના રાજા અને દેવોના દેવનાં પણ સંતાનો છીએ. જો ઈશ્વર આપણા પક્ષનો, આપણો બાપ, તો આપણી સામો કોણ !" (કલમ ૩૧).

ડરપોક બનીને આપણે જીવતાં નથી. પણ હિંમતપૂર્વક. "જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું તો પણ હું કંઈ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તું મારી સાથે છે". (ગીત. ૨૩ : ૪). હેબ્રીઓના પત્રના અગિયારમા અધ્યાયમાં કેટલા બધા શહીદોના દાખલાની ભીડ આપણી આગળ છે.

પવિત્ર આત્મા આપણને ખાતરી કરાવનાર સાક્ષીરૂપ છે.

**૬. શીખવનાર આત્મા—(કલમ ૨૬).**

પવિત્ર આત્મા આપણી નિર્બળતાઓ જાણે છે. તેથી તે આપણને સઘળી ગૂઢ વાતો—મર્મો અને સત્યો શીખવે છે. વળી યથાયોગ્ય પ્રાર્થના કેવી કરવી તે પણ શીખવે છે. ઈશ્વરપિતાની મરજી સમજીને તેની ઇચ્છા પ્રમાણે કરેલી પ્રાર્થના સાર્થક થાય છે (૧ યોહાન ૫ : ૧૪).

"તે તમને બધું શીખવશે, અને મેં જે જે તમને કહ્યું તે બધું તે તમારા સ્મરણમાં લાવશે" (યોહાન ૧૪:૨૬)

**૭. મધ્યસ્થી કરનાર આત્મા-(કલમ ૨૭)**

પસંદ કરાયેલાં બાળકો માટે ઈશ્વરપિતાની શી અને કેવી ઇચ્છા છે, તે પવિત્ર આત્મા જાણે છે. કેમ કે ત્રિએક ઈશ્વરમાંની એક વ્યક્તિ છે. હવે આ જગતમાં રહેતાં નવો જન્મ પામેલાં બાળકોને ઈશ્વરપિતાની મરજી અને નિયત ઇચ્છાઓ પ્રમાણે જીવતાં જે નિર્બળતાઓ અને રૂકાવટ કરનારી બાબતો તે સર્વ માટે આત્મા આપણી વતી ઈશ્વરપિતા સમક્ષ વિનંતીઓ કરે છે. આપણી નિર્બળતાઓને આપણી વિરુદ્ધ લેખાંમાં ગણવા દેતો નથી. બાપ આગળ તે આપણા વતી વકીલાત કરે છે.

ઉપરોક્ત સાત પ્રકારની પવિત્ર આત્માની કામગીરી તે આપણાં સ્વીપૃ પરનાં બાહ્ય જીવનો માટે છે. પવિત્ર આત્માની આ સાત પ્રકારની મદદ વડે જ આપણે સારું અને ઈશ્વરને ગમતું એવું જીવન જીવી

શકીએ છીએ. આ આપણું બાહ્ય જીવન સૌના સંપર્કમાં આવતું અને જોવાતું–અનુભવાતું તે ઈશ્વરના ફળ આપતાં સુધીનું ખીલેલું –ફાલેલું બને માટે પવિત્ર આત્મા આપણને અપાયો છે.

ઈશ્વરપિતા અને ઈશ્વરપુત્ર–ઈસુ ખ્રિસ્તની આ કેવી મહાન ગોઠવણ છે! પવિત્ર આત્માની કેવી ચોક્કસ અને સિદ્ધ કાર્યપદ્ધતિ છે! ઈશ્વરની આધીનતામાં આવી તેના તરફથી મળતા પવિત્ર આત્માનું દાન પામ્યા વગરના રહેશો? આ જીવનનો સર્વકાળનો નાશ તમને ગમશે?

હજી તક છે. બારણું ખુલ્લું છે. હજી જગા છે (લૂક ૧૪:૨૨).

નવો જન્મ પામેલ વ્યક્તિને પવિત્ર આત્માનું દાન પ્રાપ્ત થાય છે. પવિત્ર આત્મા વિવિધ રીતે મનુષ્યજીવનનું અંદરથી તેમ જ બહારથી શુદ્ધીકરણ કરીને અગાઉના અધર્મ જીવનનું અનોખું રૂપાંતર કરે છે. આ સર્વ કરવામાં મનુષ્યની આધીનતા મોખરે ગણાય છે. માણસે નવો જન્મ પામવો એ અગત્ય છે. સારું છે.–આટલેથી કાર્ય પૂરું થતું નથી. અટકતું નથી–આ તો માત્ર પ્રસ્થાનની દિશા જ ઊલટાવી છે. પ્રસ્થાન તો હવે શરૂ થાય છે. ઘણા ખ્રિસ્તીઓ આ અનુભવ મળવાથી સંતોષ માની લે છે. જેમ કે સમયસર દેવળમાં અને ભક્તિસભાઓમાં જવું, ચોક્કસ જગાએ બેસવું, ઓછું બોલવું, ઓછું હળવું મળવું, સાદાં કપડાં પહેરવા, સાદો ખોરાક લેવો, અમુક રીતરિવાજ અપનાવવાં, વગેરેમાં આનંદ અને સંતોષ માને છે. આવા પ્રાથમિક અનુભવમાંથી જ કેટલાંય પાછાં હટી જાય છે. આગળ વધતાં નથી. નવા જન્મના અનુભવ પછી જીવનના વિકાસ અને વૃદ્ધિ માટે આધીનતા–સમર્પણની જરૂર છે. જેવી અને જેટલી આધીનતા તેવી અને તેટલા પ્રમાણમાં પવિત્ર આત્મા જીવનમાં કાર્ય કરે છે. એટલે કે પવિત્ર આત્મા આપણા જીવનની આધીનતાના પ્રમાણમાં

આપણામાં વૃદ્ધિ પામતો જાય છે. નિશાળમાં દાખલ થવાથી બધું શીખી જવાતું નથી; પણ ધીમે ધીમે, ઠરાવેલાં ધોરણો પસાર કરતાં આગળ વધાય છે. તેમ જ પવિત્ર આત્માના ઘેરા ગંભીર અને ઊંડા અનુભવનું પણ છે. આ માટે હઝકીએલનું સંદર્શન સમજવા લાયક છે. હઝકીએલનું આ સંદર્શન આપણે માટે છે.

દૂત હઝકીએલને નદી પાસે લઈ ગયો. આ નદી ઈશ્વરના રાજ્યાસનમાંથી નીકળેલી છે. તેનાં પાણી સ્ફટિક જેવાં ચમકતાં અને નિર્મળ છે. જીવનનાં પાણીની આ નદી છે (પ્રકટી. ૨૧:૧).

હવે નદીનાં પાણીમાં એક હજાર હાથનું અંતર માપી તેમાં હઝકીએલને ચાલવાનું કહ્યું. અહીં પાણી પગની ઘૂંટીસમાં છીછરાં હતાં. હઝકીએલ આ પાણીમાં બહુ સહેલાઈથી ચાલી નીકળ્યો...

ઘૂંટીસમાં છીછરાં પાણીમાં બાળકો પોતાની મરજી પ્રમાણે છબછબિયાં કરી શકે છે. નવો જન્મ પામેલાં બાળકોનો આ પ્રથમ અનુભવ છે. પવિત્ર આત્માની નદીના પાણીમાં તેઓ છે. પણ છીછરા અનુભવને લીધે તેઓ ઘણીવાર તેની અવગણના કરે છે. પોતાની શક્તિ પર આધાર રાખે છે. પોતાની મરજી મુજબ હરે ફરે છે. પાણીનો ડર નથી. કેમ કે પાણીનો તણાવ નથી. પાણી છીછરાં માત્ર ઘૂંટીસમાં હતાં.

પછી દૂતે બીજા એક હજાર હાથનું અંતર માપીને હઝકીએલને ચલાવ્યો. આ પાણી તેના ઘૂંટણસમાં હતાં. પ્રથમ કરતાં અહીં પાણી ઊંડાં છે. આવાં ઢીંચણ સુધીનાં પાણીમાં પણ માણસ પોતાની શક્તિનો ઉપયોગ કરે છે. ગામડાંઓમાં નદી ઓળંગવા લોકો ઘણીવાર આવાં પાણીમાંથી ચાલી નીકળે છે. આટલાં પાણીમાં પણ માણસની શક્તિ અને ઇચ્છા કામ કરી શકે છે.

હવે દૂતે ફરી એક હજાર હાથ માપ્યાં અને પાણીમાં ચાલવા

કર્યું. અહીં પાણી કમર સુધીનાં હતાં. હઝકીએલ તેમાંથી પસાર થયો. આ અનુભવ ઘેરો અને થોડો ઊંડો હતો. છતાં બીક પેદા કરે તેવો નહોતો. અહીં પણ માણસની શક્તિ વપરાય તેવી હતી.

તે પછી ઉપરવાસનાં બીજાં એક હજાર હાથ પાણી માપ્યાં. એ પાણી હઝકીએલને ગળા સુધીનાં ડુબામણાં હતાં. અહીં શક્તિ અગર ઇચ્છા કામ આવે તેવાં નથી. કેમ કે પાણી ડુબામણાં ઊંડાં અને ઘેરાં હતા. નદીના પાણીનું વહેણ પણ વધારે વેગીલું અને જોરદાર હતું. આવાં ઘેરાં પાણીમાં માણસ ઉંચકાઈ જાય છે, તેને પાણી ઘસડી જાય તેમ ખેંચાવું પડે છે. શું આ અનુભવ અજાયબ નથી ?

પવિત્ર આત્માના અનુભવ વિષે શીખવતું આ સંદર્શન કેટલું સ્પષ્ટ અને ચોક્કસ છે. પ્રત્યેક નવો જન્મ પામેલ માટે પવિત્ર આત્માના આવાજ અનુભવોમાંથી પસર થવું પડે છે.

પરંતુ ઘણાં વિશ્વાસુ બાળકો શરૂઆતના અનુભવોમાંથી જ પડી જાય છે. કેમ કે પવિત્ર આત્માની શક્તિને આધીન નહિ થતાં તેઓ તેની અવગણના કરે છે. વળી પવિત્ર આત્મા વિષેના શિક્ષણની ઊણપ હોવાથી તેઓ બહાર ખેંચાઈ જાય છે.

પાસ્ખાપર્વના છેલ્લા અને મોટા દિવસે પ્રભુ ઈસુએ, ઊમટેલા માનવ મહેરામણને પોકારીને કહ્યું કે "જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ,...અને જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે! ઈસુએ તો તેના પર વિશ્વાસ કરનારાઓને જે પવિત્ર આત્મા મળવાનો હતો તે વિષે કહ્યું હતું" (યોહાન ૭:૩૭–૩૯).

ઈસુ ખ્રિસ્ત એ જ જીવનનો પ્રભુ છે. તે ઉત્થાન પામેલો જીવિત પ્રભુ છે, એવો દ્રઢ વિશ્વાસ કરીને; પવિત્ર આત્માના દાનને આધીન

થઈ તેના અનુભવોમાં વધતાં વધતાં ડુબામણા અનુભવ સુધી પહોંચવું એ પ્રત્યેક ઈશ્વરનાં બાળકો માટે અનિવાર્ય છે. ત્યારે જ પવિત્ર આત્મા આખા જીવનનો કબજો લઈ, તે આપણને પવિત્રતાની ટોચ ઉપર રૂપાંતરના અનુભવ માટે લઈ જાય છે.

હવે છેલ્લા અને પાંચમા અનુભવ વિષે જોઈ એ......પ્રકટીકરણના પહેલા અધ્યાયની દશમી કલમમાં યોહાન લખે છે:

"પ્રભુને દહાડે હું આત્મામાં હતો ત્યારે રણશિંગડાના અવાજ જેવી, મોટી વાણી મેં સાંભળી" યોહાનને ઈસુનું દર્શન થયું. આ દર્શનમાં આપેલા ઈસુના વર્ણન અને વિગત અતિ ગૂઢ અને અવર્ણનીય એવું અજાયબ અને અલૌકિક દર્શન હતું.

યોહાન આત્મામાં હતો. 'માં' એટલે અંદર હોવું તે. આસપાસ-ઉપર નીચે સર્વ બાજુથી ઢંકાઈ જવું. પોતાની જાત વ્યક્તિત્વ દેખાય જ નહિ તેવા આવરણથી ઢંકાઈ જવું તે. યોહાન આત્મામાં હતો ત્યારે તેને ઈશ્વરનું મહાન દર્શન થયું. અજોડ એવું પ્રકટીકરણ તેને આપવામાં આવ્યું. નવું આકાશ અને નવી પૃથ્વી તથા પવિત્રોનું નગર તેણે જોયાં.

શું આવા દર્શન માટે તમારી ઈચ્છા છે? તો પવિત્ર આત્માને આધીન થાઓ. તમારા જીવનો પવિત્ર આત્માને સમર્પણ કરો. પવિત્ર આત્માને તેની આગવી રીતે પોતાનું કાર્ય કરવા દો.....

હવે શાનું અને કોનું રોકાણ છે? શો રાહ જોવી છે?

"ઈસુ આવ્યો છે અને તને બોલાવે છે," એ સાંભળીને તે (મરિયમ) જલદીથી ઊઠીને તેની પાસે ગઈ" (યોહાન ૧૧:૨૮)."

# ૧૦. પ્રભુભોજન

"મારી યાદગીરીમાં આ કરો" (લુક ૨૨:૧૪-૨૦; ૧ કરંથી. ૧૧:૨૪-૨૫).

ઈસુ ખ્રિસ્તનું આખું જીવન-કાર્યવાહી-શિક્ષણ આધ્યાત્મિક હતાં. જગતને અધર્મના અંધકારમાંથી કાઢી આધ્યાત્મિક અજવાળાં પાથરવા તે પ્રકાશ થઈને આવ્યો. જગતમાં તે સળગતો દીવો અને પ્રકાશ હતો. જેટલાએ તેનો અંગીકાર કર્યો તેટલાને તેણે દેવનાં છોકરાં બનાવ્યાં" (યોહાન ૧:૯-૧૨).

ઈસુ ખ્રિસ્તે પોતાના મરવા અગાઉ પોતાના શિષ્યોને બે સંસ્કાર ફરમાવ્યા. 'બાપ્તિસ્મા' અને 'પ્રભુભોજન'. આ બંન્ને સંસ્કાર તેના મરણ દ્વારા ઉદ્ભવેલા છે. ખ્રિસ્ત માનવજાતનાં પાપની ખંડણી ચૂકવવા પોતે બલિ બન્યો અને માણસને મુક્ત કર્યું; એ વિશ્વાસના પ્રતીકરૂપે અને ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકારવા બાપ્તિસ્મા ઠરાવાયું હતું; અને એ જ યાદગીરી માટે પ્રભુભોજનના સંસ્કારની સ્થાપના થઈ. પોતાના મરવા અગાઉની સાંજે પારખાપર્વ પાળ્યું; ત્યારે જ ઈસુએ આ નવો સંસ્કાર આપ્યો, "મારી યાદગીરીમાં આ કરો."

આ સંસ્કાર માટે પવિત્રશાસ્ત્રમાં જુદાં જુદાં નામો અપાયાં છે. જેમ કે :

૧. પ્રભુભોજન ...(૧ કરંથી. ૧૧:૨૦)
૨. પ્રભુની મેજ ...(૧ કરંથી. ૧૦:૨૧)
૩. ખ્રિસ્તની સંગત...(૧ કરંથી. ૧૦:૧૬)
૪. નવો કરાર ...(માત્થી ૨૬:૨૭)
૫. રોટલી ભાંગવામાં...(પ્રે.કૃ. ૨:૪૪; ૨૦:૭)

ઉપરનાં નામકરણોમાં 'પ્રભુભોજન' એ નામ બહુ સરળ અને અર્થસભર છે. તેથી આ નામ બહુ સામાન્ય અને પ્રચલિત છે.

હવે આ સંસ્કારમાં સૌથી અગત્યની બાબત તે ઈસુ ખ્રિસ્તની યાદગીરીની છે. ઈસુ ખ્રિસ્તનું મરણ કઈ રીતે થયું ? કોણે કર્યું ? કયાં સાધનો વપરાયાં ? ક્યારે અને ક્યાં ? એ સર્વ બાબતો ગૌણ નથી પણ તે બીજા નંબરે આવે. ઈસુ ખ્રિસ્તની યાદગીરી પ્રથમ સ્થાને છે.

પ્રભુભોજનના સંસ્કારની કેટલીક વિગતો અને પાસાં તપાસવાં જાણવા બહુ જરૂરનાં અને રસપ્રદ છે. એ જીવનના લાભ માટે છે.

૧. **આ એક આજ્ઞા છે.** ઈસુ ખ્રિસ્તના શબ્દો બહુ સ્પષ્ટ છે. "આ કરો" એમાં આજ્ઞા–હુકમ છે. કેમ કે ઈસુ ખ્રિસ્તની યાદગીરી તેના શિષ્યો માટે બહુ આવશ્યક હતી. પોતાના વિશ્વાસના અગ્રેસર ઈસુ ખ્રિસ્તને દૃષ્ટિ સમક્ષ રાખવો એમાં જ દરેક શિષ્યની સફળતા અને જીત હતી (હિબ્રૂ. ૧૨:૧–૨).

લડાઈમાં જનાર સિપાઈ માટે સેનાપતિની આજ્ઞા એ જ સર્વસ્વ છે.

૨. **એ યાદગીરી છે.** કોઈપણ યાદગીરી તાજી રાખવા તેનાં ઇતિહાસ અને સ્મારક હોય છે. પરમેશ્વર અને માણસજાત વચ્ચેના વ્યવહારનાં આવાં સ્મારકો અને ઇતિહાસ રચાયેલાં આજે પણ આપણી પાસે મોજૂદ છે. એ આપણા શિક્ષણ અને યાદગીરી માટે અપાયેલાં અને રખાયેલાં છે.

**મેઘધનુષ્ય**—(ઉત્પત્તિ ૯ : ૧૩). ઈશ્વર દયાળુ અને પ્રેમાળ છે. માણસ પ્રત્યે તેની અનુકંપા દર્શાવતું આ ચિહ્ન આજે પણ વાદળામાં રહી તેના પ્રેમની યાદ આપે છે કે ઈશ્વર માણસને ચાહે છે.

પાસ્ખાપર્વ—(નિર્ગ. ૧૨ : ૧-૧૪). આ પર્વ એટલે ગુલામીમાંથી છુટકારાની યાદગીરી. ઈશ્વર, માણસના દુ:ખમાં તેની વહારે આવે છે તેનું આ કેવું મહાન સ્મારક છે. ઈશ્વર તમારો છુટકારો કરે છે.

યરદન નદીના બાર પથ્થર—(યહોશુઆ ૪ : ૧-૧૦, ૨૦). મિસરની કારમી ગુલામીમાંથી છુટકારા પછી વચનનું વતન પ્રાપ્ત કરવા જતાં યરદન નદીનાં ધસમસતાં પાણીનાં વહેણ કેવાં થંભી ગયાં અને ઈશ્વર માણસની પડખે રહીને વતન અપાવે છે, તેની યાદગીરી આજે પણ ગિલ્ગાલ ગામના ગોંદરે બાર પથરાની વેદી દર્શાવે છે. ઈશ્વર તમને વતન આપે છે.

પ્રભુભોજન અને તેમાં અપાતી રોટલી અને દ્રાક્ષારસ તે માત્ર ઈસુ ખ્રિસ્તના શરીર અને લોહીની સંજ્ઞા રૂપે જ છે. રોટલી તે રોટલી જ છે. તે ઈસુનું શરીર નથી જ. તે માત્ર પ્રતીક છે. જેમ કોઈ પોતાના બાપના ફોટાને બતાવી કહે કે 'આ મારા બાપ છે' પણ તેથી ફોટો બાપ બનતો નથી. આ આખો સંસ્કાર મહાન યાદગીરીનો જ છે. તેનું મહત્વ ગણાવું જોઈએ.

**૩. ભવ્ય સ્મારક છે.** પ્રભુભોજનના આ વિધિમાં એવું બળ અને ખેંચાણ છે કે જે લેતી વખતે ઈસુ ખ્રિસ્તની પ્રત્યક્ષ હાજરીનો અનુભવ કરાવે છે (માથ્થી ૧૮ : ૨૦). ઈસુ ખ્રિસ્તનું મરણ માણસજાત માટે કેટલું લાભદાયક હતું; તેના મરણે શેતાનના બળને નિરર્થક કર્યું. તેના મરણ દ્વારા માણસમાં નવા જીવનનો સંચાર થયો. આ કેવું ભવ્ય સ્મારક અને તેનું ચમત્કારિક બળ-ખેંચાણ !

સ્મારક હંમેશાં પ્રેરણાદાયક હોય છે. આપણાં જીવનના એ ચેતવણીસ્તંભો અને ચોકીદારો છે. આવાં સ્મારકો કેમ ભૂલી શકાય ? કેમ અવગણી શકાય ?

ત્યારે આવી યાદગીરી ક્યારે અને કેટલીવાર કરવી ? પવિત્ર-શાસ્ત્રમાં આ માટે કોઈ ઉલ્લેખ નથી. માત્ર "મારી યાદગીરીમાં આ કરો." આ યાદગીરી માટે પ્રેરિતોના જમાનામાં 'અઠવાડિયાના પહેલા દિવસે' એટલે રવિવારે તેઓ ભેગા મળતા (પ્રે. કૃ. ૨૦ : ૭). ગમે તેમ પરંતુ આ યાદગીરી તે પ્રેમના પ્રમાણ પર આધારિત છે; અને એટલું તો ચોક્કસ છે કે એટલી બધી વાર ન થાય કે તેનો અભાવ અને અતિરેક થાય અને મહત્વ ભૂંસાઈ જાય. તેથી હરેક અગત્યના અને દયા પામવાના પ્રસંગોમાં આપણે તેના દયાસન પાસે આવીએ (હેબ્રી. ૪ : ૧૬).

૪. **અંગત યાદગીરી.** ઈસુ ખ્રિસ્ત જગતભરની માનવ-જાતી માટે મરાયો એ સત્ય છે. પણ તે મારાં પાપને માટે મરાયો, એ અંગત ખાતરી છે. સંત પાઉલ કહે છે તેમ "તેણે મારા પર પ્રેમ કર્યો અને મારે સારુ પોતાનો જીવ આપ્યો" (ગલાતી ૨ : ૨૦; તીતસ ૨ : ૧૪)

આવી અંગત યાદગીરી જગત આગળ ઈસુના મરણની ઐતિહાસિક સત્યતા સાબિત કરે છે. વળી ખ્રિસ્તી વિશ્વાસ એ કોઈના વિચારતર્ક અગર સિદ્ધાંત પર આધારિત નથી, પણ ઇતિહાસની સત્યતા અને અંગત અનુભવ તેમ જ ખાતરીના પાયા ઉપર રચાયેલ છે.

અંગત 'અનુભવ' અને ખાતરી બહુ અગત્યનાં છે. તેથી જ પાપી માણસ વધસ્તંભ નહિ, પણ વધસ્તંભ પર જડાયેલા ઈસુને ગ્રહણ કરવાનો છે. વળી ઈસુ ખ્રિસ્તનાં પોતાનાં કથન જુઓ......

"ઓ વૈતરું કરનારા તથા ભારથી લદાયેલાઓ...તમે સઘળા મારી પાસે આવો" (માથ્થી ૧૧ : ૨૮). "જે તરસ્યો હોય તે મારી પાસે આવે" (યોહાન ૭ : ૩૭). "મારી યાદગીરીમાં આ કરો" (લૂક. ૨૨ : ૧૯).

**૫. આધ્યાત્મિક યાદગીરી**—આ કોઈ માત્ર ક્રિયા કે મંત્રતંત્ર નથી. આ કોઈ ફરજ પણ નથી. આ યાદગીરી તો વ્યક્તિગત મન-ઇચ્છા અને લાગણી પર આધારિત છે. કેમ કે ખ્રિસ્તની આ યાદગીરી તે માત્ર યાદગીરીથી જ અટકતી નથી, પણ તે વ્યક્તિના મનને ભજનમાં વાળે છે. આવી ભજન ભક્તિ, ખ્રિસ્ત પ્રત્યે વફાદારીની લાગણી પેદા કરે છે; અને એવી લાગણી પ્રેમ તરફ ખેંચે છે; વળી પ્રેમ હંમેશાં ફરજ અને આધીનતામાં ખેંચી જાય છે, જે કાર્યશીલ બને છે અને જે તે વ્યક્તિમાં સંપૂર્ણ સ્વાધીનતા અને સ્વાર્પણ ઉત્પન્ન કરે છે. આ આખી ક્રિયા-પ્રક્રિયા અંદરના આત્મા દ્વારા થાય છે અને તે આધ્યાત્મિક છે (યોહાન ૪ : ૨૩-૨૪).

વિશેષમાં, આ આખા સંસ્કારની ઉજવણી અને યાદગીરી તે એ વ્યક્તિની અંગત બાબત અને સંગત છે. ઈસુ ખ્રિસ્તે મારે માટે મારાં પાપ માટે, જીવ આપ્યો......હું એ યાદગીરી પાળું છું. આવો વ્યક્તિગત અનુભવ અને સ્વાર્પણની આપલે ન થાય, તો આ યાદગીરી પાળવામાં કશીક ખામી-અયોગ્યતા છે. સંસ્કાર પર્વ બરાબર સત્ય અને સંપૂર્ણ છે તેની ઉજવણી-યાદગીરીમાં ખામી છે એમ સમજવું (૧ કરંથી. ૧૧ : ૨૭-૨૮).

નિર્દોષ-નિષ્કલંક-નિરંજન એવા ઈસુ ખ્રિસ્તનું બલિદાન અને આશીર્વાદ પ્રત્યેક પાપી માનવી માટે છે. કેમ કે માંદાને વૈદની અગત્ય છે. એટલે જ સ્વર્ગનો વૈભવ છોડીને ઈશ્વર પોતે ખોવાયેલું શોધવા તથા તારવા માટે આ જગત પર માનવ બનીને આવ્યો... (માથ્થી ૧૮ : ૧૧).

તમે આ યાદગીરી ઉજવવા માગો છો કે ટાળો છો? અજાણતાં વેગળાં રહ્યા હો તો આ જાણ્યા પછી તમે તે ટાળી શકો નહિ. જાણી સમજીને દૂર રહેતા હો, તો જાણો કે તમે પોતે તમારો નાશ વહોરી લો છો. એ તો શેતાનનું મન છે. આ સંસ્કાર એ તો

માણસના પાપ માટે, ઈશ્વર જે ઈસુ ખ્રિસ્ત તેણે પોતાનું બલિદાન આપ્યું તેની યાદગીરી છે. આવી યાદગીરી ભૂંસી નાખવા અગર તેનું મહત્ત્વ ઘટાડવા શેતાન શરૂઆતથી જ અવિરત પ્રયત્ન કરતો આવ્યો છે. જુદી જુદી રીત, જુદી માન્યતા, જુદાં અર્થઘટન-જુદી પ્રણાલિકા, જુદી વ્યવસ્થા, એ બધાં દ્વારા આ મહાન યાદગીરીનું મહત્ત્વ ઘટાડાયું છે. ત્યારે તમે શું કરવા માગો છો?

ઈશ્વરનાં વચનો ફેરવવા તેનાં અર્થઘટન વધારે નહિ તેમ જ ઓછાં-અધૂરાં પણ થવાં જોઈએ નહિ (નિર્ગ. ૧૭ : ૧-૭; ગણના ૨૦ : ૨-૧૨) આ શાસ્ત્રપાઠમાં મુસાના થોડા જ ફેરફાર અને ભૂલથી કેટલું મોટું વિપરીત પરિણામ આવ્યું કે મુસા અને હારૂન જેઓ ઇસ્રાએલીઓને ગુલામીમાંથી છોડાવવા મુખ્ય હતા અને મુસાફરીમાં આગળ ચાલનાર અને આગેવાન હતા, તેઓ જ કનાન દેશમાં પ્રવેશી શક્યા નહિ. તમારી અવગણના તમારા નાશનું કારણ ન બને એ સાચવજો......

**નવો કરાર**—આ યાદગીરીના સંસ્કારનું બીજું નામ છે. "કેમ કે નવા કરારનું એ મારું લોહી છે, જે પાપોની માફીને અર્થે ઘણાઓને સારુ વહેવડાવવામાં આવે છે" (માત્થી ૨૬ : ૨૮).

પાસ્ખાપર્વ એ છુટકારાનું પર્વ હતું. ઈશ્વરે ઇસ્રાએલીઓને ૪૩૦ વર્ષની કારમી ગુલામીના દુઃખથી મિસરીઓના હાથમાંથી છોડાવ્યા તેની યાદગીરીનું આ પર્વ હતું. મરણમાંથી છુટકારાનું-બચાવનું આ વિશેષ પર્વ હતું. કેમ કે યહોવાહ દેવે મિસર દેશ પર મરણ મોકલ્યું ત્યારે તેમાંથી ઇસ્રાએલીઓના છુટકારા માટે હલવાનનું રક્ત વહેવડાવાયું હતું. આ તો ઈસુ ખ્રિસ્ત જે ઈશ્વરનું હલવાન-જગતનાં પાપ હરણ કરવા આવ્યો તેના પ્રતીકરૂપ હતું. ઈસુ ખ્રિસ્ત પોતે આખા જગતનાં પાપોની માફી માટે વધસ્તંભ પર રહેંસાઈ ગયો. કેમ કે રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળવાની જ નહોતી

(હિબ્રી. ૯ : ૨૨). એમ આ નવો કરાર થયો. હલવાન પ્રતિજ્ઞાયા રૂપ હતું. ઈસુ ખ્રિસ્ત પ્રત્યક્ષ હતો.

પાસ્ખાપર્વના દિવસે જ આ નવા કરારની–સંસ્કારની શરૂઆત અને સ્થાપના કરવામાં આવી. આ કરાર સંસ્કાર દ્વારા ઈશ્વર અને માનવ વચ્ચે સંગત સધાય છે.

માણસજાતનાં પાપથી ઇશ્વિર સાથેના સંબંધો તૂટી ગયા; એ સંબંધો ફરી બાંધવા પાપ દૂર કરવાં પડે. પણ માનવીના રક્તમાં પાપ ભળી ગયેલું હોવાથી; નિર્દોષ–નિષ્કલંક લોહી–રક્ત લેવું પડે. એકલા ઈસુ ખ્રિસ્તનું જ રકત આવું પવિત્ર હતું. જે તેણે રાજી–ખુશીથી મારે માટે, તમારા માટે, આખા જગતની માનવજાત માટે વધસ્તંભ પર વહેવડાવ્યું. આ નવો કરાર હતો.

**પ્રભુભોજન:**—ભોજન એ મૈત્રી–આનંદ અને પ્રેમનું પ્રતીક છે. સાથે ભોજન કરવાનું ઘણું મોટું મહત્વ છે. આ સંગત છે. જોડે ભોજન કરનારનું સંગઠન છે. મિત્રો, ભાઇઓ, સગાંસબંધી અને મેળ માયા રાખનારાં જ સાથે બેસીને જમે. શું દુશ્મન સાથે બેસીને જમે ખરો ? એક મનનાં સંપીલાંઓનું ભોજન–જમણ કેવો આનંદ અને પ્રેમનો વધારો કરે છે! તેથી જ જન્મ–જમણ, લગ્ન–જમણ, વ્યવહાર જમણ વગેરે યોજાય છે. એમાં વિશ્વાસ અને વફાદારીની ફરજ સમાયેલી છે. સાથે ભોજન કરનારાં પ્રેમની સાંકળથી ભેગાં બંધાય છે. જેથી તેઓ એકબીજાનું અહિત કરી શકતાં નથી. એટલે તો દાઉદ ભકત પોતાના ગીતમાં લખે છે. અને પોતાનો ખેદ પ્રદર્શિત કરે છે કે "મારો ખાસ મિત્ર જેનો મને ભરોસો હતો, જે મારી રોટલી ખાતો હતો, તેણે મારી સામે લાત ઉગામી છે" (ગીત. ૪૧:૯).

ઇશ્વિરની મંડળીનાં સગઠન અને સંગત માટે આ સંસ્કારની કેટલી બધી જરૂર છે! માટે જ એ કેવળ રીત કે રસમ નથી જ.

**ભોજનનો આનંદ**—ભોજનની સુગંધ અને સ્વાદ રુચિ પેદા કરનારાં છે. સંગત ઇચ્છાને તીવ્ર કરે છે. ભોજન કર્યાથી સંતોષ અને શાંતિ થાય છે. શક્તિ અને સ્ફૂર્તિ પેદા થાય છે.

**સંગતનો લહાવો છે**—ખ્રિસ્તી ધર્મમાં બે જ વિધિ–સંસ્કાર છે. બાપ્તિસ્મા અને પ્રભુભોજન–આ બન્ને ખ્રિસ્તની સંગતના સાધન છે. સંગત–સંગઠન. એટલે બે અંગત ભેગા મળે તે, બેનું ભેગા બંધાવું–ગંઠાવું તે. આ સંસ્કાર દ્વારા ઇસુ ખ્રિસ્ત સાથે આપણી સંગત સધાય છે. વળી ઈશ્વર અને માનવી બંન્ને સંગત ભૂખ્યા છે, તેથી એકલા અટૂલા રહેવું કોઈને ગમતું કે ફાવતું નથી. માનવી માત્રને સહચાર જોઈએ છે. આવા સહચાર માટે સામ્યતા જરૂરની છે. બેની વચ્ચે વિચાર–વાણી અને વર્તનનું સામ્યપણું–એકતા ન હોય તો એવો સહચાર તરત તૂટી જશે. અગર ચલાવી પણ શકાય નહિ (૨ થેસ્સા. ૩ ; ૬; ૨ કરંથી. ૬ : ૧૪–૧૬).

**બંધુત્વ–ભાઈચારો**—"જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે ઈશ્વરનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો" (યોહાન ૧ : ૧૨). ઇસુ ખ્રિસ્તમાં આપણે ભાઈઓ અને બહેનો છીએ. એક કુટુંબનાં, એક ઘરમાં રહેનારાં, એક ભોજનનાં ભાગીદાર છીએ. વળી આપણો એક જ સ્વામી અને પ્રભુ છે. ઈસુ ખ્રિસ્ત એ એક જ આપણી રોટલી છે. એક જ પ્યાલો અપાયો છે. ખ્રિસ્ત ઈસુ વિભાગાયેલો કે ટુકડા કરાયેલો નથી. તે એક જ છે.

આપણે એ જીવનની રોટલીના ટુકડા કર્યા છે. તેથી જુદા જુદા વાડા અને જૂથ રચાયાં છે. જુદાં બંધારણો–જુદી રીત અને વ્યવસ્થા.

એક જ બાપના સંતાનોમાં આવા ભેદ કેમ ચાલે ? પ્રભુભોજન, આપણ સૌને એક જ મેજનાં ભાગીદાર બનાવે છે.

**મહાન ધન્ય આશા**—આ સંસ્કાર દ્વારા પ્રભુ ઈસુના પુનરાગમનની મહાન અને ધન્ય આશા તાજી થાય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના આગમનની—ધન્ય ઘડીની રાહ જોવાનું આ સંસ્કાર શીખવે છે (૧ કરંથી. ૧૧ : ૨૬). ત્યારે રાહ જોતી દૃષ્ટિને તે આ રીતે કેળવે છે.

આપણી દૃષ્ટિ નીચી વાળે છે. તે દ્વારા આપણી પોતાની જાતની તપાસ તરફ નીચી વાળે છે. એ માટે કે આપણી ભૂલો—પાપની માફી માગી લઈએ. નમ્રપણે કબૂલાત કરીએ, અને એવાં સઘળાં અઘટિત વાનાં દૂર કરવાનો એકરાર કરીએ.

આપણી દૃષ્ટિ પાછળ વાળે છે. ખ્રિસ્ત ઈસુ આપણે માટે પકડાયો, વીંધાયો, મરાયો અને દટાયો. એ સઘળું આપણને પાપની શિક્ષામાંથી બચાવવાને તેણે વેઠયું. આપણી ખંડણી તેણે ભરી આપી. એ સઘળું યાદ કરાવે છે.

આપણી દૃષ્ટિ આગળ વાળે છે. ધ્યાર જુઓ, તેના આગમનની નિશાનીઓ અને ભવિષ્યકથનો પ્રત્યક્ષ નજરે પડે છે. તેઓ સર્વ જાણે એમ કહેતાં હોય કે "હું થોડી વારમાં આવું છું" (પ્રકટી. ૨ : ૨૦). જાગૃતિ લાવે છે. સજાગ રાખે છે.

આપણી દૃષ્ટિ ઊંચી કરાવે છે. સ્વર્ગીય મહિમા અને ગૌરવી ઈસુ ખ્રિસ્ત નજરે દેખાય છે. મહિમા અને ગૌરવથી દેદીપ્યમાન વરરાજા (પ્રકટી. ૧ : ૧૩–૧૬). ત્યારે મન નાચી ઊઠયા વગર રહી શકે નહિ 'કે મારો પ્રીતમ સર્વમાં શિરોમણી છે. મારો પ્રીતમ મારો જ છે; ને હું પણ તેની જ છું'... મારો પ્રીતમ પોતાના બગીચામાં આવે અને તેનાં મૂલ્યવાન ફળ ખાય.' એવા સ્વાર્પણ સાથે મન આનંદથી ઊભરાતું અને છલકાતું બને છે.

શું તમે પ્રભુભોજનના આ સંસ્કારોને ટાળો છો? તો આ જાણ્યા અને સમજ્યા પછી 'આશીર્વાદના આ પ્યાલાને' પાછો ઠેલશો નહિ. તમારા લાભને તમે જ ઠોકર મારી શકો નહિ.

## પ્રભુભોજન ના લેવાથી થતાં નુકસાન

૧. ઈસુ ખ્રિસ્તના ઈશ્વરત્વનો સ્વીકાર કરતાં નથી...(રૂમી. ૧૦ : ૯)

૨. ઈસુ ખ્રિસ્ત તારણહાર છે, અને વધસ્તંભ પર મારાં પાપ માટે બલિદાન આપી, મને પાપથી મુક્ત કર્યો એમ સ્વીકારતાં નથી (યશા. ૫૩ : ૪–૬).

૩. ખ્રિસ્તની સંગત ગુમાવીએ છીએ (યોહાન ૬ : ૫૬).

૪. ઈસુ ખ્રિસ્તને ભૂલી જઈએ છીએ (લૂક ૨૨ : ૧૯; ૧ કરંથી. ૧૧ : ૨૪).

૫. ઈસુનું રક્ત સઘળાં પાપથી શુદ્ધ કરે છે, તેનો નકાર કરીએ છીએ (૧ યોહાન ૧ : ૭; ૧ કરંથી. ૧૧ : ૨૭).

૬. નવા અને અનંતકાલિક જીવનને ખોઈ બેસીએ છીએ (યોહાન ૬ : ૫૩–૫૪).

૭. પુનરૂત્થાન ગુમાવીએ છીએ (યોહાન ૬ : ૫૪).

૮. પ્રભુ ઈસુના આગમનને સ્વીકારતાં નથી (મારા આવતાં સુધી આ કરો ! લૂક ૨૨ : ૧૬–૧૮; ૧ કરંથી. ૧૧ : ૨૬).

૯. પ્રભુ ઈસુને રાજા અને તેના રાજ્યનો સ્વીકાર કરતાં નથી (લૂક ૨૨ : ૧૮).

તારનાર પ્રભુ ઈસુના બલિદાન પહેલાં આપેલી આ યાદગીરીને ભૂલીએ નહિ. શુદ્ધ થઈને આ સંસ્કારના ભાગીદાર બનીએ એ શક્ય નથી. આપણું મેલાપણું ધોવા માટે જ પ્રભુએ આ સંસ્કાર આપ્યો છે. પ્રભુની પાસે આવી, તેને સ્વીકારવાની તક જતી કરશો નહિ. બહુ મોડું થાય અગર ફરી તક ન મળે તે પહેલાં પ્રભુની મેજના ભાગીદાર બનો. યહુદા બહાર જતો રહ્યો; એ તેને માટે રાત હતી, અંધકાર હતો (યોહાન ૧૩ : ૩૦).

# ૧૧ દૈવી સાજાપણું

ઈશ્વરે પૃથ્વી તથા તેમાંનું બધું ઉત્તમ બનાવ્યું; અને તેનો ઉપભોગ કરનાર માનવીને સર્વોત્તમ બનાવ્યું. આખી પૃથ્વી તથા અંતરિક્ષ ઈશ્વરના માત્ર શબ્દથી ઉત્પન્ન થયાં. પણ માનવીને ઉત્પન્ન કરવા ઈશ્વરે પોતાના હાથનું ચાતુર્ય અને કામગીરી વાપર્યાં. વળી ઈશ્વરે પોતાનાં જ સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે માનવી બનાવ્યું. તેણે તેને નેક બનાવ્યું (સભા. ૭: ૨૯). એટલા માટે કે માણસ ઈશ્વરની સંગતમાં રહે. ઈશ્વર મનુષ્યને ચાહે છે; અને મનુષ્ય ઈશ્વરને ચાહે માટે ઈશ્વરે મનુષ્યને તેની આગવી ઇચ્છાશક્તિ પણ આપી. પ્રેમ સ્વૈચ્છિક હોય ત્યારે જ શક્તિશાળી પણ બને છે.

કાળાંતરે માનવીનું પતન થયું. તેનામાં પાપે પ્રવેશ કર્યો. પાપના પરિણામરૂપે મરણે પ્રવેશ કર્યો (ઉત્પત્તિ ૨: ૧૭; રૂમી. ૬ : ૨૩). પવિત્રતા અક્ષય–અમર છે, પણ પાપ ક્ષય છે–નાશવંત છે. માનવી પાપી બનતું ગયું તેમ તેમ તે રોગિષ્ઠ થતું ગયું. રોગનું કારણ પાપ છે.

પણ ઈશ્વર માણસના પતનમાં જરાય રાજી થતો નથી; તેથી જ તે આદમને શોધવા આવ્યો "આદમ તું કયાં છે ?" (ઉત્પત્તિ ૩:૯) ત્યારથી માંડીને આજ સુધી તે પ્રત્યેક માનવીને નિહાળે છે ( ૨ કાળ. ૧૬ : ૯; નીતિ. ૫ : ૨૧; અયૂબ ૩૪ : ૨૧). આ તો માનવીના ઉદ્ધારના કાર્ય માટે હતું. ઈશ્વર અવિરત કાર્યશીલ રહ્યો છે (યોહાન ૫ : ૧૭; ૯ : ૪)

આ ઉદ્ધારના કાર્ય માટે ઈશ્વરે પોતાના એકનાએક દીકરા ઈસુ ખ્રિસ્તને જગતમાં મોકલ્યો (યોહાન ૩ : ૧૬). જેણે પોતાના પંડનું નિર્દોષ–નિરંજન બલિદાન આપી સમગ્ર માનવજાતનાં પાપની ખંડણી ભરપાઈ કરી; એમાં જે કોઈ વિશ્વાસ કરે તે તારણ પામે.

હવે તારણ–મોક્ષ એટલે પાપોની માફી એમ જ નહિ; પણ આખા મનુષ્યત્વનું એ તારણ છે. શરીર–પ્રાણ અને આત્મા એ ત્રણેનું તારણ બને છે. એ જ સંપૂર્ણ તારણ છે (૧ થેસ્સા. ૫ : ૨૩).

એટલે જ ઈસુ ખ્રિસ્ત પોતાના આ કાર્યક્રમ ઝુંબેશમાં આ ત્રણ બાબતો જ અપનાવતો હતો. ઉપદેશ કરતો–**Teach**, સુવાર્તા પ્રગટ કરતો–**Preach**, અને રોગ તથા દુઃખ મટાડતો–**Heal** કર્યો. (માત્થી ૪ : ૨૩). વળી જ્યારે આ કાર્ય માટે જ તેણે શિષ્યોને બહાર મોકલ્યા ત્યારે આજ આદેશ અને અધિકાર આપીને મોકલ્યા. (માત્થી ૧૦ : ૧). પ્રત્યેક નવો જન્મ પામેલ વિશ્વાસીને પણ આ અધિકાર અપાયો છે (માર્ક ૧૬ : ૧૭).

પચાસમાના દિવસે પવિત્ર આત્મા ઊતર્યો ત્યારથી મંડળી પાસે આ કૃપાદાન હતું અને આજે પણ હોવું જોઈએ. તેથી મંડળીને પત્ર લખતાં યાકૂબ આ કાર્ય અને બાબત વિષે બહુ ચોક્કસ અને સમજણપૂર્વક દર્શાવે છે. સલાહ આપે છે. રીત બતાવે છે. સાજાપણાનો હક્ક કે અધિકાર એ મંડળીનાં છે (યાકૂબ ૫ : ૧૩–૧૮). આજે પણ મંડળીનું એ જ કાર્ય અને અધિકાર છે. પવિત્ર આત્માનાં કૃપાદાનો મંડળીને અપાયેલાં અને અનામત રખાયેલાં છે. આજે પણ ઈશ્વર–ઈસુ ખ્રિસ્ત–પવિત્ર આત્મા એના એ જ છે. સુવાર્તા એની એ જ છે. તારણ એનુ એ જ છે. કશું જ બદલાયું નથી–બદલાશે પણ નહિ. ઈશ્વરનાં વચનો પણ અનાશંત છે. ત્યારે હવે એ સ્પષ્ટ થાય છે કે માંદા–દુઃખી માટે વિશ્વાસથી કરેલી પ્રાર્થના દ્વારા તેમને સાજાપણું મળે છે. હવે તે વિષે સમજીએ......

**ઈસુ ખ્રિસ્તથી જ સાજાપણું મળે છે......**

માત્ર ઈસુના નામથી (યાકૂબ ૫ : ૧૪; માર્ક ૧૬ : ૧૭); ઈસુનો એ અધિકાર હતો (માત્થી ૮ : ૧૬). એ માટે તે પૃથ્વી પર આવ્યો હતો (લૂક ૪ : ૧૮). તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે

(યશા. ૫૩ : ૫ ; ૧ પીતર ૨ : ૨૪). તેણે આપણાં દરદ માથે લીધાં અને આપણાં દુઃખ વેઠયાં છે (યશા. ૫૩ : ૪).

ઈસુના નામથી જ નીરોગીપણું મળે એ જ મંડળીની પ્રાર્થના અને માંગણી હતી (પ્રે. કૃ. ૪ : ૩૦). લંગડાને ચાલતો કરવામાં આ એક જ ઉપાય–રીત હતાં (પ્રે. કૃ. ૩ : ૬) ખ્રિસ્ત ઈસુમાં, ઈશ્વરત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે; અને તમે તેનામાં સંપૂર્ણ થયા છો (કલોસી ૨ : ૯–૧૦).

આ સર્વ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે રોગમાંથી સાજાપણું માત્ર ઈસુ ખ્રિસ્તથી જ–તેના નામથી જ મળી શકે છે. વળી સર્વ પ્રકારના રોગ–ખોડખાંપણ–દુષ્ટ આત્મા હરેક તરેહના મંદવાડ પર તેને જ અધિકાર હતો અને છે. કારણ કે ઈસુ ખ્રિસ્ત તે ગઈ કાલે, આજે અને સદાકાળનો પ્રભુ છે (લુક ૬ : ૬–૧૧).

## ઈસુના અનુયાયીઓને આ અધિકાર અપાયો......

ઈસુ ખ્રિસ્તે આકાશગમન કર્યું તેથી આ સાજા કરવાના ચમત્કારો અટકી ગયા નહિ, પણ તેનું આ સેવાકાર્ય ચાલુ રાખવા તેણે આ અધિકાર તેના શિષ્યોને આપ્યો (માત્થી ૧૦ : ૧). આ ચમત્કાર કરવાનું પરાક્રમ આપ્યું (લૂક ૯ : ૧), તેઓ માંદાઓ પર હાથ મૂકશે એટલે તેઓ સાજાં થશે (માર્ક ૧૬ : ૧૮). એમ આ અધિકાર અને પરાક્રમ શરૂઆતના ઈસુના શિષ્યોમાં હતાં. પીતર–યોહાન–ફિલિપ–પાઉલ વગેરે પ્રભુના સેવકોના કરેલા આવા ચમત્કારોનાં વર્ણનો પવિત્રશાસ્ત્રમાં આજે પણ છે; અને ત્યાંથી પણ અટકતું નથી, પણ ઈશ્વરે આ સાજા કરવાનું કૃપાદાન તેની સાર્વત્રિક મંડળીને આપ્યું છે. (૧ કરંથી. ૧૨ : ૯, ૨૮).

ઈસુ ખ્રિસ્તે કેવી ચોખ્ખવટથી આ વાત પર ભાર મૂક્યો છે. "હું તમને ખચીત ખચીત કહું છું કે હું જે કામો કરું છું. તે જ

મારા પર વિશ્વાસ રાખનાર પણ કરશે; અને એના કરતાં પણ મોટાં કામ કરશે, કેમ કે હું બાપની પાસે જાઉં છું" (યોહાન ૧૪ : ૧૨).

**સાજાપણા માટેની રીત......**(યાકૂબ ૫ : ૧૪–૧૫)

માંદી-રોગી વ્યક્તિએ મંડળીના વડીલોને બોલાવવા. મંડળીનો આ અધિકાર અને કૃપાદાન છે. ઈશ્વરપિતાએ આપેલું આ પરાક્રમ છે. તેથી માંદી વ્યક્તિ જ્યારે મંડળીને બોલાવે છે ત્યારે તે પ્રભુના આ અધિકારમાં વિશ્વાસ જાહેર કરે છે.

**૦ પ્રભુના નામથી તેલ ચોળીને...**ખૂબ સ્પષ્ટ છે કે પ્રભુના નામથી એટલે કે પ્રભુએ પ્રગટ કરી તેને જ અગ્રસ્થાને રાખીને જ આ કાર્ય થાય છે. તેલ એટલા માટે કે તે પવિત્ર આત્માની સંજ્ઞા છે. પવિત્ર આત્માનો આ સ્પર્શ તેની હાજરી દર્શાવે છે. પવિત્ર આત્માની સંગત.

**૦ પ્રાર્થના કરવી......**પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામથી માંદાના હક્કમાં સાજાપણા માટે પ્રાર્થના કરવામાં આવે. કેમ કે પ્રભુ ઈસુનું એ વચન છે. "જે કંઈ મારે નામે તમે માગશો તે હું કરીશ" (યોહાન ૧૪ : ૧૩).

**૦ હાથ મૂકવા......**વડીલોએ માંદા માણસ પર હાથ મૂકવા એટલે કે તેઓ આ કાર્ય માટે તેઓ પોતાની સંમતિ અને વિશ્વાસ દર્શાવે છે–જાહેર કરે છે (પ્રે. કૃ. ૨૮ : ૮).

**૦ વિશ્વાસ સહિતની પ્રાર્થના......**વિશ્વાસ સહિત કરેલી પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે. "કંઈ પણ સંદેહ રાખ્યા વગર વિશ્વાસથી માગવું; કેમ કે જે કોઈ સંદેહ રાખે છે તે પવનથી ઊછળતા અને અફળાતાં સમુદ્રનાં મોજાં જેવો છે. એવા માણસે પ્રભુ તરફથી તેને કંઈ મળશે એવું ન ધારવું" (યાકૂબ ૧ : ૬–૭).

**૦ આવશ્યક ફરજ છે...**મંડળીમાં કોઈ માંદા–દુઃખી-કમજોર, વિશ્વાસમાં નબળાં–અછતમાં એવાંઓની મુલાકાત લેવી–પ્રાર્થના કરવી

અને યથાયોગ્ય દિલાસો આપવો એ મંડળીના વડીલો અને સમગ્ર મંડળીની ફરજ છે. કેમ કે ઈસુ ખ્રિસ્તની મંડળી તે તો ઈશ્વરનું મંદિર છે (૧ કરંથી. ૩ : ૧૬–૧૭). આપણે તેના નિવાસ્થાનનું ઘર છીએ (હેબ્રી. ૩ : ૬). જે ઘરનો શિરપતિ પ્રભુ ઈસુ ખ્રિસ્ત હોય તે ઘરની કોઈપણ વ્યક્તિ માંદી–દુઃખી જર્જરિત રહી જ શકે નહિ. ઘરની એ શોભા કે ગૌરવ ગણાય નહિ.

તેથી સ્પષ્ટ થાય છે કે......માંદાનો વિશ્વાસ વડીલોને તેડાવે, વડીલોનો વિશ્વાસ પ્રાર્થના વાટે ઈસુને પહોંચે અને ઈસુ માંદાને સાજાપણું આપે.

આજે પણ પ્રભુના સંતોમાં અનુભવ મોજૂદ છે. એ અનુભવ તમારા માટે પણ છે શું દવાઓ અને વૈદો પાછળ દોડીએ છીએ? (લૂક ૮ : ૪૩ . નિષ્ફળ ગયાં છીએ તો ઈસુ તમને બોલાવે છે. (માર્ક ૧૦ : ૪૯).

## ૧૨ પુનરુત્થાન–Resurrection

પ્રત્યેક સ્ત્રીજન્ય માનવી મરણ પામે છે. માનવી સીમિત છે. તેની શકિતઓ મર્યાદિત છે. કેમ કે માણસ માત્ર પાપી છે (રૂમી. ૩ : ૨૩). પાપનું પરિણામ મરણ બન્યું (રૂમી ૬ : ૨૩). ભલા–ભૂંડા, રાજા-રંક, આબાલ–વૃદ્ધ, સર્વ માટે મરણ ચોકકસ જ ઠર્યું.

એદનવાડીનાં સુખ–ચેન સર્વોપરીપણું, ગૌરવ અને અમરત્વ માત્ર એક જ ફળ ખાવાની લાલસામાં આદમ–હવા ગુમાવી બેઠાં–વાડીમાંના મના કરેલા એક જ ફળ નહિ ખાવાની આજ્ઞાનું ઉલ્લંઘન આ મરણને નોતરી લાવ્યું. એદનવાડીમાં ફફડાટ–ઉથલપાથલ અને અશાંતિ પ્રસરી ગયાં. સર્વસ્વ ઉત્પન્ન કરનાર પરમેશ્વર સાથેના સંબંધ તૂટવા લાગ્યા. વફાદારી–પ્રેમ અને ભાવનાશીલ લાગણીમાં ઓટ આવી. બીક–ગભરાટ અને રવપાણું પેદા થયાં.....પર્વતો હાલી

ઊડયા, પૃથ્વી ધ્રૂજી ગઈ. નદીઓ ઘડીભર વહેતી થંભી ગઈ-ભયાનક પવન વીંઝાયો- ઝાડપાન લીલોતરી, ફળ ફૂલ ખરી પડયાં-પાંદડાનાં પતાકા પવનમા ઊંચે ઊડીને વેરાઈ ગયાં-જનાવર-પક્ષી હેબતાઈ ને લપાઈ ગયા-આદમ હવા સંતાઈ ગયાં. એદનવાડી આખી સુમસામ બની ગઈ. મરણનો પ્રવેશ બહુ કારમો હતો.

મનુષ્યમાત્ર માટે જીવન મર્યાદા ઠરી ચૂકી. થોડાં કે ઘણાં વર્ષો પછી માણસે મરવાનું જ. જગત તેમાનું સર્વસ્વ, માલમિલકત, મોહમાયા, સગાંસંબંધી, બધુંજ પડતું મૂકીને જતા રહેવાનું. માટીમાં મળી જવાનું. કેવો વિપરીત અંત!

ત્યારે આવા અંતકાળના જીવનમાં શો રસ. કયા હેતુ માટે જીવવું? ફાવે તેવું-મન માને તેમ જીવન જીવી એક દિવસ મરી જવું. બસ પૂર્ણ વિરામ......ના એમ નથી. પણ દરેક મરનારે એક દિવસ પાછા સજીવન થવું જ પડશે પૃથ્વી પરના પોતાના જીવનનો હિસાબ આપવા મરેલાંમાંથી ફરી જીવતા થવું પડશે (સભા. ૧૧ : ૯).

માનવીના આવા પુનરૂત્થાન વિષે પરમેશ્વરનાં પવિત્ર વચનોની આરસીમાં નિહાળવું એ અતિ આવશ્યક અને લાભદાયક છે.

**ઈસુ ખ્રિસ્ત—પુનરૂત્થાનનો પ્રણેતા**—ઈશ્વરે માનવીને ઉત્પન્ન કર્યું, પોતાનાં જ સ્વરૂપ અને પ્રતિમા આપ્યાં. પોતાની સંગત માટે ઉત્પન કરેલાં માનવીનું પતન થાય એ તેને કેમ ગમે? (યશા. ૪૫ : ૧૮). માનવાં માનવીને બચાવી શકે એવી કોઈ શક્યતા નહિ દેખાતાં; ઈશ્વરે પોતે માણસના તારણનું કાર્ય પોતાના જ હાથોએ કર્યું (હઝ. ૨૨ : ૩૦; યશા. ૫૯ ૧૬).

એટલા માટે વિરાટ પ્રભુ...વામન માનવી બનીને આ જગતમાં આવ્યો. જગત આખાનાં પાપની પૂરેપૂરી ખંડણી તેણે પોતાના નિષ્કલંક નિરંજન જીવનના બલિદાન દ્વારા ભરપાઈ કરી, શેતાન

અને પાપની ગુલામીમાંથી માનવીને છોડાવ્યું. ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર મરાયો, અને દટાયો, પણ ત્રીજે દિવસે તે મરણ ઉપર જીત મેળવીને પાછો ઊઠયો. તે જીવિત થયો. મૂએલાંના પુનરૂત્થાનનું એ પ્રથમ પ્રણેતા બન્યો.

હવે કબર એ માનવીના જીવનનું પૂર્ણવિરામ નથી. માનવી માત્રના ઉત્થાનની નવી આશા જન્મી. જીવન જીવવાની નવી દિશા અને પ્રેરણા આ ઉત્થાન દ્વારા પ્રાપ્ત થઈ. આ પૃથ્વી પરના ટૂંકા અને મર્યાદિત જીવન બાદ અનંતકાળના અમર્યાદિત જીવનમાં પ્રવેશનું દ્વાર પુનરૂત્થાન વડે ખોલાયું. ઈશ્વરની કેવી મહાન યોજના! કેવો મોટો આનંદ!

ઈશ્વરે આ લાભ અને આનંદ, માનવમાત્ર માટે ખુલ્લાં મૂકયાં; પણ એ પ્રાપ્ત કરવાનું પ્રત્યેક માનવીની અંગત ઈચ્છા પર છોડવામાં આવ્યું. ઈશ્વરની યોજનાઓ બહુ સ્પષ્ટ અને ખુલ્લી છે; પણ કોઈના પર તે દબાણ કરતો નથી. પરાણે લાદતો નથી.

"જે કોઈ વિશ્વાસ કરે તે તારણ પામે" (યોહાન ૩ : ૧૬).

"જુઓ હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું......જે કોઈ ઉઘાડશે તેની માંહે હું આવીશ" (પ્રકટી. ૩ : ૨૦).

"જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવે"
(યોહાન ૭ : ૩૭).

આવું ખુલ્લું મુકાયેલ તારણમાં જે કોઈ વિશ્વાસ કરીને પ્રાપ્ત કરે, તેઓ માટે આ પુનરૂત્થાન કેવું આશીર્વાદિત અને આનંદદાયક બને છે? જુઓ......

૧. મરણની બીકમાંથી મુક્ત કર્યાં (હેબ્રી. ૨ : ૧૪–૧૫).
૨. મરણનો ડંખ-ઝેર નાબૂદ કર્યાં (૧ કરંથી ૧૫ : ૫૪–૫૭).
૩. મરણની વેદના અને દુઃખથી છોડાવ્યાં (પ્રે. કૃ. ૨ : ૨૪).
૪. તારણ પામેલાઓ માટે મરણ આનંદદાયક ઠર્યું. કેમ કે તે ઓળંગીને પ્રભુની સંગતમાં જાય છે (૨ કરંથી. ૫ : ૮).

૫. ખ્રિસ્ત સાથે મહિમામાં રહેવાની તમન્ના અને ઇચ્છા જાગૃત કર્યાં (ફીલી. ૧ : ૨૩).
૬. તારણ પામેલાંનું મરણ પ્રભુની નજરમાં બહુ કિંમતી અને ધન્ય છે (ગીત. ૧૧૬ : ૫).

પરંતુ તારણના પ્રણેતા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર નહિ કરનારાં માટે મરણ એ દુઃખદ અને નાશ પમાડનાર જ રહે છે.

૧. તેઓ નરકનાં ભાગીદાર બને છે (માત્થી ૨૫ : ૩૦).
૨. તેઓ દુષ્ટ શેતાનનાં પક્ષનાં રહે છે (માત્થી ૨૫ : ૪૬).
૩. પીડાકારક અગ્નિ અને અનંતકાળિક દુઃખના ભાગીદાર ઠરે છે. (માત્થી ૨૫ : ૩૦–૪૧; પ્રકટી. ૨૦ : ૧૫).

**પુનરૂત્થાનની વિશિષ્ઠતા......**

પુનરૂત્થાન ન હોત તો મનુષ્યજીવન જીવવામાં કોઈ રસ ન હોત. મરણ પછી આ ઉત્થાન એ હેતુ સભર છે. જીવન જીવવાની ઇચ્છા અને સાધનાનું ધ્યેય છે. પુનરૂત્થાન ન હોત તો પશુ–પક્ષી જેવું માણસ પણ ગણાત. ત્યારે, મનુષ્યને અપાયેલી બુદ્ધિ–અગમ્ય જ્ઞાન, ભલુંભૂંડું જાણવાનું ડહાપણ એ સર્વ શા કામનાં ગણાત...

ઉત્તમ અને સારું જીવન જીવવા માટે વિશ્વાસ અને બળ, પુનરૂત્થાનની આશામાંથી જન્મે છે. એટલા જ માટે ખ્રિસ્તી વિશ્વાસનો એ પાયો અને આધારસ્તંભ છે. જો ખ્રિસ્ત ઈસુ ઉત્થાનનું પ્રથમ ફળ થયો ન હોત તો તેના પરનો વિશ્વાસ નિરર્થક અને નકામો ઠરત (૧ કરંથી. ૧૫ : ૧૪) એટલા જ માટે......

૧. પુનરૂત્થાન એ ખ્રિસ્તી સુવાર્તાનું મૂળ અને મધ્યવર્તી સત્ય છે (૧ કરંથી. ૧૫ : ૧–૮).
૨. પુનરૂત્થાનમાં વિશ્વાસ કર્યા વગર તારણ નથી (રૂમી. ૧૦ : ૯).
૩. નવા અને ફળવંત જીવનની એમાં પ્રેરણા છે (રૂમી. ૭ : ૪)
૪. એમાંથી જ જીવન સ્વાર્પણની ભાવના જાગે છે (૨ કરંથી. ૫ : ૧૪–૧૫).

૫. પુનરૂત્થાનની ખાતરી જે ઈશ્વરની સમક્ષતા દર્શાવે છે (માત્થી ૨૮ : ૨૦).
૬. ઉત્થાન પામેલો ખ્રિસ્ત આપણો મધ્યસ્થ છે (રૂમી. ૮ : ૩૪).
૭. પુનરૂત્થાન એ જ નવા જીવનનું પરાક્રમ અને સામર્થ્ય છે (૧ કરંથી. ૧૫ : ૩૨–૩૪).

પુનરૂત્થાનની વિશિષ્ઠતા એ આપણી આવશ્યકતા બને છે. ખ્રિસ્તી જીવન–મંડળીમાં પુનરૂત્થાનના પરાક્રમની જરૂર છે.

## પુનરૂત્થાનમાં કેવાં શરીર પ્રાપ્ત થશે ?

પ્રત્યેક માનવી માટે આ પ્રશ્ન બહુ જ્ઞાન પૂર્ણ–વિચાર ગર્ભિત અને રસિક છે. કેમ કે કોઈ પણ નવી પ્રાપ્તિ માટે હંમેશા કોઈ મોટી આશા રખાય છે; અને આવી આશાનો કોઈ ઉકેલ ન હોય. અગર તેનાથી અજાણ્યા રહેવાનું હોય તો, જીવન જીવવાની ઇચ્છા, આશા અને ઉત્સાહ એ સર્વમાં આગ લાગી જાય. પણ ઉત્થાન પામેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તે આ સઘળી બાબતો બહુ સ્પષ્ટ અને ખુલ્લી કરેલી છે. તેની સાબિતીઓ સુદ્ધાં આપવામાં આવી છે.

૧. સૌ પ્રથમ આપણે ઈસુ ખ્રિસ્ત જેવાં થઈશું (૧ યોહાન ૩ : ૨). "તેના ઠરાવ્યા મુજબ તેના દીકરાની એટલે ઈસુ ખ્રિસ્તની પ્રતિમા જેવાં થાય" (રૂમી. ૮ : ૨૯).
૨. "જેમ આપણે માટીનાની પ્રતિમા ધારણ કરી છે; તેમ સ્વર્ગીય પ્રતિમા ધારણ કરીશું"
૩. "જે સામર્થ્યથી સર્વને પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી અધમાવસ્થામાંના શરીરનું એવું રૂપાંતર કરશે કે તે તેના મહિમાવાન શરીર જેવું થાય" (ફીલિપી. ૩ : ૨૧).
૪. ખરેખર નક્કર શરીર–મનુષ્ય દેહ–(લૂક ૨૪ : ૩૯).
૫. એનું એ જ શરીર–ચિહ્નો સહિત–(યોહાન ૨૦ : ૨૨).
૬. ઓળખી શકાય તેવું શરીર–(માત્થી ૨૮ : ૯; લૂક ૧૬ : ૨૩).

૭. નહિ દીઠેલાંને પણ ઓળખીશું-(માર્ક ૯ : ૪; માત્થી ૮ : ૧૧).
૮. એ જ વ્યક્તિગત બોલી-રીત-આદત હશે-(લૂક ૨૪ : ૩૫; યોહાન ૨૦ : ૧૬).
૯. માંદગી કે મરણ થશે જ નહિ-(પ્રકટી. ૨૧:૪; યશા. ૩૩:૨૪; ૧ કરંથી. ૧૫ : ૫૩-૫૪).
૧૦. વીજળીક ગતિ સમાન શરીરો-(લૂક ૨૪ : ૧૫)
૧૧. ગમે ત્યાં આરપાર નીકળી શકે તેવાં-કશાથી રોકાય નહિ. (યોહાન ૨૦ : ૧૯).
૧૨. દ્રશ્ય તથા અદ્રશ્ય બંને તેવાં-(લૂક ૨૪ : ૩૧).
૧૩. અંતરિક્ષમાં ઊડી શકે તેવાં શરીર-(લુક ૨૪:૫૧; ૧ થેસ્સા. ૪:૧૭).
૧૪. અવિનાશી-અમર શરીરો-(૧ કરંથી. ૧૫ : ૪૨).

આવાં શરીર અને જીવનની આપણી ઇચ્છા છે? તેને માટે આપણે તૈયાર છીએ? સંત પાઉલ પોતાનાથી બનતું બધું જ કરવાને તત્પર હતો. (ફીલિપી. ૩ : ૧૦) તેનું જે કંઈ હતું તે બધું જ ખ્રિસ્તને ખાતર નકામું ગણ્યું-(ફીલિપી. ૩ : ૧-૮) અને આ એક જ આશાથી નિશાન ભણી દોડતો રહ્યો (ફીલિપી. ૩ : ૧૪).

શું આપણે આ ધન્ય આશા માટે ઈન્તેજાર છીએ? શું આવા અલૌકિક રૂપાંતર અને અમરપણા માટે ઝંખના છે? તો પુનરૂત્થાન પામેલા ઈસુ ખ્રિસ્તમાં તમારો વિશ્વાસ જાહેર કરો. તેની આધીનતામાં તમારું જીવન સમર્પિત કરો.

## તારણ પામેલાનો બદલો-ઇનામ—

આપણે કલ્પી ન શકીએ એવાં પણ ચોક્કસ પ્રાપ્ત થવાનાં શરીરો અને મહિમાવંત-અમર જીવન મળ્યા પછી પણ ઈશ્વર, જે રાજાઓના રાજા-પ્રભુઓનો પ્રભુ અને દેવોનો પણ દેવ તે પોતાના મહિમાસન પર બેસીને આપણ પ્રત્યેકને બદલો વાળી આપશે.
૧. દરેકને તેની મહેનત પ્રમાણે બદલો મળશે (૧ કરંથી. ૩ : ૮).

૨. વિશ્વાસુપણાનો બદલો મળશે-(માત્થી ૨૪ : ૪૫-૪૭).
૩. ધીરજ રાખવાનો બદલો-(હેબ્રી. ૧૦ : ૩૬).
૪. સારાપણાને વળગી રહેવા માટે-(ગલાતી ૬ : ૯).
૫. સતાવણી સહન કરવાનો બદલો-(લૂક ૬ : ૨૨-૨૩).
૬. ખ્રિસ્ત ઈસુ માટે ત્યાગ ભોગ આપનારને-(માત્થી ૧૯ : ૨૮-૨૯; રૂમી. ૮ : ૧૮).

આમ દરેકને તેમનો બદલો વહેંચી આપ્યા પછી હવે પ્રભુ પરમેશ્વર પોતાના લોકોને ઇનામ પણ આપે છે. હરીફાઈમાં જીતનારને માનચાંદ એનાયત થાય એ કેવું ગૌરવ! કેવો મહા આનંદ!

માનચાંદ અગર પ્રમાણપત્રોના ઇનામ કરતાં ચઢિયાતા એવા મુગટો તે પહેરાવે છે.

૧. જીવનની લડાઈ જીતનારને ન્યાયીપણાનો મુગટ પહેરાવે છે (૨ તીમોથી ૪ : ૭-૮).
૨. પરીક્ષણો પર જીત મેળવનારને જીવનનો મુગટ-(યાકૂબ ૧:૧૨)
૩. મંડળીની સેવા માટે મહિમાનો મુગટ-(૧ પીતર ૫ : ૨-૪)
૪. આત્મા જીતનારને આનંદ અને ગર્વનો મુગટ-(૧ થેસ્સા. ૨: ૧૯).
૫. ચોકકસ રીતે દોડનારને અવિનાશી મુગટ-(૧ કરંથી. ૯ : ૨૫).

આ ભવ્ય સ્વર્ગીય મેળાવડાના ભાગીદાર તમે છો? બદલો મેળવનારાં અને મુગટ પ્રાપ્ત કરવા નામાવલીમાં તમારાં નામની ખાતરી છે?......તમે કેવાં હશો? તમારું તેજ અને પ્રકાશ કેવાં હશે? -શું સૂર્ય-ચંદ્ર કે પ્રકાશતા તારા જેવાં હશો કે પછી ઝાંખા ટમટમતા તારા જેવાં હશો?......શું મોટા અમલદારો બનવાની ઇચ્છા છે? (લૂક ૧૯ : ૧૭-૧૯) કે પછી ન્યાયાધીશો બનવું છે (૧ કરંથી. ૬ : ૨-૩). દેવની આ મહાન યોજનાઓ તમારે માટે, મારા માટે, અને જગતના સઘળા લોકો માટે ખુલ્લી મુકાયેલી છે. જે ચાહે તે આવે. નિર્ણય કરવામાં કયાં સુધી ઢચુપચુ રહેશો? તમારા લાભ તમે જ વિચારો......

# ૧૩. વિશ્વાસ Faith

માણુસ માત્રની જીવાદોરી વિશ્વાસ છે. માણુસને ઈશ્વરમાં વિશ્વાસ–શ્રદ્ધા ન હોત, એક માનવીને બીજા માનવીમાં વિશ્વાસ ન હોત, તો આ જગતની હસ્તી જ ન હોત. જગત આખું વિશ્વાસ પર નભેલું છે.

વિશ્વાસ એટલે અન્ય વ્યક્તિ–વસ્તુ–કરાર–સિદ્ધાંત દઢ માન્યતામાં પોતાની સંમતિ અને ભરોસો વ્યકત કરવાં તે. આવા વિશ્વાસની સામાન્ય રીતે પ્રતિપળ જરૂર પડે છે.

વિશ્વાસ–શ્રદ્ધા, બે વ્યક્તિ વચ્ચે જ ઉદ્ભવે છે, અને હોઈ શકે છે. વિશ્વાસ એ જ સંબંધ અને સંગત વધારનાર, ઉત્તેજનાર અણમૂલું સાધન છે. દેવ સાથેના સંબંધોમાં વિશ્વાસ જ સાર્થક સાધન છે. વિશ્વાસ વગર ઈશ્વરને પ્રસન્ન કરી શકાતો નથી (હેબ્રી. ૧૧:૬) અને માનવી માનવી વચ્ચે પણ એ જ વિશ્વાસની આવશ્યકતા છે. એટલા જ માટે ખ્રિસ્તી જીવનમાં પવિત્ર આત્મા દ્વારા મળતા આશીર્વાદો અને પ્રાપ્ત થતી કૃપામાંની આ એક કૃપા છે. અનંતકાળ સુધી ટકનારાં ત્રણ વાનાંમાંનું આ એક છે. માણસના જીવનના અંત સાથે જીવનની સઘળી બાબતો ભુંસાઈ જાય છે; પણ વિશ્વાસ–આશા અને પ્રેમ આ ત્રણ વાનાં જ ટકી રહે છે.

હવે વિશ્વાસના બે મુખ્ય પ્રકાર છે. પ્રથમ આ જગત ઉપરનો વિશ્વાસ–આ વિશ્વાસ તે પુરાતન કાળોમાં બનેલા બનાવોની સત્યતા અને ચોક્કસતામાં માન્યતા રાખીને કબૂલ કરવાનો છે. એટલે કે જે બનેલી બીનાઓ આપણે જોઈ નથી, પણ માત્ર સાંભળેલી અગર વાંચેલી તેને સત્ય માનીને કબૂલ કરીએ એ વિશ્વાસ છે–આવા જ બનાવો, પ્રસંગો અને વ્યવહાર પ્રતિદિન આપણા જીવનમાં બનતા જ જાય છે. એ આપણા વિશ્વાસનો ઇતિહાસ રચે છે.

બીજો પ્રકાર તે આધ્યાત્મિક વિશ્વાસનો છે. ઈશ્વરની અમાપ્ય કૃપા–મહિમા–ગૌરવ–જ્ઞાન અને આપણે માટે તેની ઇચ્છા જે ઈસુ ખ્રિસ્ત દ્વારા પ્રગટ કરવામાં આવ્યાં; તે આપણાં મનની બુદ્ધિથી માન્ય કરીને, તેને પોતાનાં ગણી અપનાવ્યાં તે આપણા તારણ–ઉદ્ધારનો વિશ્વાસ છે. આવો વિશ્વાસ માણસના જીવનમાં આધીનતા–આજ્ઞાપાલન ઉપજાવે છે. આ વિશ્વાસ કાર્યસાધક બનીને આપણી પાસે કરણી કરાવે છે. કેમ કે વિશ્વાસ કરણી વગર નિર્જીવ છે. વળી કરણી વિશ્વાસ વગર ટકી શકતી નથી (યાકુબ ૨:૨૬).

ઈશ્વર પરના મજબૂત વિશ્વાસનો પાયો તે ઈશ્વરની અકલપ્ય એવી શક્તિ–જ્ઞાન–તેની વિશાળ વ્યાપકતા–સંપૂર્ણતા–સત્યતા–તેની અગાધ કૃપા અને પ્રેમ પર રચાયેલો છે. આવા મહિમાવાન પ્રભુ પરનો વિશ્વાસ એ જ આપણને ન્યાયી ઠરાવે છે. ઈશ્વર સાથે આપણું સમાધાન અને મેળાપ કરાવી આપે છે. આ ન્યાયીપણું આપણી સારી કરણીથી પ્રાપ્ત થતું નથી. એ તો માત્ર વિશ્વાસ દ્વારા ઈશ્વરની કૃપાના દાન રૂપે જ પ્રાપ્ત થાય છે (એફેસી. ૨:૮). એટલે જ આપણાં બાહ્ય કર્મ–ક્રિયા–કાંડ એ ઉપયોગી બનતાં નથી. પણ પ્રેમથી ભરપૂર એવો વિશ્વાસ તે જ સાર્થક અને ઉપયાગી બને છે (ગલાતી ૫:૬). વળી આ પ્રેમ અને વિશ્વાસ તે નિષ્ક્રિય રહેતાં નથી, પણ ઈશ્વર પ્રત્યે તેમ જ સાથી પડોશીઓ પ્રત્યે તે આપણી ફરજોમાં કાર્યરત બનાવે છે. તેમ જ વિશ્વાસ એ અણદીઠ વસ્તુઓની આશા અને ખાતરીનું પ્રતીક હોવાથી તે માણસને આધીનતામાં લાવે છે. આધીનતા સ્વાર્પણ કરાવે છે–આવા સ્વાર્પણના શહીદોના સ્મારક રૂપે લખાયેલ હેબ્રી. ૧૧મો અધ્યાય વાંચો. તે તમારામાં વિશ્વાસનું નવું જોમ પેદા કરશે. ખ્રિસ્તી વિશ્વાસ અને જીવન માટે આ નામાવલી એ પ્રત્યેક એક એક શક્તિની ગોળી–દવા છે. આ અધ્યાય તો વિશ્વાસનાં સ્મારકોનું સંગ્રહાલય છે.

ખ્રિસ્તનાં-ઈશ્વરનાં વચનો સાંભળવા-વાંચવાથી વિશ્વાસ પેદા થાય છે (રૂમી. ૧૦:૧૭). આ વચનો માનવી જ્ઞાન પ્રમાણેનાં નહિ પણ નિર્મળ એવાં સત્ય વચનો જે ઈશ્વરની સમક્ષતા દ્વારા હોય (રકરંથી. ૨:૧૭).

વિશ્વાસ, શબ્દો અગર વાતોથી પ્રગટ કરાતો નથી, તે તો કાર્ય દ્વારા જ પ્રગટ કરી શકાય-(યાકુબ ૨:૧૭, ૨૦).

ઈસુ ખ્રિસ્તના જેવું જીવન વિશ્વાસ દ્વારા જ જીવી શકાય છે (૨કરંથી. ૫:૭).

વિશ્વાસ દ્વારા સઘળી ચિંતા અને બીક દૂર કરી શકાય છે. સંતોષ અને હિંમત પ્રાપ્ત થાય છે (હેબ્રી. ૧૩:૫-૬).

ખ્રિસ્ત ઈસુમાં આપણો ભરોસો અને ખાતરી દૃઢ અને પાકો કરે છે (એફેસી ૩:૧૨). વિશ્વાસની આંખ, અદૃશ્ય-અજાણ અને છૂપી પડદા પાછળની વસ્તુઓ-વાતો પ્રગટ કરે છે-(હેબ્રી. ૧૧:૧).

વિશ્વાસ દ્વારા જ પવિત્ર આત્મા પ્રાપ્ત કરાય છે. ઈશ્વરનું અવાચ્ય દાન છે (યોહાન ૭:૩૯). તેથી જ સંત પાઉલ પોતાનો અનુભવ પ્રગટ કરે છે કે અમે વિશ્વાસથી ચાલીએ છીએ; દૃષ્ટિથી નહિ. કેમ કે દૃષ્ટિ ભ્રષ્ટ થાય પણ પવિત્ર આત્મામાં મૂકેલો વિશ્વાસ કદી ધોકો ખવડાવતો નથી. બલ્કે સંબોધક તે સઘળાં સત્યો અને ગૂઢ મર્મો ખુલ્લાં કરીને આપણાં જીવનોને ઉત્કૃષ્ટ કરે છે; એવાં કે ઈસુ ખ્રિસ્તે જે ચમત્કારો અને કામો કર્યાં; તેવાં જ અને તેથી મોટાં કામો કરવા તે આપણને યોગ્ય બનાવે છે (યોહાન ૧૪:૧૨).

વિશ્વાસ કરનારાઓને હાથે આવા મોટા ચમત્કારો થશે...મારે નામે તેઓ ભૂતો કાઢશે, નવી બોલીઓ બોલશે, સર્પોને ઉઠાવી લેશે, અને જો તેઓ કંઈ પ્રાણઘાતક વસ્તુ પીએ તો તેઓને કંઈપણ ઈજા થશે નહિ; તેઓ માંદાઓ પર હાથ મૂકશે એટલે તેઓ સાજા થશે. (માર્ક ૧૬:૧૭-૧૮).

શું આવો સર્વકાળિક વિશ્વાસ આપણને પ્રાપ્ત થયો છે? માત્ર વિશ્વાસ કર, એટલે તું તથા તારા ઘરનાં સર્વ તારણ પામશો–આવો તારણસાધક વિશ્વાસ કર્યો છે? (રૂમી ૧૦:૯)......પ્રભુ ઈસુ આજે તમારું નામ લઈને હાંક મારે છે..."આદમ, તું ક્યાં છે"? તે આજે તને બોલાવે છે. જે તરસ્યો હોય તે મારી પાસે આવીને પીએ–જે કોઈ વિશ્વાસ કરશે તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે. (યોહાન ૭:૩૭–૩૯). જીવન ધન્ય થશે. અનેકોના આશીર્વાદ રૂપ બનશે.

આવા બેનમૂન આદર્શ જીવનની ઇચ્છા છે? ઈશ્વરની ઇચ્છા તમારા માટે એવી છે. તેનુ મન અને દૃષ્ટિ તમારા જ ઉપર છે. જુઓ અને વાંચો તે શુ કહે છે......"તુ મારી દૃષ્ટિમાં મૂલ્યવાન થયો છે. તું સન્માન પામેલો છે, ને મેં તારા પર પ્રીતિ કરી છે. મેં તારો ઉદ્ધાર કર્યો છે. મેં તારું નામ લઈને તને બોલાવ્યો છે. તું મારો છે" (યશા ૪૩ : ૧–૪).

રાજાઓનો રાજા, પ્રભુઓનો પ્રભુ અને દેવોનો પણ દેવ તે એક નવું કામ કરનાર છે (યશા. ૪૩ : ૧૯) તે તમારા જીવનનું રૂપાંતર કરનાર છે. જગતના કીચડમાં જીવાતા જીવનનું બદલાણ કરી મહિમાવંત અને ગૌરવી બનાવવા માગે છે. તે નવા રસ્તામાં–નવા સત્યોમાં અને નવા જીવનમાં તમને સંસ્થાપિત કરે છે.

### આ રહ્યું એ જીવન અને ક્રમ

"જે જયે જગતને જીત્યું છે તે તો તમારો વિશ્વાસ છે"

આ જીવન આધીનતાનું છે. "ઈશ્વરની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું-પવિત્ર તથા ઈશ્વરને પસંદ પડે તેવુ અર્પણ કરો. એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે" (રૂમી. ૧૨ : ૧). આશીર્વાદની પ્રાપ્તિ એ માત્ર આધીનતાથી જ થાય છે.

વિશ્વાસુ જીવનની ચાલ તે હિંમતની છે. "કેમ કે અમે વિશ્વાસથી ચાલીએ છીએ દૃષ્ટિથી નહિ." આ ચાલ ઉતાવળી છે કારણ કે ચાલનારને ઈસુ ખ્રિસ્તની સંગતની તાલાવેલી છે (૨ કરંથી. ૫ : ૭).

વિશ્વાસથી કરેલાં કાર્યો—(૧ થેસ્સા. ૧ : ૩) કેમ કે વિશ્વાસપૂર્વક કરેલાં કામો ચોક્કસ અને નિપુણ હોય છે. એમાં પ્રેમપૂર્વક મહેનતનો નિચોડ છે, માટે ખામી રહિત છે. નિષ્ઠાપૂર્વકની મહેનત ઘર–સમાજ દેશની કાયા પલટ કરનાર નીવડે છે.

**વિશ્વાસની લડાઈ**......(૧ તીમોથી ૬ : ૧૨) આ લડાઈ બીજાઓ સાથેની નથી. આ લડાઈ પોતાના જ જીવનની છે. પોતાના જ જીવનના બોધ–નિષેધ અને સુધારા માટે, તેમ જ સઘળાં સારાં કામ કરવાને સારુ તૈયાર થાય અને અનંતજીવન પ્રાપ્ત થાય માટે સતત સંઘર્ષ કરે છે.

**વિશ્વાસની પ્રાર્થના**—પ્રાર્થના એ માણસની ઈશ્વર સાથે વાતચીત છે. આવી પ્રાર્થના કેટલી બધી ચોક્કસ અને વિશ્વાસ–યોગ્ય તથા વિશ્વાસપુર્વકની હોવી જોઈએ; અને તો જ તે સાર્થક થાય છે. વિશ્વાસ સંહતની પ્રાર્થના જીવનનું પરિવર્તન કરે છે. પરિસ્થિતિ બદલી નાખે છે. આ પ્રાર્થનાનું સામર્થ્ય અને પરાક્રમ અતિ વિરાટ છે (યાકૂબ ૫ : ૧૫–૧૬). તે પર્વતોને ખસેડી દઈ શકે છે (માત્થી ૧૭ : ૨૦). માંદાઓને તંદુરસ્ત–સાજાં કરે છે (માર્ક ૧૬ : ૧૮). વિશ્વાસથી પ્રાથનામાં જે કંઈ માગશો, તે સઘળું તમે પામશો (માત્થી ૨૧ : ૨૨).

**આપણે સૌ આવા જીવનની ઇચ્છા રાખીએ......**

## ૧૪. આશા–Hope

'આશા એ તો મધુર કડવો અંશ છે જિંદગીનો.'

માનવી જીવન જ આશાના તાંતણે લટકી રહેલું છે. આશા સાર્થક થાય અને નિરર્થક પણ થાય. આશા ફળીભૂત થાય ત્યારે તે મીઠી–

મધુર લાગે. આશા નિરર્થક બને ત્યારે કડવી ઝેર લાગે છે. તેમ છતાં આશા વગર જીવન જ જીવી ન શકાય. કેમ કે,

માનવી જીવનમાં અનેકવિધ પ્રકારની આશાઓ હોય છે. ભૌતિક આશાઓ આ જગતનાં વાનાંઓ શોધે છે. ધન પ્રાપ્તિ–કુટુંબ પ્રાપ્તિ સુખચેન, એશઆરામ, માનમરતબો, એવાં અનેક વાનાંની આશા મધલાળ ટપકવાની રાહ જોતું જીવન વહેતું જ જાય છે.

આધ્યાત્મિક આશા ઉપરનાં એટલે આકાશનાં વાનાં તરફ જુએ છે, અને શોધે છે. માનવીના તારણસાધક અને વિશ્વાસના અગ્રેસર પ્રભુ ઈસુ તરફ આશાનો મીટ મંડાયેલી તાકી રહે છે. માનવી પોતાના જીવનના પ્રશ્નો અને પરિસ્થિતિની ગૂંચવણમાં રહે તેના કરતાં તેની આશાઓ ખ્રિસ્ત ઈસુની શકયતા અને વિશિષ્ઠતામાં પરોવે એ અગત્યનું છે (હેબ્રી ૧૨ : ૨). કેમ કે દેવને સઘળું શકય છે (માત્થી ૧૯ : ૨૬). સઘળાં ઉત્તમ અને હિતકારક વાનાંઓ એ જ પૂરાં પાડનાર આપણો યહોવાહ "યિરેહ" છે (ઉત્પત્તિ ૨૨ : ૧૩–૧૪; યોહાન ૬: ૬૮).

મનુષ્ય જીવનની અગત્યની એવી આશાનું ઉત્પત્તિસ્થાન, ઈસુ ખ્રિસ્ત છે (૧ તીમોથી ૧ : ૧). વળી ઈસુમાં રાખેલી આશા કદી પણ નિરાશા બનતી નથી.

પવિત્રશાસ્ત્ર બાઇબલ તે આપણી આશાના પ્રોત્સાહન માટે લખાયું છે (રૂમી. ૧૫ : ૪). આપણા બોધ–નિષેધ અને સુધારા માટે છે (૨ તીમોથી ૩ : ૧૬).

ધન્ય ઘડીની આ આશા કેવી મીઠી અને તાલાવેલી જગાડનારી છે! પ્રભુ ઈસુના પુનરાગમનની વાટ, જાણે કન્યા પોતાના પ્રીતમની વાટ જુએ તેવી છે (તીતસ ૨ : ૧૩). આવી આશા કન્યાને શણગારવા પ્રોત્સાહન અને માર્ગદર્શન આપનારી બને છે. એ જ આશા કન્યાને વિરહના તાપમાં તપાવે છે કે તે પોકારી ઊઠે, "મારા પ્રીતમ, તું વહેલો આવ" (પ્રકટી. ૨૨ : ૨૦; ગી. ગી ૮ : ૧૪).

આ આશા ઊંડા અંતરમાં મીઠી આનંદની લાગણી પેદા કરે છે. ન સમજી શકાય તેવા આનંદનો અનુભવ કરાવે છે (રૂમી. ૧૨:૧૨).

જગતના હલકા માનવી જીવનમાંથી, નવા અને ઉત્તમ જીવનમાં પ્રવેશ કરવાની જીવતી આશા, ઈસુ ખ્રિસ્તના પુનરૂત્થાનમાંથી જ પેદા થાય છે (૧ પીતર ૧ : ૩). નવા જન્મનો અનુભવ અને આકાશના રાજ્યમાં પ્રવેશ અને દર્શનનો પરવાનો આ આશા દ્વારા જ પ્રાપ્ત થાય છે (યોહાન ૩ : ૩).

જગત ભવસાગરમાં વિહરતાં આપણાં જીવન માટે આ આશા એ જ લંગર સમાન છે. ડોલાં ખાતાં જીવનને સ્થિર કરે છે. આમ તેમ ખેંચાઈ જતું-ડૂબતું બચાવે છે (હેબ્રી. ૬ : ૧૮-૧૯).

માનવી જીવન એ સંગ્રામ છે. ભૌતિક જીવન જીવવા અનેક વાનાંની પ્રાપ્તિ માટે મહેનત અને સામનો કરવો પડે છે...... આધ્યાત્મિક જીવનમાં જગત, દેહ અને શેતાન એમ ત્રણ શત્રુઓનો સામનો કરવો પડે છે. ત્યારે આ લડાઈમાં વાપરવાનાં બચાવનાં સાધનોમાં સૌથી અગત્યનું સાધન 'આશાનો ટોપ' છે. લડાઈમાં માથાનું રક્ષણ બહુ અગત્યનું છે. એ તારણનો આશાનો ટોપ પહેરીને સાવધપણે લડાઈ લડવી એ આવશ્યક છે ૧ થેસ્સા. ૩ : ૮). જેથી કરીને સંત પાઉલ માફક આપણે પણ ખાતરીપૂર્વક અને હિંમતથી કહી શકીએ કે "હું સારી લડાઈ લડયો છું મેં દોડ પૂરી કરી છે" (૨ તીમોથી ૪ : ૭).

"આ મોટો મર્મ છે. જે યુગોથી ગુપ્ત રાખવામાં આવ્યો હતો પણ હમણાં તે તેના સંતોને પ્રગટ થયો છે; વિદેશીઓમાં આ મર્મના મહિમાની સંપત શાં છે. તે તેઓને જણાવવા ઈશ્વરે ચાહ્યું; તે [મર્મ] એ છે કે "તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા" (કુલોસી ૧ : ૨૬-૨૭).

ઈસુ ખ્રિસ્ત પોતાના બલિદાન દ્વારા આપણાં જીવનોનું રૂપાંતર કરીને તેના જેવાં પવિત્ર અને સંપૂર્ણ બનાવે. આ પ્રભુ ઈસુની ઇચ્છા અને આશા આપણાં જીવનોમાં પણ આશા ઉપજાવે છે કે આપણે તેનો મહિમા પ્રગટ કરનારાં સાચાં ખ્રિસ્તીઓ બનીએ.

પ્રભુ ઈસુની આવી આશા અને ઇચ્છાને આધીન થવાની તમારી મરજી છે? તમારી આશા કઈ છે?

## ૧૫. પ્રીતિ–પ્રેમ–Love

જેમ ઊંડા સાગરમાં હીરા–મોતી પડયાં હોય, તેમ પ્રત્યેક માનવીના હૃદયના ઊંડાણમાં પ્રેમનું રત્ન પડેલું-દટાયેલું હોય છે જ. પ્રેમનું રહેઠાણ હૃદય છે. જેમ હીરાને સાગરના તળિયાથી બહાર કાઢનાર મરજીવા હોય છે, તેમ પ્રેમને જગાડનાર–બહાર લાવનાર કોઈ બીજી વ્યક્તિની જરૂર પડે છે. પ્રેમ બે વ્યક્તિને ભેગી કરનાર લોહ-ચુંબક છે. પ્રેમ મનુષ્ય જીવનની મહામૂલી મિલકત છે. પ્રેમ માનવી જીવનની જીવાદોરી છે. જીવનમાં પ્રેમ ન હોય તો જીવતર ઝેર જેવું બનત.

એટલે જ માણસ એકલી રોટલી–શિરાપૂરી–મિષ્ટાન્ન-ઉત્તમ પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજનથી જ જીવતું નથી. ખોરાક શરીર ટકાવવા જરૂરી છે. પણ તે ઉપરાંત પ્રત્યેક માનવી પછી તે રાજા કે રંક, ગરીબ–તવંગર, સ્ત્રી કે પુરુષ, બાળક કે વૃદ્ધ, ભણેલાં કે અભણ, કાળાં કે ગોરાં રૂપાળાં કે કદરૂપાં, સૌને પ્રેમની હૂંફ–સંગત જોઈતાં જ હોય છે. માનવી માનવીને એકબીજાની હૂંફ–સંગત–પ્રેમ ન હોત તો આ જગત વરુઓનું કોતર ગણાત.

પ્રેમના તાંતણે જ બે નોખાં સ્ત્રી–પુરુષ, પતિ–પત્ની બનવા બંધાય છે. પ્રેમના બંધારણથી જ કુટુંબ જોડાઈ રહે છે. ઘણાં કુટુંબોની સંગત–હૂંફથી મોટા સમાજ રચાયા છે. પ્રેમથી વ્યવહાર

ચાલે છે. પ્રેમ પ્રબળ છે. પ્રેમનાં પ્રલોભનો અતિ ઘેરાં અને ઊંડાં હોય છે.

પ્રેમના પ્રકાર નથી હોતા. ઈશ્વર એક જ છે. ઈશ્વર પ્રેમ છે. પ્રેમ એક જ છે, જે સાચો વાસ્તવિક પ્રેમ છે. પ્રેમ બદલાતો નથી. તેમ ઓછો પણ થતો નથી. બલ્કે પ્રેમ સ્વાર્પણ કરે છે.

આવો સ્વાર્પિત પ્રેમ યોગ્યતા કે લાયકાત જોતો નથી. બલ્કે જ્યારે આપણે નિર્બળ–પાપી અને ઈશ્વરના દુશ્મન હતાં, ત્યારે ઈસુ આપણી વતી વધસ્તંભે જડાયો (રૂમી ૫:૬,૮,૧૦).

પ્રેમ અમાપ્ય છે ..દેવે જગત પર એટલી બધી પ્રીતિ કરી... (યોહાન ૩:૧૬) એટલી બધી કે જેનું માપ નહિ. અધૂરો પ્રેમ જ માપી શકાય. સ્વેચ્છિત પ્રેમ...બદલો મેળવવાની આશા કે ઈચ્છા વગરનો છે. ઈસુ ખ્રિસ્તે રાજીખુશીથી પોતાના પંડનું બલિદાન આપીને પોતાનો પ્રેમ દેખાડયો (૧ યોહાન ૪:૧૦).

અખંડ–પ્રેમ પ્રેમ કદી ખંડિત થતો નથી. તેમ જ તે બદલાતો પણ નથી (યિર્મે. ૩૧:૩). જે કોઈ કદી પ્રેમ કરતું નથી, તે ઈશ્વરને ઓળખતું નથી. કેમ કે ઈશ્વર પ્રેમ છે (૧ યોહાન ૪:૮). ઈશ્વરને ઓળખવા અને તેના જેવા થવા પ્રેમ કરતાં શીખવું પડે. એ પ્રથમ છે. કેમ કે,.........

પ્રેમની આજ્ઞા અને નિયમ એ સૌથી પ્રથમ અને સૌથી મોટી છે (માર્ક ૧૨:૩૦–૩૧). ઈશ્વર પર પ્રીતિ કરવી અને પડોશી પરની પ્રીતિ એ આખા નિયમશાસ્ત્રનો સારાંશ છે. જગતના સઘળા વ્યવહાર અને કારોબાર પ્રેમથી ચલાવાય છે. આ પ્રીતિ ન હોત, તો જગત ન હોત.

**પ્રેમની આવશ્યકતા**—માણસજાતની પ્રત્યેક ફરજ–સેવા વ્યવહાર બધામાં પ્રેમ વગર ચાલી શકે જ નહિ. પ્રેમ વગરની કરેલી ગમે તેટલી ઊંચી અને મોટી સેવા તે નિષ્ફળ નકામી બને છે. એવી

સેવા કશા ઉપયોગની નથી (૧ કરંથી. ૧૩:૧–૩).

પ્રેમ દેવ તરફથી પ્રાપ્ત થાય છે. તેણે આપણા પર પ્રેમ કર્યો અને આપણામાં એ પ્રેમ વહેવડાવ્યો (૧ યોહાન ૪:૧૯.

ઈસુ ખ્રિસ્તના શિષ્યો માટે પ્રેમ એ જાહેર પ્રમાણપત્ર છે. જગત જાણે કે આપણે તેના શિષ્યો છીએ માટે પ્રેમ એ જ એક લાયકાત અને ઓળખપત્ર બને છે (યોહાન ૧૩:૩૫).

ઈશ્વર પરનો પ્રેમ જીવન વ્યવસ્થિત કરે છે. પ્રેમદ્વારા સઘળાં વાનાં અને પરિસ્થિતિ હિતકારક નીવડે છે (રૂમી. ૮:૨૮). પ્રેમની આ બહુ અજાયબ અસર છે.

**પ્રેમની પરાકાષ્ટા**—બીજાં પર પ્રેમ કરતાં પોતાના જીવનું પણ સ્વાર્પણ કરીને ઈસુએ સર્વોચ્ચ નમૂનો આપ્યો છે (યોહાન ૧૫:૧૩). આવો અકલ્પ્ય પ્રેમ જગતમાં અજોડ અને અમર છે.

આ પ્રેમ વિષે જાણવું-સમજવું અને તેનું માપ કાઢવું એ સંતો માટે જરૂરનું છે. કેમં કે ખ્રિસ્ત ઈસુની પ્રીતિ જે સર્વ સમજ-શક્તિની બહાર છે તે આપણે સમજી શકીએ અને ઈશ્વરની સર્વ સંપૂર્ણતા પ્રમાણે સંપૂર્ણ થઈ શકીએ (એફેસી. ૩:૧૭–૧૯).

એ માટે ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદાં પાડશે ? શું વિપત્તિ કે વેદના, કે સતાવણી કે દુકાળ, કે નગ્નતા, કે જોખમ, કે તલવાર ?.........મારી ખાતરી છે કે મરણ કે જીવન, દૂતો કે અધિકારીઓ, વર્તમાનનું કે ભવિષ્યનું કે પરાક્રમીઓ, ઊંચાણ કે ઊંડાણ, કે કોઈ પણ બીજી સૃષ્ટ વસ્તુ. ઈશ્વરની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને જુદા પાડી શકશે નહિ (રૂમી. ૮:૩૫–૩૯).

શું તમારી આવી પાકી ખાતરી છે ? ખ્રિસ્ત ઈસુના નિકટ સંબંધથી શું વેગળાં છો ? તો તમારી અરજો અને પરિસ્થિતિ ઈશ્વરને જણાવો અને ઈશ્વરની શાંતિ જે સર્વ સમજશક્તિની

બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે. . ...માટે ભાઈઓ, જે કંઈ સત્ય, જે કંઈ સન્માનપાત્ર, જે કંઈ ન્યાયી, જે કંઈ શુદ્ધ, જે કંઈ પ્રેમપાત્ર, જે કંઈ સુકીર્તિમાન છે; જો કોઈ સદ્‌ગુણ કે જો કોઈ પ્રશંસા હોય, તો આ બાબતોનો વિચાર કરો...અને શાંતિનો ઈશ્વર તમારી સાથે રહેશે (ફિલિપી ૪:૬–૯).

હવે પ્રેમનું બહુ ચોક્કસ અને અતિ ઘેરું એવું પ્રેરણાદાયક શબ્દચિત્ર જે સંત પાઉલની કલમથી અને ઈશ્વરની પ્રેરણાથી લખાયું છે; તે પ્રત્યેક મનુષ્યના ઉત્તેજન માટે બહુ ઉપયોગી છે. આ પ્રેમનો પાઠ અજોડ અને અમર છે (૧ કરંથી ૧૩મો અધ્યાય).

"જો કે હું માણસોની તથા દૂતોની પણ ભાષાઓ બોલું, પણ મારામાં પ્રીતિ ન હોય, તો રણકો કરનાર પિત્તળ કે ઝમકાર કરનાર ઝાંઝના જેવો હું થયો છું. જો કે મને પ્રબોધ કરવાનું દાન હોય, અને હું સર્વ મર્મો તથા સર્વ વિદ્યા જાણતો હોઉં; અને જો હું પર્વતોને પણ ખસેડી શકું એવો મને પૂરો વિશ્વાસ હોય, પણ મારામાં પ્રીતિ ન હોય તો હું કંઈ નથી. જો કે હું [કંગાલોનું] પોષણ કરવા સારુ મારી સર્વ સંપત્તિ આપી દઉં; અને જો હું મારું શરીર અગ્નિને સોંપું, પણ મારામાં પ્રીતિ ન હોય, તો મને કશો લાભ નથી. પ્રીતિ સહનશીલ તથા પરોપકારી છે; પ્રીતિ અદેખાઈ કરતી નથી; પ્રીતિ આપવડાઈ કરતી નથી, ફુલાઈ જતી નથી, અયોગ્ય રીતે વર્તતી નથી, પોતાનું જ [હિત] જોતી નથી, ખિજવાતી નથી, અપકારને લેખવતી નથી; અન્યાયમાં હરખાતી નથી પણ સત્યમાં હરખાય છે; સઘળું ખમે છે, સઘળું ખરું માને છે, સઘળાની આશા રાખે છે, સઘળું સહન કરે છે. પ્રીતિ કદી ખૂટતી નથી; પણ ભવિષ્ય [ભાખવાનું] દાન હોય તો તે લોપ થશે; ભાષાઓ હોય, તો તેઓનો અંત આવશે; વિદ્યા હોય તો તે જતી રહેશે. કેમ કે, આપણું જ્ઞાન અપૂર્ણ છે, અને આપણે અપૂર્ણ

પ્રબોધ કરીએ છીએ; પણ જ્યારે સંપૂર્ણતા આવશે, ત્યારે અપૂર્ણતા જતી રહેશે. જ્યારે હું બાળક હતો, ત્યારે બાળકની પેઠે બોલતો હતો, બાળકની પેઠે વિચારતો હતો, બાળકની પેઠે સમજતો હતો; પણ હવે મોટો થયા પછી મેં બાળકની વાતો મૂકી દીધી છે. કેમ કે હમણા આપણે જાણે કે] દર્પણમાં ઝાંખું ઝાંખું જોઈએ છીએ, પણ ત્યારે નજરોનજર જોઈશું; હમણાં હું અપૂર્ણ જાણું છું, પણ ત્યારે જેમ હું પોતે જણાયેલો છું તેમ [પૂર્ણ રીતે] જાણીશ. હશે વિશ્વાસ, આશા, તથા પ્રીતિ એ ત્રણે ટકી રહે છે; પણ તેઓમાં પ્રીતિ શ્રેષ્ઠ છે... ...

## ૧૬. દેવની ઇચ્છા–Will of God

પ્રત્યેક માનવીને પોતાની આગવી ઇચ્છાઓ હોય છે. ઇચ્છા એ જ જીવનની શક્તિ અને જોમ છે ઇચ્છા વગરનું જીવન માંદલું અને સુષુપ્ત ગણાય છે. માનવી ઇચ્છાઓ તેના જીવનનું પ્રદર્શન છે. જીવનનો માર્ગ અને વળાંક તેની જેવી અને જેટલી ઇચ્છા પર આધાર રાખે છે. તેથી જ પ્રત્યેક વ્યકિતએ પોતાની ઇચ્છા પૂર્ણ કરતાં પહેલાં બરાબર સમજવી એ જરૂરનું છે. પોતાની જ ઇચ્છા, મહત્વની ગણીએ તે પહેલાં તેમાં કેટલું સત્ય છે? આ ઇચ્છામાં બીજાંઓનું હિત કેટલું છે? પોતાની ઇચ્છાને વેગ આપવાથી બીજાઓ સાથે આપણા સંબધો કેવા બંધાશે? આપણી ઇચ્છા સર્વમાન્ય અને સર્વના લાભમાં થશે કે કેમ? આવી કેટલીક બાબતો સમજવી એ બહુ અગત્યની બાબત છે. કેમ કે ઘણી વખત આપણી પોતાની ઇચ્છા યોગ્ય ન પણ હોય.

એમ જ બીજાંઓની ઇચ્છા પૂર્ણ કરવાની હોય ત્યારે વિશેષ વધારે સમજવાની–વિચાર કરવાની જરૂર છે. કેમ કે બીજાની ઇચ્છાને અનુમોદન આપતાં આપણે પણ સારા અગર નરસાના ભાગીદાર બનીએ છીએ. મૂર્ખ ન ગણાઈએ માટે સાવધ રહેવું સારૂં.

પણ આપણો વ્યવહાર ઈશ્વર સાથે વિશેષ અગત્યનો છે. કેમ કે ઈશ્વરને પણ તેની પોતાની ઇચ્છાઓ છે. ઈશ્વર મનુષ્ય સાથે વ્યવહાર રાખે છે; કારણ કે મનુષ્યજાતમાં તેને રસ છે. માણસમાં તેનું હિત છે. ઈશ્વર કર્તા છે, માણસ કૃતિ છે. ઈશ્વરનાં સ્વરૂપ અને પ્રતિમાનું પ્રતિબિંબ માણુસ છે...તેમ છતાં, માનવ અને ઈશ્વર વચ્ચે મોટું અંતર પડયું છે. કારણુ કે માનવી ઈશ્વરની ઇચ્છા પૂર્ણ કરી શકયું નહિ. ઇચ્છાનું અનુમોદન ઐકય લાવે છે. બંનેની ઇચ્છા પ્રેમ પેદા કરે છે.

પાપના કારણથી માણુસ અને ઈશ્વર વચ્ચે અંતર પડયું. બંનેની ઇચ્છાઓ–વૃતિઓ–વ્યવહાર વિચારોમાં પણ મોટું અંતર બન્યું. "કેમ કે મારા વિચારો તે તમારા વિચારો નથી, તેમ તમારા માર્ગો તે મારા માર્ગો નથી;" એમ યહોવાહ કહે છે. જેમ આકાશો, પૃથ્વીથી ઊંચાં છે, તેમ મારા માર્ગો તમારા માર્ગોથી, અને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે" (યશા. ૫૫:૮–૯).

આવા મહાન ઈશ્વરની ઇચ્છાઓ જાણવી અને સમજવી એ કેટલી બધી જરૂરની બાબત છે! ઈશ્વરની ઇચ્છા જાણ્યા અને સમજ્યા વગર અનુરૂપ કયાંથી થવાય?

ઈસુ ખ્રિસ્તે પોતાના શિષ્યોને પ્રાર્થના શીખવી. ખ્રિસ્તના શિષ્યોની એ બહુ પ્રિય પ્રાર્થના બની. કારણુ પ્રાર્થનાનો એ અલૌકિક નમૂનો છે......

"ઓ! આકાશમાંના અમારા બાપ......જેમ આકાશમાં તેમ પૃથ્વી પર, તારી ઇચ્છા પૂરી થાઓ..." આપણે વારંવાર બલ્કે દિવસમાં ત્રણચાર વાર આ પ્રાર્થના કરીએ છીએ," તારી ઇચ્છા પૂરી થાઓ," પરંતુ પરમેશ્વર જે સર્વશક્તિમાન, સર્વજ્ઞાની, સર્વ વ્યાપક અને સર્વમાં સર્વ એવો જગત અને બ્રહ્માંડને ઉત્પન્ન કરનાર તેને વળી શી ઇચ્છા હોય? વળી તેની ઇચ્છાને શું રોકી શકે? તો પછી, શિષ્યો આવી પ્રાર્થના કરે અને માગે કે "તારી ઇચ્છા

પૂરી થાઓ" એમ શા માટે ? જેમ આકાશમાં દૂતો, વડીલો, શ્વાપદો, ઈશ્વરની ઇચ્છા માટે ટાંપી રહે છે, અને પૂરી કરે છે, તેમ જ પૃથ્વી ઉપર માણસો ઈશ્વરની ઇચ્છા પૂરી કરે એવી ઈશ્વરની મરજી છે. તેથી ખ્રિસ્તના અનુયાયીઓ જ્યારે અને જેટલીવાર આ પ્રાર્થના કરે છે કે "તારી ઈચ્છા પૂરી થાઓ" ત્યારે તેઓ ઈશ્વરની ઇચ્છાઓને પૂરી કરવા પોતાનું અનુમોદન સંમતિ પ્રગટ કરે છે. આવી ઇચ્છા પૂરી કરવા ભાગીદારો બને છે.

ત્યારે પ્રશ્ન એ ઊઠે છે કે, ઈશ્વરની ઇચ્છા શી છે ? અને બીજો પ્રશ્ન થાય છે કે, શું આપણે તેની એટલે ઈશ્વરની ઇચ્છા જાણીએ છીએ ?

જો ના જાણતાં અને ના સમજતાં છતાં, આ પ્રાર્થના કરતાં હોઈએ, તો આપણે જૂઠા ઠરીએ છીએ. માત્ર ગોખેલી પ્રાર્થના બોલી જઈએ છીએ. જો એમ હોય તો આપણે કેવાં શરમિંદા ગણાઈએ...

આપણે તેના શિષ્યો શા માટે છીએ ? "તું તેની ઈચ્છા જાણે...માટે આપણા પૂર્વજોના ઈશ્વરે તને પસંદ કર્યો છે" (પ્રે.કૃ. ૨૨:૧૪). સંત પાઉલની તેમ જ આપણી પસંદગીમાં ઈશ્વરનો આ ગર્ભિત હેતુ છે. "તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી ઈશ્વરની સારી તથા માન્ય અને સંપૂર્ણ ઇચ્છા શી છે તે તમે પારખી શકો" (રૂમી ૧૨:૨).

ઈશ્વરની ઇચ્છા જાણવા અને સમજવા, આપણાં જીવનોનું નવીનીકરણ અને રૂપાંતર અતિ અગત્યનાં છે. આપણું બદલાણ જ થયું ન હોય, નવા જન્મનો ઉદ્ભવ જ ન થયો હોય તો ઈશ્વરની ઇચ્છા આપણે જાણી શકતાં નથી. અને જો ઇચ્છા જ જાણતાં ન હોઈએ, તો તે પૂરી કરવાનું કહેવામાં આપણું ગાંડપણ જ બતાવીએ છીએ. જૂઠાં ઠરીએ છીએ. જેને આ પ્રાર્થના કરીએ છીએ તે આકાશમાંના બાપને છેતરીએ છીએ શું એ ગંભીર નથી ?......આ ભાન થયા પછી,

ઈશ્વરની ઇચ્છાઓ જાણી લેવા અને સમજવા ઉતાવળ કરીએ, અને ત્યાર બાદ આત્માથી પ્રાર્થના કરીએ; અને સમજશક્તિથી પણ પ્રાર્થના કરીએ. (૧ કરંથી. ૧૪ : ૧૫). જેથી આપણી કરેલી પ્રાર્થના સુગંધિત ધૂપ જેવી ઈશ્વરને માન્ય થાય (પ્રકટી. ૮ : ૪).

ઈશ્વરને સૌથી વધારે રસ માણસમાં અને તેના મોક્ષ-તારણમાં છે. તેની નજર અને હૃદય માણસ ઉપર જ ચોંટેલાં રહે છે. જુઓ,......

'તેણે જોયું કે કોઈ માણસ નથી, ને કોઈ મધ્યસ્થ નથી; તે જોઈને તે વિસ્મય પામ્યો, અને તેણે પોતાને સારુ પોતાના જ હાથે તારણ સાધ્યું'" (યશા. ૫૯ : ૧૬).

"તેઓની અંદર મેં એવો માણસ શોધ્યો કે જે આડરૂપ થઈને મારી તથા દેશની વચ્ચે છીંડામાં ઊભો રહીને મને તેનો નાશ કરતાં વારે; પણ મને એવો એકે માણસ મળ્યો નહિ" (હઝ. ૨૨ : ૩૦).

"કેમ કે ઈશ્વરની નજર આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે, જેથી જેઓનું અંતઃકરણ તેની તરફ સંપૂર્ણ છે, તેઓને સહાય કરીને પોતે બળવાન છે, એમ દેખાડી આપે" (૨ કાળ. ૧૬:૯).

"કેમ કે તેની આંખો મનુષ્યના આચાર-વિચાર ઉપર છે, તે તેની સઘળી વર્તણૂક જુએ છે" (અયૂબ ૩૪:૨૧).

આમ ઈશ્વરની ઈચ્છા અને મન માણસને શોધે છે... ખોવાયેલા માણસને શોધવા તે અવિરત પ્રયત્ન કરે છે. કેમ કે તે માણસને ચાહે છે (યોહાન ૫:૧૭).

"આદમ, તું ક્યાં છે"? ત્યારથી માંડીને અત્યારસુધી તે પ્રત્યેક માનવીને શોધે છે (ગીત. ૩૩:૧૩). તે પ્રત્યેકનાં હૃદયદ્વાર આગળ ઊભો રહીને, બારણું ખટખટાવે છે (પ્રકટી. ૩:૨૦; ગી. ગી ૫:૨). એટલા માટે કે, "તેણે પોતાની ઇચ્છાથી સત્યના વચન દ્વારા આપણને

જન્મ આપ્યો છે, જેથી આપણે તેના ઉત્પન્ન કરેલાંઓમાં પ્રથમફળ જેવાં થઈએ" (યાકૂબ ૧:૧૮). કારણ કે ઈશ્વરની ઇચ્છા એવી છે, કે "તમારું પવિત્રીકરણ થાય......અને પવિત્રતામાં તથા માનમાં પોતાનું પાત્ર રાખી જાણે" (૧ થેસ્સા. ૪:૩-૫). એટલા સારુ... ... "ઈશ્વરની ઇચ્છા એવી છે કે સારું કરીને મૂર્ખ માણસોની અજ્ઞાનતા [ની વાતો] તમે બંધ પાડો" (૧ પીતર ૨:૧૫).

વિશેષ ઈશ્વરની ઇચ્છા છે કે, "જૂઠું કરવાને લીધે દુ:ખ સહેવું એ કરતાં સારું કરવાને લીધે દુ:ખ સહેવું વધારે સારું છે." (૧ પીતર ૩:૧૭). કારણ કે ખ્રિસ્ત ઇસુની ઇચ્છા એવી છે કે તે જેવો પવિત્ર છે, તેવાં આપણે પવિત્ર થઈએ (યોહાન ૧૭:૧૭) વળી" જેવો તમારો આકાશમાંનો બાપ સંપૂર્ણ છે તેવા તમે સંપૂર્ણ થશો" (માત્થી ૫:૪૮).

આ સઘળી તેની ઇચ્છા અને યોજના પૂરી થાય માટે તેણે સંબોધક-પવિત્ર આત્માનું દાન આપણને આપ્યું. તેણે શિષ્યો પર શ્વાસ નાખ્યો અને કહ્યું "તમે પવિત્ર આત્મા પામો" (યોહાન ૨૦:૨૨).

તેની બીજી ઇચ્છા, આપણને તેના ભાગીદારો બનાવવાની છે. તેના ઉદ્ધારના મહાન કાર્યના સંદેશવાહકો બનીએ માટે તેણે આપણને નીમ્યા છે; અને અધિકાર આપ્યો છે (માર્ક ૧૬:૧૫-૧૮). તેણે આપણને તેના 'એલચીઓ' ઠરાવ્યા છે (૨ કરંથી. ૫:૨૦). જેથી અન્ય મનુષ્યોનું ઈશ્વર સાથે આપણે સમાધાન કરાવી શકીએ. એમ ઇશ્વરનો મહિમા પ્રગટ કરી શકીએ. આપણને તેના સાથી સેવકો બનાવવાની તેની ઇચ્છા કેવી અદ્દભુત છે! તેના મનોરથો કેવા અગમ્ય છે! તે ઉકરડા ઉપરથી રાંકને ઉઠાવી લે છે અને રાજ્યાસન પર બેસાડે છે. તેની કૃપાનો પાર નથી.

ઈશ્વરની ત્રીજી ઇચ્છા, એ છે કે "જેવા આપણે એક છીએ, તેવા તેઓ પણ એક થાય" (યોહાન ૧૭:૨૨). ઈશ્વરપિતા અને દીકરો

ઈસુ ખ્રિસ્ત તેઓની એકતા અજોડ હતી. વિચાર–વાણી અને વર્તન-કશામાં ક્યાંય જરાય ફરક નહોતો. ખ્રિસ્ત ઈસુના અનુયાયીઓ એવી જ એકતામાં રહે એ બહુ અગત્યનું છે; અને અનિવાર્ય છે. કેમ કે એક જ ખ્રિસ્તનું એક જ ટોળું, તેનો એક જ વિશ્વાસ અને એક જ આશામાં સૌને તેડવામાં આવ્યાં છે (એફેસી. ૪:૪–૫).

આકાશમાં દર્શન જોતાં યોહાન લખે છે, "સર્વ દેશોમાંથી આવેલા, સર્વ કુળના, લોકના તથા ભાષાના, કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા ! તેઓ રાજ્યાસન આગળ તથા હલવાનની આગળ ઊભેલા હતા" (પ્રકટી. ૭:૯).

પૃથ્વી પર ખ્રિસ્તીઓ વિભાગાયેલા છે, એ સાચે જ કમજોરી છે. ખ્રિસ્તની આ ઇચ્છા આપણે પૂરી કરી શકીએ તો કેવું સારું ?

ઈશ્વરની છેલ્લી ઇચ્છા એ છે કે આખી પૃથ્વી તેના જ્ઞાનથી ભરપૂર થાય, અને ખ્રિસ્ત ઈસુના રાજ્યસત્તાની વૃદ્ધિ થઈને ઈન્સાફ તથા ન્યાયીપણું સ્થાપિત બને. એમ તેની શાન્તિ અને સત્તા પાર વિનાનાં બેસુમાર થાય. એવી સૌન્યના ઈશ્વરની ઉત્કંઠા છે (યશા. ૯:૬–૭) આ રાજ્ય સમયમાં, વરૂ તથા હલવાન સાથે રહેશે, ચિત્તો લવારા પાસે સૂશે; વાછરડું, સિંહ તથા માતેલાં ઢોર એકઠાં રહેશે; અને નાનું છોકરું તેઓને દોરશે. ગાય તથા રીંછ સાથે ચરશે; તેઓનાં બચ્ચાં ભેગાં સૂશે–વળી સિંહ ઢોરની પેઠે કડબ ખાશે. ધાવણું બાળક સાપના દર પર રમશે, ને ધાવણ છોડાવેલું છોકરું નાગના રાફડા ઉપર પોતાનો હાથ મૂકશે. મારા આખા પવિત્ર પર્વતમાં કોઈ પણ ઉપદ્રવ કરશે નહિ, તેમ વિનાશ કરશે નહિ; કેમ કે જેમ સમુદ્ર-પાણીથી ભરપૂર છે, તે પ્રમાણે આખી પૃથ્વી ઈશ્વરના જ્ઞાનથી ભરપૂર થશે"... ...(યશા. ૧૧:૬–૯).

ઈશ્વરની ઇચ્છા અને યોજના કેવું પરિવર્તન અને રૂપાંતર

કરનારાં છે! જુઓ, તે સઘળું નવું બનાવે છે. તેને માન-મહિમા અને ગૌરવ સર્વકાળ હોજો.

ઇશ્વરની આ ઇચ્છા તમારે માટે છે. શું તમે તે સ્વીકારો છો? તેને અનુરૂપ થવું છે? તેની આધીનતા સ્વીકારવી છે?...તો પ્રભુની આગળ તમે દીન થાઓ; એટલે તે તમને ઉચ્ચપદે મૂકશે (યાકૂબ ૪:૧૦).

હવે જે તમને ઠોકર ખાતાં બચાવવા, અને પોતાના ગૌરવની સમક્ષ તમને પરમ આનંદ સહિત નિર્દોષ રજૂ કરવા, સમર્થ છે" (યહુદા ૧ : ૨૪) તેની ઇચ્છા પૂરી થાઓ... ... આમીન.

## ૧૭. શક્તિશાળી પ્રાર્થના

પ્રાર્થના એ કોઈ પ્રવૃત્તિ કે કાર્યપ્રણાલિકા નથી. પણ એ તો જીવનમાંથી ઉદ્દ્ભવતી એક લાગણી છે. તમારું વલણ અને તમારા મનનું ખેંચાણ છે. માનવમાત્ર બીજાની હૂંફ-સંગત-મદદ અને દોરવણી ઇચ્છે છે. તેને પોતાના એકલાપણાનો સંતોષ નથી. જીવનના આનંદ-પ્રમોદ, દુ:ખ-મૂંઝવણ એ બધાં સાથી વગર કેમ માણી શકાય? તેથી જ ઇશ્વરે આદમને સહાયકારી આપી (ઉત્પત્તિ ૨:૧૮).

માનવ એ એક વ્યક્તિગત પૂર્ણ એકમ જરૂર છે, પણ તે બીજાની સહાય વગર પાંગળું છે. તેથી જ માણસ રોજ નવા દિવસની સવારમાં જ પોતાના ઈશ્વરને સહાય માટે પ્રાર્થના કરે છે પ્રાર્થના એ અંતરની ઈચ્છા છે. ઇશ્વરને અનુરૂપ થવાની એમાં ભાવના છે. કેમ કે અનુરૂપ ન થવાય ત્યાં સુધી સંગત અને મદદની અપેક્ષા પણ ન રખાય. માટે જ પ્રાર્થનામાં નિકટતા છે. એકબીજાને અનુકૂળ થવાની સમજૂતી છે. વળી ત્યારે જ પ્રાર્થના કાર્યસાધક પણ બને છે.

પ્રાર્થના એ માત્ર ઘરના ખૂણે, ઘૂંટણે પડીને કરેલી એ જ નથી. નિયત કરેલા શ્લોકોનું રટણ કરવું અગર કોઈ રીત-રસમ-ક્રિયાને અનુસરવું તે નથી. પણ કાર્યસાધક પ્રાર્થના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રેરણાત્મક અને પ્રદીપ્ત થાય છે......ઘરમાં પ્રત્યેક સાથે પ્રેમાળ અને વિવેકસરનો વ્યવહાર, નોકરીમાં વિશ્વાસુપણે કામ કરવું, ધંધા અને વેપારરોજગારમાં પ્રમાણિકપણે વર્તવું, ગરજવાનની મદદે દોડવું, આનંદમાં આનંદી, દુઃખમાં દુઃખી થવું, શું એ સર્વ તમારી પ્રાર્થના નથી? તમે જે અને જેવો પ્રાર્થના કરો છો, તેનાં જ એ ફળ છે. જો એમ છે તો આપણી પ્રાર્થનાઓ બાબત આપણે સાવધ અને જાગૃત બનવું જરૂરી છે......

એક શિલ્પી, એક મહાન પુરુષનું આરસનું પૂતળું ઘડતો હતો. એક અજાણ્યાએ બહુ અજાયબ થઈને શિલ્પીને સવાલ કર્યો...... ભાઈ, આ શિલ્પકલા બહુ જ અઘરી હશે ખરું ને? શિલ્પીએ તરત જ જવાબ આપ્યો કે, ના ભાઈ, માત્ર આરસનો પથ્થર લો અને છીણી હથોડીથી ઘડવા માંડો. તમારે ઘડવાનો ઘાટ નક્કી કરો, પછી જે અને જ્યાં બિનજરૂરી લાગે તે ભાગ પથ્થરમાંથી કાપી કાઢો; એટલે ઘાટ આવશે; બસ......પણ ધીરજ અને ખંત જોઈશે.

શક્તિશાળી પ્રાર્થનાવાદી બનવા માટે ધીરજ અને ખંતની જરૂર છે. પણ તેથી બેસી રહેવાની જરૂર નથી. ઊઠો, શરૂઆત કરો.

હવે આપણી પ્રાર્થનાઓ ક્યાં-ક્યારે-અને કેવી હોવા જોઈએ તે શીખીએ અને શરૂઆત કરીએ......

૧. સ્થળ અને સમય નક્કી કરો. બન્ને શાંતિવાળાં હોય એ વધારે ઇચ્છવા જોગ છે (માત્થી ૬ : ૬).
૨. પ્રાર્થના એ ઈશ્વર સાથે તમારી વાતચીત છે. તમારા મનની લાગણી-માગણી, તમારા જ શબ્દોમાં ઈશ્વરને જણાવો. બિન ઉપયોગી શબ્દોથી ઈશ્વરને ચીડવશો નહિ, અને તમે થાકી જશો નહિ (માત્થી ૬ : ૧).

૩. દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે ઉપકારસ્તુતિ સહિત તમારી સર્વ અરજો ઈશ્વરને જણાવો (ફિલિપી. ૪ : ૬).

૪. દરેક સંજોગોમાં આભારસ્તુતિ સાથે, નિત્ય પ્રાર્થના કરો. (૧ થેસ્સા. ૫ : ૧૭–૧૮). કાયર થયા વગર (લૂક ૧૮ : ૧–૮).

૫. પ્રભુ ઈસુએ શીખવેલી પ્રાર્થનાના માળખાની રીત અપનાવવી. એ વધારે સફળ અને સૂચક બનશે (માત્થી ૬ : ૯).

આ પ્રાર્થનાની રીતથી ધ્યાન રાખો કે તમે......

- તમે ઈશ્વર સાથે તમારો નિકટનો સંબંધ પ્રગટ કરો છો. એ સંબંધને સાચો પ્રગટ કરો.
  (સ્તુતિ અને આભાર સહિત ઈશ્વર પાસે આવો)
- ઈશ્વરની ઇચ્છા–મહિમા-ગૌરવ અને તેનું રાજ્ય આવે એમાં જ તમે રાજી છો એ પ્રગટ કરો.
- તમારી ચોક્કસ અરજો–ગરજોની માગણી કરો છો.
- તમારી ભૂલોની કબૂલાત કરી માફી માગો; તેમ જ આવતાં પરીક્ષણોમાં જય પામવા બળ માગો.
- અંતરમાં ઈશ્વરના ગૌરવને પ્રગટ કરો.
- છેલ્લે તમારા વિશ્વાસ પ્રતીક રૂપે 'આમીન' કહો.

ઉપરોકત મુદ્દા મુજબ કરેલી પ્રાર્થના સફળ અને સાર્થક બનશે.

૬. કંઈપણ સંદેહ રાખ્યા વગર વિશ્વાસથી ઇશ્વર પાસે માગો. વિશ્વાસથી કરેલી પ્રાર્થના સાર્થક બને છે (યાકૂબ ૧ : ૬; ૫ : ૧૫).

૭. ઈશ્વરની ઇચ્છા જાણવા, પ્રાર્થનામાં શાંત બેસી રહો. ઈશ્વર તમારી સ્પષ્ટ વાત કરશે, અગર શાસ્ત્રનાં વચનો દ્વારા, સંદર્શન અગર બનાવો, કે કોઈ વ્યક્તિ દ્વારા, તે ઉત્તર આપે છે. તમારી ધીરજ–શાંતિ અને વિશ્વાસ ફાયદામંદ બનશે.

૮. તમે શાંત અને એકાગ્ર હશો, ત્યારે પવિત્ર આત્મા તમારા વતી યથાયોગ્ય પ્રાર્થના તમારા મનમાં મૂકશે, અને તે મધ્યસ્થી પણ કરશે (રૂમી. ૮ : ૨૬–૨૭).

૯. આવી આત્મા દ્વારા થતી પ્રાર્થના પોતાને તથા બીજાને સમજાય તેવી થવી જોઈએ (૧ કરંથી. ૧૪ : ૧૫).

૧૦. તમારી પ્રાર્થના–માગણીના પ્રકાર–હેતુ અને તેના વ્યાજબીપણાનો વિચાર કરીને જ માગો. જેથી, તમારી પ્રાર્થના અટકાવવામાં ન આવે (૧ પીતર ૩ : ૭).

૧૧. યાદ રાખો, કે જે ઈશ્વરનાં વચન ધ્યાનમાં રાખતો નથી, તેની પ્રાર્થના કંટાળારૂપ બને છે (નીતિ. ૨૮ : ૯).

૧૨. મોજશોખ માટે અને ખોટા ઈરાદાથી કરેલી પ્રાર્થના માન્ય થતી નથી (યાકૂબ ૪ : ૩).

૧૩. અસ્થિર–અધૂરા વિશ્વાસની પ્રાર્થના પણ કંઈ પરિણામ સાધક લાગતી નથી (યાકૂબ ૧ : ૬–૭).

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં રાખી, મનની એકાગ્રતા અને આગ્રહથી તમારી સર્વ અરજો ઈશ્વરને જણાવો; અને તે સર્વ, ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે (ફિલિપી. ૪ : ૧૯).

આ ખ્રિસ્તી બેન્ક છે–( ફિલિપી. ૪ : ૧૯ ).

"મારો દેવ પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે."

બેન્કનો માલિક–મારો ઈશ્વર

બેન્કની અનામત–મહિમાની સંપત્તિ–અમાપ્ય

રકમ……તમારી સર્વ ગરજ

ચેક……તમારી પ્રાર્થના

આપવાની ખાતરી-ટોકન–પૂરી પાડશે

વ્યક્તિની ખાતરી–તેનો વિશ્વાસ

કેશિયર–ખ્રિસ્ત ઈસુ

"તારી પ્રાર્થનાઓ સાંભળવામાં આવી છે" (પ્રે. કૃ. ૧૦ : ૪).

૧૪. આપણી પ્રાર્થનાઓ છેલ્લા વખતની હોય છે. જ્યારે કોઈ જ ઉપાય મદદ-રીત કે આશા ન રહે ત્યારે પ્રાર્થના કરીએ છીએ. એ ઠીક છે; પરંતુ હરેક વખતે અનુકૂળ અને પ્રતિકૂળ સમયોમાં હરરોજ પ્રાર્થના કરવી એ જ વિશેષ હિતાવહ છે.

૧૫. દરોજ સવારે-દિવસની શરૂઆતમાં જ અને સાંજે-કાર્યોથી પરવારી એમ રોજની બે વારની પ્રાર્થના બહુ આવશ્યક છે. નવા દિવસમાં બળ અને પરાક્રમ તેમ જ દોરવણી અને સંભાળ માટે સવારની પ્રાર્થના. વળી દિવસ પૂરો કરીને ઈશ્વરની સર્વ મદદ માટે આભારસ્તુતિની પ્રાર્થના એ ઈશ્વર આગળ આપણી સુવાસ છે. આ પ્રાર્થનાઓ વ્યક્તિગત સારી છે, પરંતુ કૌટુંબિક રીતે બધાં સાથે થાય એ વિશેષ સારી અને ઉપયોગી બને છે (નિર્ગ. ૩૦ : ૭-૮; ગણના ૨૮ : ૩, ૪, ૧૦). અયૂબનો નમૂનો કેવો ઉત્તમ છે! (અયૂબ ૧ : ૫).

## ૧૮. પાપ-Sin

પાપ એ કોઈ કપોળકલ્પિત કલ્પના નથી. પણ પાપ એ નક્કર સત્ય હકીકત છે. પાપ છે માટે પાપનાં પરિણામ પણ છે.

પાપ એટલે નિયમનું ઉલ્લંઘન-મર્યાદા ઓળંગવી તે. માનવીએ પોતાના અસ્તિત્વ અને બંધારણ માટે અનેકવિધ નિયમો ઘડયા છે. વ્યક્તિગત જીવન જીવવા અને તેની કાર્યદક્ષતા માટેના નિયમો, કૌટુંબિક બંધારણના નિયમો, અને મર્યાદાઓ, સામાજિક નિયમો, રાજકીય નિયમો, વગેરે આ સાથે રીતરસમો, સ્થાપિત હિત માટે રચાયેલાં અને નક્કી કરાયેલા છે. માણસની શારીરિક તંદુરસ્તીના નિયમો, તેમ જ તેના આધ્યાત્મિક જીવન માટે ધર્મના પણ નિયમો અને રીતરિવાજો ઠરાવાયેલા છે. આવી સઘળી ઠરાવાયેલી મર્યાદાઓમાંથી ગમે તે એક કે વધારેનું ઉલ્લંઘન કરવું એટલે તે પાપ

ગણાય... સામાજિક કે રાજકીય નિયમનું ઉલ્લંઘન તે અમુક સજા–દંડમાં પરિણમે છે. શારીરિક જીવનના આરોગ્ય નિયમોથી વિરૂદ્ધ જવામાં માંદા પડવાની શિક્ષા મળે. આધ્યાત્મિક જીવન અને ઈશ્વર સાથેના કરેલા નિયમો અને સંગતમાંથી ખસી જવાનું પરિણામ આત્મિક મરણ લાવે છે. આમ પાપ એ માણસના જીવનમાં એક સત્ય હકીકત છે.

**પાપનો ઉદ્‌ભવ :** પાપ એ ભૂંડું છે. ભયાનક છે. તેનાં પરિણામ વિપરીત અને દુ:ખદ છે. તેથી પાપની ભડક સૌને લાગે છે. માનવી, પાપથી દૂર રહેવા માગે છે. કોઈપણ માણસ પાપ ઇચ્છતું નથી. પણ એ એટલી જ સત્ય હકીકત છે કે કોઈપણ આજન્મ માનવી પાપ વગરનું છે જ નહિ. પાપ મનુષ્યજીવનમાં જન્મથી જ વણાઈ ગયેલું છે. મનુષ્યનો સ્વભાવ જ પાપથી પોષાયો છે. ત્યારે આવું પાપ આવ્યુ ક્યાંથી ?

"આદિએ ઈશ્વરે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં" (ઉત્પત્તિ ૧ : ૧). ત્યારે ઈશ્વરે પોતાની સંગત અને સેવા માટે દૂતો પણ બનાવ્યા. તેમાં 'લ્યુસીફર' એ મુખ્ય દૂત હતો. તેને બીજાં નામો જેવાં કે 'પ્રભાતનો પુત્ર' 'તેજસ્વી તારો,' એ પણ અપાયાં હતાં. તે અતિ સુંદર અને બહુ જ્ઞાની હતો. વળી તે દેવની સંગતમાં જ રહેનાર અને આચ્છાદન કરનાર, અભિષિક્ત કરૂબ હતો.

પરંતુ વખત જતાં આ પ્રમુખ દૂતથી ઈશ્વરનાં માન-મહિમા, અને ગૌરવ ખમાયાં નહિ; અને તેણે ગર્વ કર્યો કે હું પોતાને ઈશ્વર-સમાન બનાવીશ. આ ગર્વએ તેનું પતન થયું. આકાશમાથી નીચે ફેંકી દેવાયો. એ શેતાન બન્યો. ઈશ્વરનાં માન–મહિમા અને ગૌરવ હણવા અને તોડવા તેણે પૃથ્વી પર માણસને તેનુ સાધન બનાવ્યું. માનવીનું પતન કર્યું (યશા. ૧૪ : ૧૨–૧૭; હઝ. ૨૮ : ૧૧–૧૯; પ્રકટી. ૧૨ : ૭–૯; ૨ પીતર ૨ : ૪–૫).

"અને પૃથ્વી અસ્તવ્યસ્ત અને ખાલી હતી." ......અંધારૂં હતું" (ઉત્પત્તિ ૧ : ૨; યિર્મે. ૪ : ૨૩–૨૬)

પરંતુ ઈશ્વરની ઇચ્છા પૃથ્વી ઉજ્જડ અને ખાલી રહે તેવી નહોતી (યશા ૪૫ : ૧૮) તેથી તેણે ફરી પૃથ્વીનું સર્જન કર્યું–એદન વાડી તથા તેમાંનું સર્વ બનાવ્યાં. આદમ–હવાને પણ બનાવ્યાં. ત્યારે પણ પેલો શેતાન હવાને ભુલાવવા એદન વાડીમાં આવ્યો (ઉત્પત્તિ ૩: ૧). આદમ-હવાએ દેવની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. તેમનું પતન થયું. આખી આદમજાત આજ લગી પાપ કરતી આવી. પાપ માણસના લોહીમાં–તેના સ્વભાવમાં ઘર કરી બેઠું. એ છે પાપની ઉત્પતિ.

**પાપના પ્રવેશની રીત**–પરીક્ષણ એ પાપ નથી. પણ પરીક્ષણને આધીન થઈ તેનો અમલ કરવો તે પાપ છે. મનુષ્ય શરીરમાં આંખ એ બહુ નાજૂક અવયવ છે; પણ એ બહુ અગત્યનું અને અમૂલ્ય છે. દષ્ટિ ન હોત તો જીવન બહુ આકરૂં બનત. આંખ બધું જ નિહાળે છે; અને જીવનને માર્ગદર્શન પૂરું પાડે છે. એમ માણસનાં વર્તન–આચરણ પાછળ દષ્ટિ બહુ અગત્યનો ભાગ ભજવે છે. જેથી ઇસુ ખ્રિસ્તે શીખ આપી કે, શરીરનો દીવો તે આંખ છે, એ માટે જો તારી આંખ નિર્મળ હોય તો તારું આખું શરીર પ્રકાશે ભરેલું થશે. પણ જો તારી આંખ ભૂંડી હોય તો તારું આખું શરીર અંધકારે ભરેલું થશે (માત્થી ૬ : ૨૨–૨૩).

સૌ પહેલું પાપ હવાએ એ જ રીતે કર્યું. તેણે મના કરેલા ફળને જોયું, તે સુંદર દેખાયું, અને તેણે તે લઈને ખાધું (ઉત્પત્તિ ૩ : ૬). દૃષ્ટિ વિચાર પેદા કરે છે. વિચાર, ઇચ્છાને જાગૃત કરે છે. ઇચ્છા, તક શોધે છે. તક–મોકો આચરણ કરાવે છે. યોગ્ય આચરણ એ પુણ્ય ગણાય. પણ અયોગ્ય અને ઉલ્લંઘન કરનાર વર્તન એ પાપ બને છે. આ સર્વમાં માણસનો સ્વભાવ તેનામાં રહેલી પાપની જડ એ મુખ્ય ભાગ ભજવે છે.

દાખલા તરીકે એક રૂપાળી બિલાડીને નવડાવી-શણગારીને તેમ જ સુગંધી અત્તર ચોપડીને સરસ આસન પર બેસાડીએ તો તે સૌના આનંદનું કેન્દ્ર બની રહે છે. બિલાડી પણ આનંદિત હોય છે પણ એટલામાં જો ઊંદરડી દેખા દે, તો બિલાડી બધું મૂકીને કૂદકો મારી ઊંદરડી પર તરાપ મારશે જ. એ તેનો સ્વભાવ છે. માણસમાં પાપનો પ્રવેશ, એ જ રીતનો છે.

હવે સામાન્ય રીતે દષ્ટિ–વિચાર–ઇચ્છા એ પાપ ગણાતાં નથી. પણ વર્તન–અમલમાં મુકાય ત્યારે જ ગુનો કે પાપ ગણાય છે. ઈસુ ખ્રિસ્ત પાપની જડ કાઢવા ચેતાવે છે; કે વ્યભિચાર ન કર એમ લખેલું છે, પણ હું તમને કહું છું કે સ્ત્રી પર જે કોઈ ખોટી નજર કરે છે, તેણે એટલામાં જ પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કર્યો છે (માથ્થી ૫ : ૨૮).

ઊંડા મનમાં પડેલી જડને જ નાબૂદ કરવી અને અંદરની જ સ્વચ્છતાને વ્યવસ્થિત અને મજબૂત બનાવવા ઈસુ ખ્રિસ્ત આ અનુરોધ કરે છે. કેમ કે માંહેથી એટલે માણસોના હૃદયમાથી ભૂંડા વિચારો નીકળે છે; એટલે છિનાળાં, ચોરીઓ, હત્યાઓ, વ્યભિચારો, દુષ્ટતા, કપટ કામાતુરપણું, અદેખાઈ, નિંદા, અભિમાન, મૂર્ખપણું એ બધાં ભૂંડાં વાના માંહેથી નીકળે છે, તે માણસને વટાળે છે (માર્ક ૭ : ૧૯–૨૩).

માનવીનું મન અને ઇચ્છા ઘણી શક્તિ ધરાવે છે. તેથી જ કહેવાય છે કે "મન હોય તો માળવા જવાય" આ મન અને ઇચ્છા મજબૂત બને છે, ત્યારે માણસ ગમે તેવાં સંકટો–અંતરાયો બધાં વટાવીને પણ એનકેન કરીને પોતાની ઇચ્છા પૂરી કરે છે. તેથી જ સુલેમાન મહાજ્ઞાની પણ ચેતવણી આપે છે કે "પૂર્ણ ખંતથી તારા હૃદયની સંભાળ રાખ; કેમ કે તેમાંથી જ જીવનનો ઉદ્ભવ થાય છે" (નીતિ. ૪ : ૨૩).

**પાપના પ્રકાર**—પાપ એ પરીક્ષણનું પરિણામ છે. પાપ અનેક પ્રકારનાં છે. પરંતુ મનુષ્યજીવનમાં મુખ્યત્વે પાપના ત્રણ પ્રકાર ગણાયા છે. આ ત્રણ પ્રકારમાં બધી જ જાતનાં પાપનો સમાવેશ થાય છે.

**પ્રથમ પ્રકાર દૈહિક વાનાંને લગતો છે.**—બીજા પ્રકારમાં, જીવનની લાલસા-લોભને લગતાં; અને ત્રીજા પ્રકારમાં ઈશ્વર અને માણસના સંબંધને લગતાં......શેતાન, ઈસુ ખ્રિસ્તનું પરીક્ષણ કરવા આવ્યો, ત્યારે તેણે આ ત્રણ પ્રકારનાં પરીક્ષણોથી જ ઈસુની અજમાયશ કરી. એ જ પરીક્ષણોના પ્રકારથી શેતાન પ્રત્યેક માનવીને નાણી જુએ છે. આ પરીક્ષણોમાં જે હારી જાય, તેમને તે પોતાના પક્ષનાં કરી લે છે. પણ પાર ઊતરનાર જીતનારથી તે દૂર નાસી જાય છે. હવે આ પરીક્ષણોના પ્રકારને જરા વિશેષ જોઈએ.

**દેહનાં પરીક્ષણો**...મનુષ્યોને દેહ અપાયા છે. આ દેહમાં મુકાયેલી ભૂખ બહુ તીવ્ર અને અસંતોષી છે. પેટની ભૂખ મનુષ્ય માટે અનિવાર્ય છે. માણસનાં પાપના કારણથી તેની ભૂખ સંતોષનું કાર્ય પણ બહુ મુશ્કેલ અને વિકટ બન્યું; "પરસેવો ઉતારીને તું રોટલી ખાશે." માણસ પેટનો ખાડો પૂરવા ગમે તેવી અને તેટલી વેઠ કરવા તૈયાર થાય છે. એમ નહિ તો ગમે તેવાં અઘટિત કામો કરીને-ચોરી-લૂંટ કરીને પણ પેટની ભૂખ શમાવવા પ્રયત્ન કરે છે. પેટની ભૂખ-રોટલી માટે માનવી પોતાનો હકક-આશીર્વાદ પણ જતા કરવા તૈયાર થાય છે. એ સાથે થોડાક ખોરાક માટે પોતાનું જયેષ્ટપણું જતું કર્યું (ઉત્પત્તિ ૨૫ : ૩૦-૩૪). પેટની ભૂખ અગણિત માણસોને પાપના ઊંડા ખાડામાં ધકેલી દે છે.

બીજી ભૂખ એ દેહની વાસના છે. માનવીના શારીરિક દેહમાં વિકારો-કામવાસના રહેલાં છે. આ વિચારો અને વાસનામાંથી જ છિનાળાં, વ્યભિચાર, વેરઝેર, દ્વેષ, કામાતુરપણાં, એવાં ઘણી પ્રકારના પરીક્ષણોનો ઉદ્દભવ થાય છે. આવી ભૂખ સંતોષવા માણસ આકળ-

વિકળ બને છે કામવાસના ભૂખ્યાં સ્ત્રી પુરૂષોના ઘણા દાખલા શાસ્ત્રમાં છે. વળી રોજ આપણી આંખો સામે બનતા દેખાય છે.

લાલસા, લોભ, લાલચનાં પરીક્ષણો......શેતાને ઈસુને જગતનાં રાજ્યો, તેનો વૈભવ દેખાડયાં અને કહ્યું કે 'મારે પગે પડીને ભજન કર, અને એ બધાં હું તને આપીશ.'–પ્રત્યેક માનવીને શેતાન એમ જ લલચાવે છે. માણસને જગતની મોહ માયા, ઝાકઝમાળ એવાં આકર્ષક લાગે છે કે તે મેળવવા શેતાનિયતમાં મેળવાઈ જાય છે. ચોરી-લૂંટ-દગાઈ કરવા તૈયાર થાય છે.

આહાબ–ઈઝબેલે વાડી મેળવવા નાબોથનું ખૂન કરાવ્યું (૧ રાજા ૨૧:૨, ૧૦). દેમાસ, ઈશ્વરનો સેવક તેને જગતની મોહ-માયા લાગી અને તે જતો રહ્યો (૨ તીમોથી ૪:૧૦).

ઔરંગઝેબ–રાજગાદી મેળવવા પોતાના જ ભાઈઓના ખૂન કર્યાં. માબાપને આંધળાં કરી કેદમાં પૂર્યાં. જગતનો ઇતિહાસ આવા દાખલાઓથી ભરપૂર ખરડાયેલો પડયો છે. એટલે જ કહ્યું છે કે, 'દ્રવ્યનો લોભ સઘળાં પાપનું મૂળ છે.' જગતનાં સુખચેન અને વિલાસની લાલસા કેટલાય જીવનો પાયમાલ કરે છે.

**પાપનો ત્રીજો પ્રકાર તે ઈશ્વરથી દૂર જવાનો છે** ઈશ્વરમાં અને તેનાં વચનોમાં વિશ્વાસ નહિ કરતાં, તેનું પ્રમાણ માગીએ છીએ. અવિશ્વાસ પેદા કરીને ઈશ્વરથી વિમુખ થઈએ છીએ. ઈશ્વરમાં અવિશ્વાસ એ તેને નહિ માનવા તરફ ખેંચી જાય છે. હાલના જગતમાં ઈશ્વર અને તેના ઈશ્વરત્વને નહિ સ્વીકારવાનો એ એક પ્રકારનો આનંદ અને આધુનિકતા બન્યાં છે. ઈશ્વર છે જ નહિ એમ માનીને તેઓ પોતાની જ ઇચ્છા પાર પાડે છે. જગતની મૈત્રીમાં મશગૂલ બનીને ઈશ્વરના દુશ્મન બને છે (યાકૂબ ૪:૪).

પાપના કારણથી માનવીની અવસ્થા એટલી બધી કફોડી અને

દયાજનક બની છે કે, વિચારવંત માણસો તો હેબતાઈ જાય છે. સંત પાઉલ પણ રૂમીના પત્રમાં લખે છે, "ઇચ્છવાનું તો મારામાં છે, પણ સારું કરવાનું [મારામાં] નથી; કેમ કે જે સારું હું ઇચ્છું છું તે હું કરતો નથી; પણ જે ભૂંડું હું ઇચ્છતો નથી તે હું કર્યા કરું છું .....હું કેવો દુર્ભાગ્ય માણસ છું ! મને આ મરણના શરીરથી કોણ મુક્ત કરશે ?......એ પ્રમાણે હું પોતે મનથી ઈશ્વરના નિયમની, પણ દેહથી પાપના નિયમની, સેવા કરું છું" (રૂમી. ૭ : ૧૪-૨૫).

માનવીની આવી દયાજનક પરિસ્થિતિમાં જીવવું કેવું કઠણ અને નિરાશાજનક બને છે. ત્યારે........

**પાપનું મારણ**–માણસની પાપી દુર્ભાગ્ય પરિસ્થિતિમાંથી કેવી રીતે છૂટવું ? કોણ ઉગારી શકે ? કઈ રીતે અથવા શું કરવાથી ઊગરી શકાય ?

સૌ પ્રથમ આપણે એ જાણી લઈએ કે ઈશ્વર કદી કોઈનું પરીક્ષણ કરતો જ નથી. પરીક્ષણ કરનાર તે શેતાન છે. તે બટ્ટો મૂકનાર (પ્રકટી ૨૦:૨૦) અને દરેક માનવીનો નાશ કરવા ગર્જના કરનાર સિંહ (૧ પીતર ૫ :૮) પેઠે ફાડી ખાવા તલપી રહે છે. તે ઈશ્વરનો શત્રુ છે. તે તમારો પણ શત્રુ છે.

"ખ્રિસ્ત તમારામાં મહિમાની આશા રાખે છે" (કલો ૧:૨૭). એ ખ્રિસ્ત ઈસુના મહિમાના સાધનનો જ નાશ કરવામાં શેતાનને રસ છે. એટલે જ શેતાન તમારી સામે પરીક્ષણો મૂકતો જ જાય છે. પરંતુ એ પણ યાદ રાખીએ કે શેતાન પરીક્ષણો લઈને આવે છે. લોભ-લાલચ અને બધાં જ ઠગારાં વાનાં તમારી આગળ મૂકે છે; પણ તે તમારી મરજી અને ઇચ્છા વગર તમારામાં પ્રવેશ કરી શકતો જ નથી. તમે તમારું મન-મરજી-ઇચ્છા દર્શાવો તો જ તે તમારી પાસે પાપ કરાવી શકે છે.

હવે જેઓ ઈશ્વરનાં બાળકો છે. ખ્રિસ્ત ઈસુમાં નવો જન્મ

પામેલાં છે, તેઓ પાસે તો શેતાન આવી શકતો જ નથી. પણ તે આવે છે ત્યારે ઈશ્વરની પરવાનગી લઈને આવે છે. જુઓ, અયૂબ ૧ : ૧૨. પણ એટલું તો ચોક્કસ કે ઈશ્વર, શેતાનને આવી પરવાનગી આપીને આપણું અહિત કરવા માગે છે એમ નથી જ. પણ પરીક્ષણમાંથી પાર ઊતરીને આપણે વિજેતા બનીએ; વિશ્વાસમાં વધારે ઊંડાં મૂળ નંખાય માટે જ તે આવી પરવાનગી આપે છે.

વળી આપણી શક્તિઓનું માપ ઈશ્વર જાણે છે, માટે આપણી શકિત ઉપરાંતનું પરીક્ષણ તે લાવવા દેતો જ નથી, વળી આવાં કોઈ પણ પરીક્ષણમાંથી છૂટવાની–બચવાની બારી–માર્ગ ઈશ્વર આપણા માટે રાખે છે જ (૧ કરંથી ૧૦ : ૧૩). વિશેષમાં તે એટલે ઈસુ ખ્રિસ્ત પોતે આપણી પડખે સહાય કરવાને ઊભો જ રહે છે; અને પોતાની અગાધ શક્તિ દેખાડી આપે છે (૨ કાળ. ૧૬ : ૯).

આટલું જાણ્યા પછી આપણી આગળ આવતાં ગમે તે પરીક્ષણો પર જીત મેળવવા નવું ઉત્તેજન મળે છે. શેતાનને આપણે હરાવી શકીએ છીએ. તોપણ પાપના બળને નિરર્થક કરવા આપણે એ યાદ રાખવાની જરૂર છે કે, આપણે પોતે શેતાન સાથે બાથ ભીડીએ તે કરતાં ઈસુને આગળ કરીએ એ વધારે સારું છે. કેમ કે ઈસુને જોતાં જ શેતાન પોબારા ગણી લે છે...ઈસુ ખ્રિસ્ત એ જ, પાપમાંથી છૂટવાનો આપણો માર્ગ છે (યોહાન ૮ : ૩૬). તેની સંગત અને હાજરી એ જ આપણી હૂંફ અને ઉત્તેજન તથા શક્તિ બને છે. કેમ કે માણસ હારી જાય પણ ઈસુ ખ્રિસ્ત વિજેતા છે, તે કદી હારતો નથી. તેણે વધસ્તંભ પર મરણ દ્વારા શેતાનનું માથું છૂંદી નાખ્યું છે.

ઈશ્વરનાં વચનોનો ઉપયોગ અતિ લાભદાયક છે. શેતાનના પરીક્ષણ સામે આપણા જગતના જ્ઞાનનો ઉપયોગ કામયાબ થતો નથી. કેમ કે શેતાન એ સર્વ જ્ઞાન જાણે છે. માત્ર પવિત્ર શાસ્ત્રનાં વચનો જ તેને હરાવી શકે છે. ઈસુ ખ્રિસ્તે પોતે પણ તેના ઉપર

આવેલાં પરીક્ષણોમાં ઈશ્વરનાં વચનોનો જ ઉપયોગ કરેલો અને શેતાનને હરાવેલો. ઈશ્વરનાં વચનો બહુ તીક્ષ્ણ અને બેધારી તરવાર જેવાં છે (હેબ્રી. ૪ : ૧૨). આ વચનો આપણાં પ્રત્યેક પગલાં માટે અજવાળારૂપ અને દીવા સમાન છે. (ગીત ૧૧૯ : ૧૦૫). એ વચનો બહુ જ્ઞાનપૂર્ણ અને સમજણ આપનારાં છે (ગીત ૧૧૯ : ૯૯). આ વચનો પ્રમાણે ચાલનાર પરીક્ષણોમાં હારતો જ નથી (ગીત. ૧૧૯ : ૧૩૩).

"હવે જો ઈશ્વર આપણા પક્ષનો છે તો આપણી સામો કોણ? ...ઈશ્વરના પસંદ કરેલા ઉપર કોણ દોષ મૂકશે?...કોણ દોષિત ઠરાવશે?...ખ્રિસ્ત ઈસુના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે?" (રૂમી. ૮ : ૩૧–૩૮).

આવી આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવા સાથે દૈહિક જીવનમાં પણ કાર્યશીલ બનવું બહુ જરૂરનું છે. કેમ કે નવરાશ–આળસ, એ જ શેતાનને કામ કરવાની જગા અને તક પૂરાં પાડે છે (૧ તીમોથી ૫ : ૧૩; નીતિ ૧૨ : ૨૭) **Idleness is Satan's workshop** 'નવરો બેઠો નખોદ વાળે!'

માટે દરેક માણસ ઉદ્યમી બને, અને પોતાનાં યોગ્ય અને હિતકારક કાર્યોમાં રચ્યાપચ્યા રહેવું, એ તેને માટે સારું અને લાભદાયક છે (નીતિ. ૩૧ : ૧૮–૩૧). પાપને દૂર રાખવાનો ઉત્તમ કીમિયો છે. ઈશ્વરે આદમ–હવાને માથે શ્રમ એટલા જ માટે મૂકયો. ઉદ્યમ અને શ્રમ પાછળ પ્રેમની પ્રેરણા છે. પ્રેમ ઉત્તમ છે કેમ કે ઈશ્વર પ્રેમ છે. આ પ્રેમ જ સર્વ અપરાધોને ઢાંકી દે છે (નીતિ. ૧૦ : ૧૨). આવો પ્રેમ એ જ બીજાને પણ પાપથી દૂર રાખી, પાપના પુંજને ઢાંકે છે (યાકૂબ ૫ : ૨૦). ત્યારે જ પ્રેમ તથા શાંતિ આપનાર ઈશ્વર તમારી સાથે રહેશે (૨ કરંથી. ૧૩:૧૧).

# ૧૯. ઈશ્વરનું મંદિર

આદિએ પરમેશ્વરે આકાશ તથા પૃથ્વી ઉત્પન કર્યાં. પૃથ્વી ખાલી રહે એ પ્રભુની ઇચ્છા નહોતી ( યશા. ૪૫ : ૧૮ ). પૃથ્વી ખાલી અને ઉજ્જડ ન રહે માટે ઈશ્વરે પ્રકાશ–પાણી હવા વહેતાં કર્યાં. વળી લીલોતરી–ઘાસ ઝાડપાન અને અનેક તરેહનાં રંગ–સ્વાદ–સુગંધવાળાં તેમ જ ઘાટના ફળફૂલ બનાવ્યાં. પશુ–પક્ષી; વાયુચર–જળચર, એવાં જીવ જનાવર જંતુ બનાવ્યાં. આ સૌ ખૂબ સરસ કૃતિ હતી.

પરંતુ પ્રભુ પરમેશ્વરને પોતાને સંગત આપે માટે તેણે પોતાના જ સ્વરૂપ અને પ્રતિમા મુજબનું માનવી બનાવ્યું. તેમાં પોતાનો જ શ્વાસ ફૂંક્યો. તે તો ઉત્તમોત્તમ કૃતિ હતી.

એદન વાડીમાં ઈશ્વર અને માનવીની મુલાકાત થતી. જાણે આકાશ અને પૃથ્વી ભેગાં થઈ સ્વર્ગ રચાતું. આ જોઈ પક્ષીઓ કિલકિલાટ કરી મૂકતાં. ઘેટાં બકરાં–હરણાં ગેલમાં નાસી ઊઠતાં. મોરલા કલા નૃત્ય બુલબુલ–અબાબીલ ગીત ગાતાં. હિંસા કે ઉપદ્રવ કરનાર કોઈ જ નહોતું.

આવા આનંદ કિલ્લોલ અને પવિત્ર પ્રેમના અને શાંતિના વાતાવરણમાં શેતાને એક દિવસ ભંગ પાડ્યો. શાંતિ–આનંદ–કિલ્લોલ ઝૂંટવાઈ ગયાં. માનવી આજ્ઞાભંગ કરનાર બન્યું. ઈશ્વર સાથેની સંગત અને એકતામાં તિરાડ પડી. બન્ને વચ્ચે મોટું અંતર પડી ગયું. માનવી હેબતાઈ ગયું–બી ગયું. સંતાઈ ગયું. આખી સૃષ્ટિમાં ઉલ્કાપાત, નાસભાગ અને હિંસા વ્યાપી ગયાં......ત્યારે, દરેકને પોતાના રક્ષણ માટે રહેઠાણની જરૂર પડી. પક્ષીઓએ ઝાડના ઝુંડમાં અને ઊંચાણમાં માળા બાંધ્યા. પશુ–જાનવરને કોઢ અને ગભાણ મળ્યાં. વનચર પ્રાણીઓએ ખાડા ખોદી બોડ–ગુફા બનાવ્યાં. કીડી મકોડીએ

દર બનાવ્યા. માનવીએ પણ પોતાના માટે આગવી પર્ણકૂટી-છાપરી ઘર બનાવ્યાં.

ઈશ્વર અને માનવીની સંગત તૂટી. માનવી દૂર અને સંતાતું રહેવા લાગ્યું. શેતાન, જગત અને માનવીનો અધિપતિ બનતો ગયો. શેતાન સાથે માનવ, દાનવ બન્યું. હવે ઈશ્વર અને દાનવ સાથે રહી શકે નહિ. એમ માનવી સંગતથી ઈશ્વર દૂર રખાતો ગયો. અને માનવી વિચાર, વાણી, વર્તનથી પાપ કરતું જ રહ્યું. આમ માનવીનો વ્યવહાર અને સંબંધ શેતાન સાથે વધુ ગાઢ બનતો ગયો. એટલે માનવીએ ઈશ્વરને દૂર રાખવા અલગ મંદિર બનાવ્યાં કે ઈશ્વર તેમાં જ રહે.

પરંતુ ઈશ્વરને આવા સંબંધથી અને મંદિરથી સંતોષ નહોતો, ઈશ્વર માનવીના હાથે બાંધેલાં, ઈંટ-પથ્થર કે ચૂનાનાં ગમે તેટલાં આલીશાન હોય-ગમે તેવી નિપુણ કારીગરીનાં અને શોભાયમાન હોય, તેથી તેને સંતોષ નથી, કેમ કે ઈશ્વરે તો પોતાના જ હાથે બનાવેલ માનવોના હૃદયમંદિરમાં રહેવાનું જ પસંદ છે. તેથી જ ઈશ્વરે કહ્યું છે કે 'તમે ( માનવ ) ઈશ્વરનું મંદિર છો.' ઈશ્વરનો માનવ પ્રત્યે કેવો અગાધ અને નિકટનો સંબંધ અને પ્રેમ......આ કેવો ગૂઢ મર્મ છે!

હવે આપણે સૌ પ્રથમ ઈંટ-પથ્થર-ચૂનાનું મંદિર જે દાઉદના દીકરા સુલેમાન રાજાએ બંધાવ્યું-આ મંદિર વિષે કેટલીક ચોક્કસ અને રસપ્રદ હકીકતો જોઈએ અને વિચારીએ......

**૧. મંદિરનું સ્થળ**-હવે દેવે કાસ્દીઓના ઉર દેશમાંના એક માણસને પસંદ કર્યો. તેનું નામ ઈબ્રાહીમ. તેને પોતાના દેશમાંથી, પોતાની જાતિમાંથી, પોતાના કુંટુંબમાંથી અલગ કરીને, નવી અને અલાયદી પ્રજા થવા, આશીર્વાદિત પ્રદેશમાં લાવીને વસાવ્યો. તેનાથી ઈસ્રાએલી પ્રજા ઉત્પન્ન થઈ......આમ અજાણ્યા પ્રદેશમાં જવા

ઈબ્રાહીમ નીકળ્યો ત્યારે માર્ગમાં તેણે એક જગાએ થોભીને ઈશ્વરની પ્રાર્થના કરી. આ જગાનું નામ 'બેથેલ' હતું, જેનો અર્થ 'ઈશ્વરનું ઘર' એવો થાય છે (ઉત્પત્તિ ૧૨ : ૭).

હવે વતનમાંથી નીકળ્યા પછી ચારેક દશકા વીત્યા ત્યારે ઈબ્રાહીમનો પોતાનો દીકરો ઈસ્હાક જે કિશોરાવસ્થાનો થયો હતો. ઈબ્રાહીમનો તે એકનોએક દીકરો અને અને અતિશય વહાલો હતો. પણ હવે ઈશ્વરે ઈબ્રાહીમની પરીક્ષા કરવા ધાર્યું. આજ્ઞા કરી કે "તારા દીકરા ઈસ્હાકનું બલિદાન આ મોરીયાહ પહાડ ઉપર આવીને આપ." આ એ જ મોરીયાહ પહાડ જ્યાં ઈસ્હાકની વેદી બંધાઈ અને એ જ મંદિરની જગા ઠરાવાઈ હતી.

યાકૂબને તેના મામાના ઘેર નાસી જતાં રસ્તામાં રાત પડી તે ઊંઘી ગયો, અને તેને દર્શન થયું. આ જગા તે 'બેથેલ' હતી (ઉત્પત્તિ ૨૮ : ૧૭–૨૨).

આ જગાએ મૂળ વસવાટ યબૂસીઓનો હતો. આ લોકો બહુ બળવાન અને કિલ્લેબંધીથી સુરક્ષિત હતા (૨ શમૂ ૫ : ૯). તો પણ દાઉદ રાજાએ આ જગા ઉપર જીત મેળવી. અહીં જ દાઉદ રાજાએ ઈશ્વરની આરાધના કરી, વેદી બાંધી (૨ શમૂ ૨૪ : ૧૮–૨૫). આ એ જ મોરીયાહ પહાડની જગા હતી (૨ કાળ. ૩ : ૧).

૨. **મંદિરનો નમૂનો–પ્લાન–નકશો** – મંદિરનો નકશો–નમૂનો અને અંદર બહારની સર્વ વ્યવસ્થા કેવી અને કઈ રીતે કરવી તે મૂળ બતાવનાર તો પ્રભુ પરમેશ્વર–યહોવાહ પોતે જ હતો. ઈશ્વરે આ સઘળી યોજના, વ્યવસ્થા, અને નમૂનાની સઘળી સમજણ તેના સેવક દાઉદ રાજાને આપી (૧ કાળ. ૨૮ : ૯).

મંદિરનાં માપ આ પ્રમાણે હતાં. લંબાઈ ૬૦ હાથ (આશરે ૯૦ ફૂટ) પહોળાઈ ૨૦ હાથ, ઊંચાઈ ૩૦ હાથ. મંદિરની આગળની

પરસાળ ૨૦ હાથ લંબાઈની અને ૧૦ હાથ પહોળી હતી. મંદિરની બીજી વ્યવસ્થા માટે જુઓ, ૧ રાજા ૬, ૭, ૮ અધ્યાય

**૩. મંદિર બાંધનાર**—આ મંદિર બાંધવા દાઉદ રાજાને દર્શન હતું. તેને ઘણો હોંશ અને મન હતું. મંદિરનો નમૂનો–નકશો પણ દાઉદને જ અપાયેલો. તે મુજબ આ મંદિરમાં વાપરવાના માલ સામાન–સોનું–રૂપું–લાકડાં તથા સાધન સામગ્રી સઘળું દાઉદ રાજાએ તૈયાર કરેલું. પરંતુ દાઉદ રાજા લડાયક શૂરવીર હતો. તેના હાથે પુષ્કળ લોહી વહેવડાવાયેલું તેથી ઈશ્વરે સ્પષ્ટ જણાવેલું કે, આ મંદિર દાઉદ રાજાના હાથે નહીં પણ તેના દીકરા સુલેમાનના હાથે બંધાય (૧ કાળ. ૨૮ : ૩, ૯–૧૦).

સુલેમાન રાજા બહુ જ્ઞાની હતો. પ્રભુ પરમેશ્વર પાસે માગેલું અને ઈશ્વરે આપેલું એવું આ ઉપરનું જ્ઞાન હતું. બાઈબલમાં તેના જ્ઞાનપૂર્ણ–માણસના જીવનના ઉત્કર્ષ માટે મહામૂલાં એવાં નીતિ–વચનો–સભાશિક્ષક–ગીતોનું ગીત, એમ ત્રણ પુસ્તકો સુલેમાનનાં લખાયેલાં છે. એ ઉપરાંત ત્રણહજાર જ્ઞાનસૂત્રો; એક હજાર અને પાંચ ગીતો તેમ જ ઘાસ-ભાજી–પાલોથી માંડીને સઘળી વનસ્પતિ વિષે વિવેચન કર્યું હતું. પશુ–પક્ષી–દરેક પ્રાણી અને જળચર જીવ વિષે પણ વિવેચન કર્યાં હતાં (૧ રાજા ૪ : ૨૯–૩૪). આ જ્ઞાનનો ઉપયોગ તેણે મંદિર બાંધકામમાં કર્યો; પરંતુ ઈશ્વરની ઇચ્છા અને દોરવણીમાં રહીને જ.

**૪. કાર્યકરો–દેખરેખ રાખનારા**—મંદિરના બાંધકામનું કાર્ય મહા ભગીરથ હતું. કારણ કે તે કોઈ માનવી માટેનું નિવાસસ્થાન નહોતું; તે તો પરાત્પર દેવનું ઘર હતું (૧ કાળ. ૨૯ : ૧).

આ કાર્ય ખૂબ જ ચોકસાઈથી અને નિપુણ કાર્યદક્ષતાથી કરવાનું હતું. તેથી આ કાર્યમાં રોકાયેલા નાના મોટા સુપરવાઈઝરો જેઓ ત્રીસ વર્ષથી ઓછી ઉંમરના નહિ તેવા ૩૩૦૦ પુરુષો હતા.

વળી મજૂરી કામ કરનાર ૩૦,૦૦૦ હતા. તેઓ લાકડાં કાપવા અને લાવવા તથા કારીગરી કરનારા હતા. તદ્ ઉપરાંત ૭૦,૦૦૦ વૈતરા, વળી પહાડો ખોદી તેમાંથી મૂલ્યવાન પથ્થરો કાઢનાર અને ઘડનાર એવા ૮૦,૦૦૦ હતા ( ૧ રાજા ૫ : ૧૩-૧૮; ૧ કાળ. ૨૩ : ૨-૪ ). એ સર્વ ઉપરાંત ૬૦૦૦ અમલદારો અને ઝઘડા પતાવનાર હતા.

આ કારીગરો-મજૂરો દરેક પોતપોતાની જગામાં કામ કરતા. એરેજવૃક્ષ અને દેવદારના લાકડાનું કામ ત્યાં જંગલમાં જ થતું... પથ્થર ખોદનારા તથા ઘડનારા તે પણ પહાડોની ગુફાઓમાંથી જ પથ્થર કાઢતા અને ત્યાં જ ઘડતા હતા. ઘડેલાં લાકડાં અને તૈયાર કરેલા પથ્થર મંદિરની જગાએ લવાતાં અને કોઈપણ ઠોકઠાક અગર ભાગફોડ કર્યા વગર જ કારીગરો આ તૈયાર માલસામાન તેમની યોગ્ય જગામાં બેસાડતા અને ગોઠવતા. એમ મંદિરનું કામકાજ શાંતિપૂર્વક થતું હતું ( ૧ રાજા ૬ : ૭ ).

૮. **સાધન સામગ્રી ખર્ચ**—આ મહામોટા મંદિરના બાંધકામમાં જે સોનું-રૂપું તથા અન્ય સાધન વપરાયાં તે બેસુમાર હતાં. જુઓ, ૧ કાળ. ૨૮ : ૧૪-૧૯. વળી પિતળ, લોખંડ, લાકડાં તથા કિંમતી પાષાણો, જેવા કે સંગેમરમર-ગોમેદમણી ..( ૧ કાળ. ૨૯ : ૧-૫, ૬-૯ ) તેમ જ મંદિરના બાંધકામમાં કામ કરતા અમલદારો, દેખરેખ રાખનારા મુકાદમોએ જે સોનું રૂપું આપ્યું તે ૫૦૦૦ તાલંત સોનું તેમજ ૧૦,૦૦૦ દારીક સોનું, ૧૦,૦૦૦ તાલંત રૂપું, ૧૮,૦૦૦ તાલંત પિતળ તથા ૧૦૦,૦૦૦ તાલંત લોખંડ. આ ઉપરાત હીરા માણેક-મોતી વગેરે પણ લાવ્યા; આ બધું સર્વ લોકોએ રાજીખુશીથી આપ્યું.

દાઉદ રાજાએ પોતા તરફથી તેની અંગત મિલકતમાંથી જે આપ્યું તે ૩૦૦૦ તાલંત સોનું અને ૭,૦૦૦ તાલંત રૂપું. એ સર્વ મંદિરમાં વપરાયાં.

૧ તાલંત=૭૫ શેર=૩૪ કિલો
૧ શેકેલ=૧૧½ ગ્રામ

**૬. બાંધવાનો સમય**—મિસર દેશની ગુલામીમાંથી છુટકારો પામ્યા તે દિવસથી ૪૮૪મા વર્ષે મંદિરનું બાંધકામ સુલેમાન રાજાએ શરૂ કર્યું. યહૂદીઓના વર્ષની ગણતરી આ છુટકારાના દિવસથી ગણાતી હતી. મિસરની ગુલામીમાંથી છુટકારાના આ દિવસને વર્ષનો પ્રથમ દિવસ 'નવા વર્ષનો દિવસ' ગણીને ઊજવવામાં આવતો હતો. આમ ૪૮૪ મા વર્ષના બીજા મહિનાથી મંદિર બાંધવાનું શરૂ થતાં ૪૯૧ મા વર્ષના ચોથા મહિનામાં પૂરું થયું. એ મુજબ પૂરાં સાત વર્ષ મંદિરને બાંધતાં થયાં (૧ રાજા ૬ : ૧, ૩૭–૩૮).

**૭. મંદિરની અર્પણવિધિ** સૈકાઓ પહેલાં સંદર્શનો મારફત અને ચોક્સ હેતુઓ તથા બનાવોની યાદગીરી તાજી રાખવા બેસુમાર મજૂરો અને કારીગરોના પરિશ્રમના પરિણામે તૈયાર થયેલા, જેમાં લખલૂટ સોનું-રૂપું-પિતળ તેમ જ હીરા-મોતી-માણેક-અતિ મૂલ્યવાન પાષાણો વગેરે જે બાંધકામમાં વપરાયેલ હોય, એ બાંધકામ કેવું ભવ્ય અને હેરત પમાડનાર હોઈ શકે ? ખરે જ સુલેમાન રાજાએ બાંધેલું આ મંદિર આખા જગતમાં બેનમૂન અને અજાયબ ઘર હતું જોનારા દિગ્મૂઢ થઈ જતા... ઈશ્વર તરફથી જ સુલેમાન જ્ઞાનીને સોંપાયેલા આ કામને જ્યારે પૂરું થયેલું જોયું ત્યારે પ્રજાનો ઉમળકો માતો નહોતો.

આજે આ મંદિરના ઉદ્‌ઘાટનને દિવસે આખી ઈસ્રાએલી પ્રજા-યાજકો-પ્રમુખયાજક તેમ જ રાજા અને તેનાં કુટુંબનાં સર્વ આ મંદિરના પ્રાંગણમાં નમી પડયાં. ઈશ્વરની આરાધના કરી-ત્યારે સુલેમાન રાજાએ ઈશ્વરની આગળ અર્પણ અને બલિદાન ચઢાવ્યાં; ત્યારે ઈશ્વરના ગૌરવથી આખું મંદિર ભરાઈ ગયું. જે અર્પણો અને દહનીયાર્પણો તથા બલિદાનો અપાયાં તે આકાશના અગ્નિએ

ઊતરીને ભસ્મ કર્યાં......ઈશ્વર માણસ સાથે (૨ કાળ. ૭ : ૧–૧૦).

આ સાત દિવસના મહા મોટા ઉત્સવમાં સુલેમાન રાજાએ તથા લોકોએ જે બલિદાનો આપ્યાં તે; ૨૨ હજાર બળદો, ૧ લાખ અને ૨૦ હજાર ઘેટાં, હોમી દેવાયાં હતાં. કેવો ભવ્ય ઉત્સવ હશે આ! લોકોની પોતાના પ્રભુ પ્રત્યે કેવી ઊલટ અને આધીનતા! ધર્મ અને માનવ જીવનના ઉત્કર્ષનો કેવો મહામૂલો અવસર! ઈશ્વર અને માનવ વચ્ચે કેવી પ્રસન્નતા! આકાશનું ગૌરવ નીચે આવ્યું.

**૮. તમે ઈશ્વરનું મંદિર છો**—પરાત્પર ઈશ્વરના રહેઠાણનું આ મંદિર બન્યું એ મનુષ્ય માટે ખૂબ ઊજળી બાબત હતી. મનુષ્યોએ ઠામઠામ ઈશ્વરના મંદિરો બાંધવાની પ્રવૃત્તિ શરૂ કરી; જે આજ લગી ચાલે છે. ખૂબ આલીશાન-ખૂબખર્ચાળ-ખૂબ કારીગરી અને તરેહ તરેહના નમૂનામાં મંદિરો બંધાતાં જ જાય છે. ઈશ્વરને મંદિરમાં રાખીને માણસ પોતાની જ પ્રવૃત્તિઓમાં-કમાણીના વ્યવસાયોમાં-બજારોની ઊથલપાથલોમાં–મોજશોખ અને આનંદ પ્રમોદ પાછળ દોડતું જ રહ્યું છે. ઈશ્વર–ઈસુ સાથે હશે એમ માની લીધું (લુક ૨ : ૪૪).

પરંતુ ઈશ્વર હાથે બાંધેલાં મંદિરોમાં રહેતો નથી; તેણે તો જ્યારે પ્રથમ માનવી બનાવ્યું અને પોતાનાં જ સ્વરૂપ અને પ્રતિમા આપ્યાં, એટલું જ નહિ પણ પોતાનો જ શ્વાસ ફૂંકીને એ માનવીને સજીવન બનાવ્યું, ત્યારે જ પરાત્પર ઈશ્વરે તો એ માનવીના હૃદયમાં રહેવાનું નક્કી કર્યું હતું. ઈશ્વરને તો માનવ હૃદયમાં જ વાસો કરવો ગમે છે. માનવી હૃદયો ઈશ્વરનાં પોતાનાં બનાવેલાં મંદિરો છે (પ્રે. કૃ. ૭ : ૫૦ ; ૧૭ : ૨૪).

જગતના બાપને, દીકરો પોતાના ઘરમાં ન રાખે અને બીજી જગાએ ગમે તેટલી વ્યવસ્થા કરી આપે, તો તે જગતના લોકોમાં શરમજનક અને દીકરાની કૃતઘ્નતા ગણાય. ત્યારે આકાશમાંના

ઉત્પન્નકર્તા બાપને અલગ કેમ રખાય! તમે ઈશ્વરનું મંદિર છો અને તમારામાં ઈશ્વરનો આત્મા વસે છે, એ શું તમે નથી જાણતા (૧ કરંથી. ૩ : ૧૬).

પ્રત્યેક વ્યક્તિ તે ઈશ્વરનું મંદિર છે. આવી ઘણી વ્યક્તિનું જૂથ એ ખ્રિસ્તી મંડળી છે. એ દેવનું મંદિર છે (એફેસી. ૨ : ૧૯-૨૨).

મંદિરની જગા શાંતિદાયક-જીવને ખુશકારક-રળિયામણી હોય છે. ઈશ્વરના રહેઠાણમાં ભય, અશાંતિ, દગાબાજી હોય જ નહિ. ત્યાં આવનાર સૌ કોઈ આબાલવૃદ્ધ કિલ્લોલ કરે, શાંતિ પામે, શું હું એવું મંદિર છું ? શું મંડળી એવી છે ?

**૯. પડતી દશા**—જગતની અજાયબી સમાન, સુલેમાન રાજાએ બંધાવેલ આ મંદિરની જાહોજલાલી અને ગૌરવ ટકી રહ્યાં પણ કાળ અને સમયો વીતતાં મંદિરની અવદશા થઈ. મંદિર માત્ર પ્રાર્થના-આરાધનાનું ઘર રહેવાને બદલે વેચનારાનું હાટ અને વેપારીઓનું બજાર બની ગયું. પ્રભુ ઈસુ આ જોઈ ને રડી પડેલો.

ઈસ્રાએલી પ્રજાએ કનાન દેશની બીજી પ્રજાઓ સાથે ભળી જઈ ને યહોવાહ દેવની દૃષ્ટિમાં જે ભૂંડાં વાનાં હતાં તે સર્વ કરવા માંડ્યાં. અનુપકારો-અનાજ્ઞાકારી અને ભૂંડાઈ તરફ વળેલા પ્રજા દિન પ્રતિદિન પડતી દશામાં આવી-કમજોર બની.

આશરે ચાર સૌકાં આ મંદિર ઊભું રહ્યું; તે પછી બાબેલનો રાજા નબૂખાદનેસ્સાર યરૂશાલેમ પર ચઢી આવ્યો, ત્યારે યરૂશાલેમમાં યહોયાકીમ રાજા હતો. તે જુવાન હતો અને યહોવાહની દૃષ્ટિમાં જે સર્વ ભૂંડું હતું તે સર્વ તે કરતો હતો. નબૂખાદનેસ્સાર રાજાને હાથે તે હારી ગયો. નબૂખાદનેસ્સાર રાજાએ યરૂશાલેમનનો કબજો લીધો. રાજા તેમ જ પ્રજાજનોને ગુલામ તરીકે બાબેલ પકડી લઈ ગયો.

આ વખતે નબૂખાદનેસ્સાર રાજાએ શહેર અને મંદિરનો નાશ

કરાવ્યો. મંદિરને તોડી પાડ્યું. વળી ઇતિહાસકારોના કહેવા પ્રમાણે નબૂખાદનેસ્સાર રાજાએ મંદિરના પાયા ઉખેડી નાખવા લોખંડનાં હળ અને હાથીના બળનો ઉપયોગ કર્યો હતો......કેવો વિપરીત વિનાશ ! પ્રભુ ઈસુની ભવિષ્યવાણી અક્ષરશઃ ખરી પડી (લૂક ૧૯ઃ ૪૩–૪૪).

**બીજી વખતનું મંદિર** - ઈસ્રાએલીઓ ગુલામ તરીકે પકડી જવાયા અને સિત્તેર વર્ષ બાબેલની ગુલામી ભોગવી; ત્યારે ફરી યહોવાહ દેવે ઈરાનના રાજા કોરેશના મનમાં આ લોકો પ્રત્યે કૂંણી લાગણી પેદા કરી: કારણ કે રાજાનો પાત્રવાહક નહેમ્યાહ ધાર્મિક હતો. તેણે ઉપવાસ-રડીને પ્રાર્થના અને ઈશ્વર આગળ-નમ્રતા બતાવી. તે ઇસ્રાએલી હતો. ઈશ્વરે તેના ઉત્તરમાં કોરેશ રાજાને નમ્ર કર્યો, તેણે એઝરા, નહેમ્યાહ, ઝરૂબાબેલ, હાગ્ગાય, યોએલ, માલાખી તથા તેમના સાથીઓને યરૂશાલેમ જવાની પરવાનગી આપી. તેઓ યરૂશાલેમ ગયા. મંદિરનાં ખંડેર અને કચરો સાફસૂફ કર્યા. મંદિરનું બાંધકામ શરૂ કર્યું.

પરંતુ સારાં કાર્યો સહેલાઇથી થતાં નથી. મુશ્કેલી, વિરોધ અને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવાં જ કારણોને લીધે જે લોકો ધગશથી મંદિર બાંધવા આવેલા, તેઓ હવે પોતાનાં જ ઘરો બાંધવા લાગ્યા. શહેરો અને ગામ સમાર્યાં. ખેતીવાડીઓ બનાવવા પરોવાઈ ગયા. એમ ઈશ્વરના મંદિરનું બાંધકામ ખોળંબે પડી ગયું.

ઈશ્વરે, હાગ્ગાય પ્રબોધકની મારફતે ફરીથી લોકોને જાગૃત કરાવ્યા. ખોળંબે પડેલું કામ ફરી શરૂ થયું. આમ આ મંદિર બંધાતાં કુલ ચાર વર્ષ લાગ્યાં હતાં (એઝરા ૩ : ૮; ૬ : ૧૫).

જુઓ, એઝરા-નહેમ્યાહ-હાગ્ગાય વગેરે વાંચો.

આ મંદિર આશરે ૫૦૦ વર્ષ લગી રહ્યું.

ત્રીજુ મંદિર—હવે પ્રભુ ઈસુ ખ્રિસ્તના આ જગત પર જન્મ લેવા અગાઉ ઘણાં વર્ષોથી હેરોદ રાજા રાજ કરતો હતો. જોકે તે રોમન રાજ્યના વંશમાં ખંડિયા રાજા હતો. ઇસ્રાએલી પ્રજા પોતાના વતનમાં સ્વતંત્ર નહોતી; તેથી રૂમી સલ્તનત અને હુકેમો સાથે વારંવાર ઘર્ષણમાં આવવું પડતું. હેરોદ અદોમી હતો, છતાં તેણે ઈસ્રાએલી પ્રજાને ખુશ કરવા તૂટી પડેલા મંદિરનું સમારકામ કરાવ્યું તેમ જ મંદિરની સીમા વધારીને તેને વિસ્તૃત કર્યું, વળી તેને ભવ્ય બનાવ્યું (માત્થી ૨૪:૧). આ મંદિરનો જીર્ણોદ્ધાર કરતાં હેરોદ રાજાને ૪૬ વર્ષ લાગ્યા (યોહાન ૨:૨૦).

આ જ મંદિરમાં બાળ ઈસુએ પંડિતોને દંગ કર્યા. આ જ મંદિરમાં ઈસુએ અનેક માંદાઓને સાજાં કર્યાં. ઉપદેશો કર્યા. આજ મંદિરને ઈસુએ શુદ્ધ કર્યું. તોપણ આ મંદિરના નાશની આગાહી ઈસુને જ કરવી પડી......તે મુજબ જ તાંતસ નામના રૂમી સરદારે આ મંદિર સન ૭૦માં તોડી નંખાવ્યું. ત્યાર પછી યરૂશાલેમ આરબ મુસલમાનોના કબજામાં ગયું. તે ઠેઠ ૧૯૬૭ સુધી તેમની જ પાસે રહ્યું.

યહોવાહના આ ભવ્ય મંદિરની જગા અને દીવાલોના અમુક ભાગ ઉપર મુસલમાનોએ ભવ્ય મસ્જિદો બાંધી છે. મોરીયાહ પહાડ ઉપર વેદીની જગા ઉપર જે મસ્જિદ છે તે **Dome of the rock** કહેવાય છે. આજે ઇસ્રાએલીઓ મંદિર વગરના છે.

## ૨૦. ખ્રિસ્તી મંડળી અને મર્મ

— માથ્થી ૧૬:૧૩-૨૦; એફેસી. ૩:૧-૧૧.

સમાજ એટલે જનસમૂહ. આચાર-વિચાર, રહેણી-કરણી, રીત-રિવાજ વગેરેની એકતાવાળું ટોળું તેને સમાજ કહી શકાય. જગતમાં આવા અનેક પ્રકારના અને અસંખ્ય સમાજો છે અને ઉદ્‌ભવતા રહે છે. સમયના વહેણ સાથે સમાજ બદલાતા રહે છે.

ઘણા સમાજનાં માળખાં અને કલેવર બદલાઈને તેમનાં અસ્તિત્વ પણ ભુલાઈ ગયાં છે.

સમાજોની રચના, જગતના ઉપભોગ અને વહીવટ માટે માણસોએ કરેલી છે. સમાજ એટલે સમાસ-સમાવેશ અને તેથી બદલાતા માણસો સાથે સમાજ પણ બદલાતા રહે છે......

હવે ખ્રિસ્તી સમાજ કે ધર્મ નથી. ખ્રિસ્તી સમાજસેવા–ખ્રિસ્તી ધર્મ ઉત્કર્ષ, આ માણસોની યોજના અને ઉપજાવી કાઢેલાં છે. આવા શબ્દપ્રયોગ વ્યર્થ અને ખોટા કરવામાં આવે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે કદી કોઈ આવા સમાજની રચના કરી જ નથી. બાઇબલમાં ખ્રિસ્તી સમાજ કે એવા શબ્દપ્રયોગ કયાંય જોવા મળતા નથી.

ઈસુ ખ્રિસ્તે તો મંડળીની સ્થાપના કરી છે (માથ્થી ૧૬ : ૧૮). મંડળી એટલે 'એકલેશીયા' ઈશ્વરના પસંદ કરાયેલા લોકો. આ મંડળી સામે હાડેસનું જોર ચાલતું નથી; તેથી આ મંડળી ચલિત અગર નાશવંત નથી. તેનું ધોરણ કદી બદલાતું નથી. મંડળીનો વિશ્વાસ અને તેનાં કાર્યો કદી બદલાતાં નથી મંડળી એક જ છે. તેનો પાયો એક જ છે. તેનો વિશ્વાસ એક જ છે. મંડળીનો શિરપતિ એક જ છે. તેનું કાર્ય એક જ છે.

આજે જોવામાં આવતા ફાંટા–વાડા અને મિશન સંસ્થાઓ તે તો શેતાનને આભારી છે. ઈશ્વરે, પ્રભુ ઈસુ ખ્રિસ્તે તો માત્ર ઘઉં એકલા જ વાવ્યા હતા, પરંતુ શેતાન ચૂપકીદીથી તેમાં કડવા દાણા વાવી ગયો. જ્યારે તે ઊગ્યા ત્યારે જ ખબર પડી કે ઘઉંની સાથે કડવા દાણા પણ છે. પણ હવે કડવા દાણા ઉખાડી નાખવાનું સહેલું નથી; કારણ કે ઘઉં અને કડવા દાણાના છોડમાં અને દરેક બાબતમાં એટલું બધું સામ્ય અને સરખાપણું છે કે ફળ આવતાં સુધી હવે રહેવા જ દેવા પડે. કાપણી વખતે જ જુદા પડાશે.

મિશનો-વાડા-સંસ્થાઓમાં ધઉં અને કડવા દાણા ભેગા હોવાથી જ ઘર્ષણ-ખેંચતાણ ચાલ્યા જ કરે છે. સુવાર્તાની ઊણપ હોવાથી સુવાર્તાપ્રચાર નબળો પડયો છે. બીજા ક્ષેત્રો સમાજસેવા તરફ ઝોક વધ્યો છે.

ખ્રિસ્તી મંડળીનો નમૂનો તો...ગીત. ૧ : ૧-૨

અલગતા-જુદાપણું-દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી. પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી; નિંદાખોરો સાથે બેસતો નથી.

**સંબંધ કર્તવ્ય :** નિયમશાસ્ત્રથી હર્ષ પામે છે. રાત દિવસ નિયમશાસ્ત્રનું મનન કરે છે. પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે... આજ ક્રમ પ્રત્યેક વ્યક્તિનો અને આખી મંડળીનો છે.

હવે આપણે ખ્રિસ્તી મંડળીની કેટલીક વિશિષ્ટતાઓ વિષે જોઈએ......

**૧. મંડળીનો પાયો :** (૧ કરિંથી. ૩ : ૧૦-૧૧).

ઈસુ ખ્રિસ્ત અને તેના પરનો વિશ્વાસ એ પાયો છે. "આ પથ્થર ઉપર હું મારી મંડળી બાંધીશ" પથ્થર-ખડક તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે છે (માત્થી ૧૬ : ૧૮; ૧ પીતર ૨ ; ૪-૯). ઈસુ ખ્રિસ્તે પોતે પોતાના લોહીથી મંડળી માટે મૂલ્ય ચૂકવ્યું છે.

**૨. પાયાના મુખ્ય થાંભલા :** (રૂમી. ૮ : ૩૪)

પાયાના ખૂણાના ચાર મુખ્ય થાંભલા છે.

(I) ઈસુ ખ્રિસ્ત મરાયો-દટાયો. (II) ખ્રિસ્ત ઉત્થાન પામ્યો. જીવિત થયો. તે આપણા ઉત્થાનનું પ્રથમ ફળ થયો. (III) તે આપણા માટે જગા તૈયાર કરવા ગયો. બાપના જમણા હાથે બેસીને તે આપણા માટે મધ્યસ્થી કરવા ગયો. (IV) તે આપણને તેની સાથે લઈ જવા પાછો આવનાર છે. જેથી સર્વકાળ આપણે તેની સાથે રહીએ.

**૩. મંડળીનું બારણું :** (યોહાન ૧૦ : ૭, ૨૭–૨૯)

નવો જન્મ–તારણ હંમેશાં અને સર્વ માટે ખુલ્લાં છે. પસંદ કરાયેલાં આજ બારણેથી અંદર દાખલ થઈ શકે છે. સુવાર્તા–તારણનો સંદેશો, વિશ્વાસ કરનારને જીવનની સુવાસ અને જીવનદાયક છે. પણ વિશ્વાસ નહિ કરનારને તે નાશકારક છે (૧ કરંથી. ૧ : ૧૮).

**૪. એક જ ટોળું :** (યોહાન ૧૦ : ૧૬)

ન્યાત–જાત, ઊંચ–નીચ, ગરીબ–તવંગર, કાળા–ધોળા, શેઠ–ચાકર, સ્ત્રી–પુરુષ, કશા જ ભેદભાવ વગર ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારનું એક જ ટોળું બને છે. ઈસુ ખ્રિસ્ત એ જ તેમનો સર્વમાં સર્વ બને છે (ગલાતી. ૩ : ૨૭–૨૮). પ્રત્યેક વ્યક્તિ યોગ્યતા પ્રમાણે એકબીજાની સાથે ચણાઈને એક જ ભવ્ય પવિત્ર મંદિર બને છે (એફેસી. ૨ : ૧૯–૨૧).

**૫. હાડેસની સત્તાનું જોર ચાલશે નહિ :** (માથ્થી ૧૬ : ૧૮).

ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં, બનાવો અને સમયના વહેણમાં પણ ખ્રિસ્તી મંડળી ટકી જ રહે છે. તેનો પાયો ખડક ઉપર જડેલો હોવાથી તે અડગ રહે છે. પ્રભુ પોતે જ તેનું રક્ષણ કરે છે (૨ તીમોથી ૨ : ૧૯; યોહાન. ૧૦ : ૨૯).

**૬. ખ્રિસ્તની કન્યા :** (એફેસી. ૫ : ૨૯–૩૨)

સ્ત્રી અને પુરુષના લગ્નના ઉદાહરણ પ્રમાણે મંડળી અને ખ્રિસ્ત એકબીજાનાં પૂરક હોય છે–એક છે.

પ્રત્યેક નવો જન્મ પામેલી વ્યક્તિ ઈસુ ખ્રિસ્તની કન્યા બને છે. કન્યા જેમ પુરુષની બનીને રહે છે તેમ કન્યા એક માત્ર વિશ્વાસથી પુરુષને પોતાનું જીવન સોંપી દે છે, સ્વાર્પણ કરી દે છે; એને પોતાના પતિને આધીન થઈ ને રહે છે. બધાંનો ત્યાગ કરીને પોતાના પતિને જ વળગી રહે છે.

ખ્રિસ્તી મંડળીની શું આ વિશિષ્ઠતાઓ નથી ?
ખ્રિસ્તી મંડળીના કેટલાક મર્મો પણ છે.

૧. પ્રભુ ઈસુ ખ્રિસ્ત રાતદિવસ ખોવાયેલાંને શોધવા મહેનત કરે છે. શેતાનના પંજામાંથી છોડાવવા તે તક, સમય અને પોતાનો પ્રેમ આપે છે (યોહાન ૯ : ૪). માણસના બચાવ માટે ઈશ્વર પોતે અવિરત પ્રયત્ન કરે છે.

૨. માણસો જ્યારે ઈશ્વરથી વેગળાં અને પાપમાં મરેલાં હતાં ત્યારે ઈશ્વરે કૃપા કરી (એફેસી. ૨ : ૧; માત્થી ૨૩ : ૨૭). વળી રૂમી ૫ : ૬, ૮, ૧૦ પ્રમાણે જ્યારે આપણે નિર્બળ અને ઉપાય વગરનાં હતાં, ત્યારે દેવે આપણે માટે પોતાનું બલિદાન આપ્યું. કેવી મહાન કૃપા ! આપણી અધમ અવસ્થામાંથી આપણું પરિવર્તન કર્યું. રૂપાંતર પામેલું નવું જીવન આપ્યું. કેવો ચમત્કાર ! (રૂમી. ૩ : ૧૦–૧૮; યશા. ૧ : ૫–૬).

૩. પારકા અને વિદેશીઓ હતા ત્યારે ઈશ્વરે આપણને વચન અને તેના વારસાના ભાગીદાર બનાવ્યા. (એફેસી. ૩ : ૬). તેની અખૂટ સંપત્તિ અને સ્વર્ગના અનંતકાળ સુધી ટકનારાં સુખદાયક વાનાં ભોગવનારાં બનાવ્યાં.

૪. મંડળી જીવતા ઈશ્વરની છે અને ઈશ્વરની દૃષ્ટિમાં આપણને સરખાં ગણ્યાં છે, સરખા હક્ક અને કામગીરી આપી છે. (માત્થી ૨૮ : ૧૮–૨૦; પ્રે. કૃ. ૧ : ૮).

૫. તમે મારા સાક્ષી થશો (લૂક ૨૪ : ૪૮; પ્રે. કૃ. ૧ : ૮). જેઓ દુશ્મનો હતા, તે જ ઈશ્વરના પક્ષના પ્રખર સાક્ષીઓ બને છે. પોતાના જીવ પણ હોડમાં મૂકે છે. શું આ મર્મ નથી ?

૬. 'ધન્ય ઘડીની આશા'—૧ થેસ્સા ૪: ૧૬–૧૮; તીતસ ૨: ૧૧–૧૫.
પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં મંડળી ઉત્થાન પામશે અને તેની જ સંઘાતે સર્વકાળ રહેશે. "ગગનમાં તેની સંઘાતે તણાઈ જઈશું."

કેવી મહાન આશા ! કેવો અકલ્પ્ય મર્મ ! કેવી નિરાંતની ઘડી !

શું આવી ખ્રિસ્તી મંડળીનાં આપણે સભ્યો છીએ ? કે પછી માત્ર કોઈ સંસ્થા – વાડા કે કોઈ પંથના, આ જગત પરની સગવડ ખાતરનાં સભાસદ છીએ.....

સંત પાઉલ ખૂબ સખત શબ્દોમાં કોરીંથ શહેરના ગણાતા ખ્રિસ્તીઓને તે ચેતવણી અને ચીમકી આપે છે. તેઓમાં ઘણા ફાંટા હતા. તેઓ પોતાને જુદા જુદા જૂથના ગણાવવામાં ગૌરવ માનતા હતા. પાઉલ તેમને ઠપકો આપતાં કહે છેઃ

"શું ખ્રિસ્તના વિભાગ થયેલા છે ?" ખ્રિસ્ત ઈસુ તો એક જ અને અખંડ છે. છતાં જ્યારે આપણે જુદા જુદા વાડા અને મિશન સંસ્થાઓ જોઈએ છીએ અને તેમાં જ, તેના જ બ ધારણમાં રચ્યાંપચ્યાં રહીએ છીએ; ત્યારે આપણે જાણતાં કે અજાણતાં ખ્રિસ્ત ઈસુના ટુકડા કરી તેને ભાંગી નાખ્યો છે અને ટુકડા વહેંચી લીધા છે. કેવી આપણી નબળી અને કંગાલ હાલત કે અખંડ ખ્રિસ્ત આપણામાં નથી (૧ કરંથી. ૧ : ૧૦–૧૭).

"ખ્રિસ્ત સર્વ તથા સર્વમાં છે" (કલોસી ૩ : ૧૧).

"તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા" (કલોસી ૧ : ૨૭)

આ કેટલો મોટો મર્મ છે !

## ૨૧. ખ્રિસ્તીઓના તહેવારો અને રીતરસમ

ખ્રિસ્તી ધર્મ એ કોઈ નિર્મિત પદ્ધતિ–રીતરિવાજ–કર્મકાંડ યજ્ઞ–અર્પણ–દાન પુન્ય–તીર્થયાત્રા વગેરેનો પંથ અગર સમાજ નથી. પંથ અગર સમાજ તે સમય અને સંજોગો પ્રમાણે બદલાતા રહે છે. પરંતુ ખ્રિસ્તી ધર્મ–માન્યતા અને વિશ્વાસ કદી જ બદલાતાં નથી જ. ગમે ત્યારે અને ગમે તેવી પરિસ્થિતિમાં તે બદલાયા વગર રહે છે. તેથી જ એ સનાતન અને સાર્વકાલિક ધર્મ છે........

વળી ખ્રિસ્તીપણું એ તો જીવનનો પ્રત્યક્ષ અનુભવ અને સંગ્રામ છે. આવા સંગ્રામમાં જોડાયેલા સૈનિકને વાર-તહેવાર-રીત રિવાજો અને પદ્ધતિઓમાં જકડાવુ-જોડાવું ફાવે જ નહિ; કારણ કોઈ પણ બે ધણીની ચાકરી કરી શકતું જ નથી. એટલા જ માટે ખ્રિસ્તી ધર્મ અને ખ્રિસ્તી મનુષ્ય તે "રસ્તો તથા સત્ય તથા જીવન" છે. આ મોટો મર્મ છે, "વા જ્યાં ચાહે ત્યાં વાય છે......ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, એ કોઈ જાણતું નથી" (યોહાન ૩ : ૮).

"એનાં બંધન છોડી નાખો અને તેને જવા દો" (યોહાન ૧૧ : ૪૪). કેમ કે ખ્રિસ્તી જીવન અને સુવાર્તા કદી અને કશા બંધનમાં નથી. પણ તે તો સામર્થ્યથી ભરપૂર, ખાતરીપૂર્વક અને ઈશ્વરના પ્રરાક્રમથી વેષ્ટિત છે (૧ થેસ્સા ૧ : ૫).

તેથી જ ખ્રિસ્તી ધર્મમાં માત્ર બે જ ક્રિયા-સંસ્કાર ઠરાવેલા છે. તે છે બાપ્તિસ્મા અને પ્રભુભોજન. વળી વારતહેવારો પણ બે જ છે. નાતાલ-ઈસુ ખ્રિસ્તનો જન્મ દિવસ અને બીજો પુનરુત્થાન-ઈસુ પ્રભુનું મરણમાંથી જીવિત થવું.

પરંતુ સૈકાઓથી ખ્રિસ્તી સમાજમાં વારતહેવાર, ક્રિયાકર્મ, રીતરિવાજો અને પદ્ધતિઓ દાખલ થતાં આવ્યાં છે; જે અઘટિત અને અયોગ્ય છે. પરંતુ આમ થવાનાં કારણ રૂપે જે જે લોકો ખ્રિસ્તી સમાજમાં જોડાતાં ગયા તે સર્વ, જુદા જુદા દેશના, ભાષાના, કુળના હતા. વળી તેમને તેમની જૂનીપુરાણી સંસ્કૃતિ-રીતરિવાજ અને પદ્ધતિઓ વગેરે હતાં જ. મનુષ્યમાત્ર એની ટેવ-ધારીથી એવું વણાઈ ગયું હોય છે કે આ રીતરિવાજો તેમની સાથે જ રહે છે. આમ ખ્રિસ્તી સમાજમાં ઉમેરાતાં હજારો મનુષ્યો અને દેશદેશાવર ફેલાતા સમાજમાં અનેક રીતરિવાજો-પદ્ધતિઓ અને વારતહેવાર પેસી ગયાં.

સુવાર્તામાં શીખવ્યા વગરના આવાં સર્વ રીતરિવાજો કે માન્યતા

એ બધાં જ વિદેશી-વિધર્મી અને મૂર્તિપૂજકોના સમૂહોમાંથી આવેલાં હતાં, જે ખ્રિસ્તી ધર્મ અને મંડળીનાં હતાં જ નહિ.

હવે આવી કેટલીક બાબતો જોઈએ-તપાસીએ......

૧. ખ્રિસ્તજયંતી-નાતાલ—

પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મદિવસ ખ્રિસ્તી મંડળી ઊજવે એ ખૂબ ઇચ્છવાજોગ અને સારું છે. જગત આખું પાપની ઊંડી ખાઈમાં ડૂબી રહ્યું હતું, બચવાની કોઈ આશા રહી નહોતી, ત્યારે જગત ઉદ્ધારક પ્રભુ ઈસુ ખ્રિસ્ત માનવ સ્વરૂપમાં જન્મ્યો. એ આનંદની વધામણીના દિવસને કોણ ના ઊજવે!

પરંતુ કેટલાક કહેવાતા જ્ઞાની મનુષ્યો અને ગણતરીબાજોએ તેમની ગણતરી પ્રમાણે જાહેર કર્યું છે કે ઈસુ ખ્રિસ્તનો જન્મ ડિસેમ્બર ૨૫ના રોજ થયો નહોતો, તેનાં તેઓ જુદાં જુદાં કારણો બતાવે છે. એ તેમના જ્ઞાનનો વિષય છે. પણ અજાયબ જેવી બાબત એ છે કે તેઓ આજ સુધી બીજી કોઈપણ તારીખ અગર સમય શોધી શકયા જ નથી. તેથી હું ધારું છું કે જયારે બીજી કોઈ નવી અને ચોક્કસ તારીખ અને સમય જાણવામાં આવતાં જ નથી, ત્યારે જે છે તે જ બરાબર છે. એટલે ડિસેમ્બર ૨૫મી એ ખ્રિસ્ત જન્મદિન ઊજવાય એમાં કશું જ ખોટું નથી.

જો કે પ્રેરિતોના જમાનામાં જ્યારે ખ્રિસ્તી મંડળીની સ્થાપના થઈ અને વિકાસ પામી ત્યારે આવી નાતાલની ઉજવણી થતા હોય એવો કોઈ ઉલ્લેખ શાસ્ત્રમાં મળતો નથી. પરંતુ માનવમાં તહેવારોની ઉજવણી એ આનંદ અને ઉત્તેજના લાવનાર પુરવાર થઈ છે. એ મુજબ પણ આ ઉજવણી ખોટી નથી જ. ઘેટાંપાળકો અને માગીઓ આ ઉજવણીના પ્રોત્સાહકો હતા.

હવે આ ઈસુ જન્મની ઉજવણીની રીત જોઈએ.....

**મરિયમની પૂજા—**

ઈસુ ખ્રિસ્તને જન્મ આપનાર મરિયમ પૂજાવા લાગી. આ રિવાજ બાબેલોન સંસ્કૃતિ અને ધર્મ રીતોમાંથી આવેલો છે. બાબેલનો રાજા નિમ્રોદ (ઉત્પત્તિ ૧૦ : ૮) બળવાન શિકારી અને ભ્રષ્ટ હતો. લોકોને તેની બીક અને ધાકને લીધે તેની તથા તેની રાણીની પૂજા કરતા હતા. ખ્રિસ્તી લોકો પણ ગભાણ બનાવી મરિયમને ઈસુ બાળ સાથે પૂજવા લાગ્યા. કેટલાક લોકો મરિયમને પવિત્ર–પાપ વગરની માનીને તથા તેને મધ્યસ્થી તરીકે ગણી તેના નામથી પ્રાર્થના ગુજારે છે. દરેક બીજા ધર્મો અને સંપ્રદાયોમાં દેવી પૂજા થાય છે, તેમ મરિયમની પૂજા પણ વિદેશી–વિધર્મી રીતમાંથી ઉપજાવી કાઢેલી બાબત છે. આ તદ્દન જૂઠી અને ખોટી રીત છે (૧ તીમોથી ૨ : ૫; હેબ્રી. ૭ : ૨૨–૨૫).

મરિયમની આવી પૂજા ઈ. સ. ૩૮૦ આસપાસ જોવામાં આવી એમ મનાય છે.

હવે ઈસુ ખ્રિસ્ત પછી ત્રીજા અને ચોથા સૈકામાં સૌથી વધારે આવી જૂઠી વિધર્મી માન્યતાઓ અને રીતરિવાજો, ખ્રિસ્તી કેથોલિકો સમાજમાં પેસી ગયેલા ગણાય છે.

સતાવણીના સમયોમાં વિખેરાઈ ગયેલા ખ્રિસ્તીઓ ચારે તરફ દેશ વિદેશોમાં ફેલાઈ ગયા હતા, અને ત્યાંના વસવાટ અને સહવાસથી આવી ઘણી બિનખ્રિસ્તી બાબતો દાખલ થઈ હતી.

**ક્રિસ્ટમસ ટ્રી—**

નાતાલની ઉજવણીમાં ઝાડનું મહત્ત્વ અગર સ્થાન ક્યાંય જોવા કે જાણવા મળતું નથી. પણ બાબેલથી આવેલો આ રિવાજ છે. ઝાડને શણગારવું, તેની આસપાસ નાચવું–કૂદવું અને ગરબા ગાવા; આમ ઝાડનું મહત્ત્વ અયોગ્ય છે.

**સાન્તાક્લોઝ :** નાતાલ, ભેટ-સોગાતનો દિવસ છે. એમ માનીને બાળકોને, એકબીજાને ભેટ આપવી, મોકલવી એ સારું છે, પણ સાન્તાક્લોઝ સ્વર્ગમાંથી આવીને ઇનામો વહેંચી જાય છે, એવી માન્યતા ઊભી કરવામાં દોષ છે. સંત નિકોલાસ નામના ધર્મગુરુએ આ પ્રથા શરૂ કરેલી, તેના નામ પરથી 'સાન્તાક્લોઝ' જેવી વ્યક્તિ બની-નાતાલની ઉજવણીમાં સાન્તાક્લોઝ બહુ મોટો ભાગ ભજવે છે.

આ ઉપરાંત બીજી ઘણી માન્યતાઓ અને રીતરસમોએ ખ્રિસ્તી લોકોમાં પગપેસારો કર્યો છે તે જોઈએ......

સંતો-સાધવીઓ-પ્રેરિતો વગેરેનાં પૂતળાં બનાવી તેમની પૂજા કરવી. તેમના માટે ઠરાવેલા દિવસોએ ઉજવણી કરવી. કેટલાક પુરાતન વખતના સંતોનાં મૂડદાં (Mummy) અને હાડકાં સાચવી રાખીને તેનાં દર્શન-વંદન કરવાં, દીવા સળગાવવા, માનતા માનવી. સુવાર્તાના પ્રચારક બનવા માટે સાધુ-સાધવી બનવું આવશ્યક છે. તેમણે કુંવારા-અપરિણીત રહેવું જ પડે. ઘણી પ્રકારના ત્યાગ કરીને અલાયદા રહેવું. અમુક જ પ્રકારનાં વસ્ત્ર અને ઢબનાં પહેરવાની ફરજ, જામા-ઝભ્ભા તેની પર ચોઢેલા અને લટકાવેલા વધસ્તંભ વગેરે ફરજિયાત ગણાયાં. વળી શાસ્ત્રી-ફરોશી તેમ જ વિધર્મીઓ માફક માળાઓ ફેરવવી. આવી માળા જે ઇસ્રાએલના ૭૦ વડીલો અગર ન્યાયસભા (સાન્હેદ્રીમ) ૭૦ સભ્યો મુજબ સિત્તેર મણકાની માળા હોય છે. અમુક નામનું રટણ તથા પ્રાર્થનાની ગણતરી આ માળાથી થતી.

પવિત્ર બાઇબલમાં આવા પ્રકારની કોઈપણ પ્રથાને ઉત્તેજન અપાયું નથી; બલ્કે તેવી બાબતો વિષે વિરોધ દર્શાવાયો છે.

તદ્દઉપરાંત સંતો-સેવકો અને મરી ગયેલાં સગાંઓ માટે પ્રાર્થના કરવી. વળી પાદરી પાપની માફી આપી શકે છે, તેમ ગણીને

લોકો પોતાનાં પાપ પાદરી સમક્ષ કબૂલ કરે અને પાદરી ઠરાવે તેવું પ્રાયશ્ચિત્ત કરે – કિંમત ચૂકવે તેને માફી મળી છે. એમ ઠસાવવામાં આવતું. પ્રાયશ્ચિત્તની જુદી જુદી કિંમત ચૂકવવી પડતી હતી. દરેક સભ્યે વર્ષમાં એકવાર તો માફી માગવી જ પડે. આ વગર પરગેટરી (Purgatory) સિદ્ધાંત એટલે કે મરી ગયેલાંના આત્મા અમુક જગામાં રહે છે, ત્યાં તેમને સુધરવાની અંતિમ તક અપાય છે. આ સઘળી બાબતો માણસના સંતોષ ખાતર અને ઠગાવા પૂરતી જ અપનાવાયેલી છે.

એથી વિશેષ મંત્રેલા–પવિત્ર પાણીનો ઉપયોગ – આ પાણી મીઠાયુક્ત અને પાદરીની પ્રાર્થના કરેલું હોય છે. જેના છંટકાવથી જગા–ઘર–ખેતર વગેરે શુદ્ધ–પવિત્ર થઈ જાય છે. પાદરીના આશીર્વાદ આપેલાં એવાં તાવીજ–માદળિયાં વગેરે પહેરવાં; પાદરી એકલા જ પ્રાર્થના કરાવી શકે. બાઈબલવાંચન પાદરી જ કરી શકે. કોઈ અન્ય બાઈબલ વાંચી શકે જ નહિ. તેથી પ્રાર્થના અને બાઈબલનું ભાષા માધ્યમ લૅટિન જ ગણાય. એમ બાઈબલ તે સામાન્ય માણસ માટે "Forbidden Book" મના કરેલું પુસ્તક ગણાતું.

પ્રભુભોજનની ક્રિયા, તેમાં અપાતાં રોટલી અને દ્રાક્ષારસ તે પાદરીની પ્રાર્થના કરવાથી ઈસુના શરીર અને લોહીમાં રૂપાંતર પામી જાય છે. માણસો માટે આવી ભ્રમણાજાળ બહુ ફાંદા રૂપ છે. આ સંસ્કાર દરરોજ પળાતો કરવામાં આવ્યો.

ઈ. સ. ૧૬૦૦ માં માર્ટીન લ્યુથર જે પાદરી હતો, તેણે આ બધી બાબતો નિહાળી. તેની અયોગ્યતા જાણી ત્યારે તેણે રોમન કૅથોલિક પાપાશાહી સામે વિરોધ દર્શાવ્યો અને તેમાંથી તે નાસી છૂટયો. તેણે બાઇબલનાં વચનો જાહેર કર્યાં. લોકમત જાગૃત કર્યો અને રોમન કૅથોલિક દોરવણી–રીતરસમ અને સઘળી બિનઉપયોગી

બાબતો સામે બળવો પોકાર્યો; આવો બળવો કરનારા 'Protestant' પ્રોટેસ્ટંટ કહેવાયા. પણ સ્વભાવને આધીન અને ભૂલકર્ણા મનુષ્યો ફરી પાછાં આ દૂષણો તરફ વળ્યાં, જે આજે પણ જોવાય છે.

હવે વહાલાંઓ, ખ્રિસ્ત ઈસુ વિષેનાં મૂળતત્ત્વો અને સુવાર્તાની સત્યતાથી વિરૂદ્ધની સઘળી માન્યતા–રીતરસમ અને જેનાથી તારણ નથી, તેવાં સઘળાં નિર્જીવ કામોને તજી દઈએ. કારણ, આવી બાબતોથી જ શેતાને ખ્રિસ્તીઓને વિખેરી નાખ્યા છે. ખ્રિસ્તીઓ આવી બિનજરૂરી માન્યતાઓને તેમ જ રીતોને મહત્ત્વ આપીને અનેક વાડાઓમાં વહેંચાઈ ગયા છે. માટે આપણે દરેક જાતના બોજા તથા વળગી રહેનાર પાપ નાખી દઈને આપણે સારુ ઠરાવેલી શરતમાં ધીરજથી દોડીએ; અને જે ઐક્ય એટલે કે એક શરીર, એક આત્મા, એક પ્રભુ, એક વિશ્વાસ, એક બાપ્તિસ્માના તેડાને યોગ્ય થઈએ, જેથી આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ઈસુ ખ્રિસ્ત તરફ લક્ષ રાખીએ.

# ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટી

## — પ્રકાશનો —

| | |
|---|---|
| ૧. આત્મિક સંસાર | ૨–૦૦ |
| ૨. દાનિયેલનું પુસ્તક | ૨–૦૦ |
| ૩. બાઇબલ અભ્યાસ ભાગ–૧–૨–૩–૪–૫–૬ | ૧૮–૦૦ |
| ૪. અનોખી ઇઝરાયલ પ્રજા (છપાશે) | ૨–૦૦ |
| ૫. યરૂશાલેમનું મંદિર બંધાશે ! ક્યારે ? ક્યાં ! કેમ ? (પ્રેસમાં) | ૨–૦૦ |
| ૬. ઝબકાર અને ઝાંખી | ૪–૦૦ |
| ૭. વાટને વિસામે | ૩–૦૦ |
| ૮. સૌથી મહાન વિજેતા | ૨–૦૦ |
| ૯. બેહૂનર–ઐતિહાસિક નવલકથા–પુનઃમુદ્રણ | ૩–૦૦ |
| ૧૦. અંતરના અજવાળાં (બોધદાયી વાર્તા) | ૩–૦૦ |
| ૧૧. અજાયબ ભવિષ્ય વચનો મુક્તિ યોજનાનાં સાત પર્વ | ૩–૦૦ |
| ૧૨. કબરને પેલે પાર | ૧–૫૦ |
| ૧૩. યુવાવસ્થા સોનાની ખાણ | ૨–૦૦ |
| ૧૪. નિર્મળા | ૩–૦૦ |
| ૧૫. યોનેકો-પ્રસન્નતાની પુત્રી | ૪–૦૦ |
| ૧૬. રશિયા, ઇઝરાયલ અને બાઇબલ | ૫–૦૦ |
| ૧૭. ભજનસંગ્રહ | ૧૫–૦૦ |
| ૧૮. વહાલાં પંખીડાં | ૩–૦૦ |
| ૧૯. રાજરાજેશ્વર | ૭–૦૦ |
| ૨૦. એક યોગીનો નવો જન્મ | ૭–૦૦ |
| ૨૧. જીવનનાં જળ | ૩–૦૦ |
| ૨૨. આતમનાં ઓજસ | ૩–૦૦ |
| ૨૩. મુક્તિને માર્ગે | ૩–૦૦ |

**પ્રેસમાં :**

યાત્રાકારી

શુદ્ધપ્રયુદ્ધ

બાઇબલ માહિતી કોશ